# 5

# ॥ રાવણ-મંદોદરી ભક્તિ અને ધરણેન્દ્ર સંવાદ ॥

પુષ્પક વિમાનમાંથી રાવણનું અંતઃપુર... પરિવાર વગેરે રાવણની પાસે ઉપસ્થિત થઈ ગયો. બધાની સાથે ત્યાંથી અષ્ટાપદ પર્વત પર ભરતેશ્વરે નિર્માણ કરેલા અનુપમ જિનચૈત્યો તરફ ગયો. ચન્દ્રહાસ વગેરે શસ્ત્રોને બહાર મૂકી તે અંદર ગયો. ઋષભદેવથી માંડી વીર-વર્ધમાનસ્વામી પર્યન્ત ચોવીસે તીર્થંકરોની અષ્ટપ્રકારી પૂજા કરી.

પછી શરૂ કરી ભાવપૂજા. રાવણ વીણા વાદનમાં અને મંદોદરી નૃત્ય કરવામાં કુશળ હતાં. રાવણે હાથમાં લીધી વીણા. વીણાના તાર ઝણઝણી ઊઠ્યા. અંતઃપુરની રાણીઓએ ઝાંઝરના ઝમકાર સાથે કોકિલા કંઠના કમનીય સૂરો છેડ્યા ...વીણાના સૂરો સાથે કંઠના સૂરોનું મિલન થયું... અને ભક્તિરસની છોળો ઊછળવા માંડી. આ બાજુ મંદોદરી પ્રભુની નૃત્યભક્તિમાં અને રાવણ વાદ્યભક્તિમાં લયલીન બને છે ત્યાં જ વીણાનો એક તાર તૂટે છે, મંદોદરીની નૃત્યભક્તિમાં ભંગ ન પડે એટલે સિદ્ધ થયેલી 'લઘુલાઘવી વિદ્યા' દ્વારા રાવણે પોતાની જાંઘમાંથી એક નસ કાઢીને તૂટેલા તંતુને સાધે છે, અને વીણાવાદન ચાલુ રાખે છે.

સમય વીતતો જાય છે... રાવણના દિલનું દર્દ દીનાનાથના દિલને ભીંજવી દેવા મથી રહ્યું છે... રાવણની સૃષ્ટિમાં ફકત નાથ તીર્થંકરદેવ સિવાય કોઈ નથી. પરમાત્મસૃષ્ટિની પરમ માધુરીમાં મસ્ત બની રાવણ ડોલી રહ્યો છે.

આ પ્રસંગને વર્ણવતા પઉમચરિઉં ના કર્તા આ. વિમલસૂરિ સજ્ઝાયમાં કહે છે કે,

કરે મંદોદરી રાની નાટક
રાવણ તંત બજાવે રે,
મૃદંગ વીણા તાર તંબુરો
પગરવ ઠમ ઠમકાવે રે. ...૧

ભક્તિ ભાવે નાટક કરતાં
ટૂટી તંત વિચારે રે,
સાંધી આપ નસે નિજકરથી
લઘુ કળા તત્કાળે રે. ...૨

દ્રવ્ય ભાવ ભક્તિ નવી ખંડી
તોય અક્ષય પદ સાધ્યો રે,
સમકિત સુરતણું ફળ પામીને
તીર્થંકર પદ બાંધ્યું રે. ...૩

---

Ravan Mandodari Bhakti-Dharnendra Samvad Upcoming Vol. XXI

આ સમયે જ અન્ય દેવતાઓથી પરિવરેલા પાતાળલોકના ઇન્દ્ર ધરણેન્દ્ર અષ્ટાપદ તીર્થમાં પ્રભુભક્તિ કરવા આવે છે. ધરણેન્દ્ર બહારથી મધુર વીણાવાદન સાંભળે છે. દરવાજાની અંદર જઈને જુએ છે તો લંકાપતિ રાવણ વીણા વગાડી રહ્યા હતા અને મંદોદરી નૃત્ય કરી રહી હતી. ભક્તિમાં લયલીન થયેલા તે બંનેને જોઇને ધરણેન્દ્ર વિચારે છે કે, અત્યારે જો દેવતાઓ સહિત અંદર દાખલ થઈશ તો ભક્તિમાં ભંગ પડશે, આવું વિચારી વિવેકી ધરણેન્દ્ર રાવણની ભક્તિ પૂર્ણ થાય ત્યારે જ અંદર જવું તેવો નિર્ણય કરે છે.

આથી તે દિવ્યપુરુષ જિનાલયના એકાંત ખૂણામાં ઉભા-ઉભા રાવણ-મંદોદરીની જિનભક્તિમાં લીન બની ગયો. એ પણ તીર્થની યાત્રા કરવા માટે આવ્યો હતો. પરંતુ જ્યાં તેણે જિનાલયના ભવ્ય દ્વારમાં પ્રવેશ કર્યો ત્યાં જ તેના કાને દિવ્ય ભાવપૂજાના સૂરો પડયા.. પછી તો એ ધીમે પગલે એવી રીતે અંદર પ્રવેશ્યો કે કોઈ જાણી ન શકે. રાવણે જ્યાં પૂજા પૂર્ણ કરી ત્યાં ધરણેન્દ્ર બોલ્યો :

'રાવણ ! કમાલ કરી તે ! અરિહંતના ગુણોનું જે તેં કીર્તન કર્યું, તે અદ્ભૂત છે ! તારા પર હું તુષ્ટ થઈ ગયો છું !'

'ના રે ના. હું શું સ્તવના કરી શકું ? હું તો મારા ભાંગ્યાતૂટ્યા...'

'ના ના. તે તને શોભે એવી ભવ્ય ભક્તિનું ફળ મોક્ષ છે. છતાં તું કહે : હું તને શું આપું ? તું કંઈક મારી પાસે માંગ.' ધરણેન્દ્રે ખૂબ પ્રસન્ન મુખે રાવણને કહ્યું,

'નાગેન્દ્ર ! ત્રિલોકપતિની ગુણસ્તુતિથી તમે પ્રસન્ન બનો તે યોગ્ય જ છે ! સ્વામીનો ભકત સ્વામીના ગુણો સાંભળીને હસે જ, નાચે જ ! બાકી તો હે ધરણેન્દ્ર ! પ્રસન્ન બનીને તમે મને વિભૂતિ આપવા ઉત્કંઠિત બન્યા છો તે તમારી સ્વામીભક્તિનો ઉત્કર્ષ સૂચવે છે, જ્યારે હું જો એ લઉં તો મારી સ્વામિભક્તિનું હીણપણું લાગે !'

રાવણની નિઃસ્પૃહતા પર ધરણેન્દ્ર તાજ્જુબ બની ગયો. 'દશમુખ ધન્ય છે તારી નિઃસ્પૃહતાને ! હું તારા પર અધિક તુષ્ટ બન્યો છું... તારી નિઃસ્પૃહતાને નતમસ્તકે વારંવાર અનુમોદું છું !' કહીને ધરણેન્દ્ર રાવણને 'અમોઘ-વિજયા' નામની બહુરૂપકારિણી વિદ્યા આપી અને ત્યાંથી ચાલ્યો ગયો.

નિરાકાંક્ષભક્તિનો આદર્શ આપનાર દશમુખનું કેવું ઉજ્જવલ આત્મત્વ ! પ્રભુભક્તિ એટલે બજારમાં સોદો કરવાની વસ્તુ નથી, એ વાત રાવણના અંતઃસ્તલમાં કેવી અંકિત થઈ ગઈ હશે ? જગતની તમામ ભૌતિક વસ્તુઓનાં મૂલ્ય કરતાં પરમાત્માની ભક્તિનું મૂલ્યાંકન એને હૈયે કેવું ચઢિયાતું વસ્યું હશે ? પરમાત્માની ભક્તિથી જગતની કોઈ પણ સમૃદ્ધિ ખરીદવાનો નાનો શો પણ ખ્યાલ એના મનમાં ન હતો, તે શું રાવણની ઉત્તમતા પુરવાર કરવા સમર્થ નથી ? અહીં રાવણને અમોઘવિદ્યા વરી.

આમ રાવણ-મંદોદરી અદ્ભુત પ્રભુભક્તિ કરી અષ્ટાપદથી પરત આવ્યાં.

**Ravan Dharnendra Samvad Upcoming Vol. XXI**

6

# ॥ રાણી વીરમતી ॥

દમયંતીના લલાટ પ્રદેશ પર સ્વાભાવિક જ વિશિષ્ટ તેજ હતું. જેના મૂળમાં પૂર્વ ભવનો અષ્ટાપદ સાથે સંકળાયેલ પ્રસંગ શ્રી માણિક્યસૂરિ કૃત નલાયનંમાં જોવા મળે છે. જેના અનુવાદ રૂપે દમયંતી ચરિત્રનો અંશ અત્રે સંદર્ભ રૂપે આપવામાં આવ્યો છે.

## નલ રાજાનો પૂર્વભવ

પ્રણામ કરીને નલ રાજા પોતાની પત્ની દમયંતી સાથે મુનિવરની સમક્ષ ઉભા રહ્યા ત્યારે મુનિવરે નિર્મળ વાણી વડે કહ્યું કે- ''હે રાજન્ ! જેમ કર્પૂરમાં આપેલી પુષ્પની સુવાસ શોભે છે તેમ સ્વભાવથી ભવ્ય એવા આપને અપાતી ધર્મદેશના શોભાસ્પદ બનશે. વૈભવથી પરિપૂર્ણ રાજ્ય, ભક્તિપરાયણ સ્ત્રી, ધર્મવાસનાથી વાસિત મન, આ જો હોય તો વધારે વિચારવાનું શું હોઈ શકે ? હે રાજન્ ! હું દમકનો ગુરુભાઈ, સત્ય વચન બોલનાર, સાર્થક નામવાળો શ્રુતસાગર એ નામથી પ્રસિદ્ધિ પામેલ મુનિ છું, તો હવે વધારે કહેવાથી શું ? તમને બંનેને મારા આશીર્વાદ છે કે તમારી જેવા ધર્મતત્પર અન્ય રાજાઓ થાઓ !'' આ પ્રમાણે બોલતા તે મુનિવરને વિદ્વાન, શત્રુઓને પ્રલયકાળના અગ્નિ સરખા, કમળ જેવા મુખવાળા, ચિત્તને હરણ કરતાં નલરાજાએ અંજલિ જોડવાપૂર્વક કહ્યું કે- ''હે પૂજ્ય ! હું ધન્ય છું. મેં આજે સર્વ જીતી લીધું છે કે જેને આપ જેવા નિર્મોહી મુનિવર સત્કારે છે. મેં કલિને જીત્યો, પ્રિયાને પ્રાપ્ત કરી, ભરતભૂમિને જીતી લીધી. આ સર્વ ક્રિયાથી મને જે હર્ષ નથી થયો તેથી વિશેષ હર્ષ આપની મારા પ્રત્યેની કૃપાથી થયો છે. હે પૂજ્ય ! સર્વ પ્રકારે દમયંતી માનવી હોવા છતાં તેના લલાટપ્રદેશમાં અસાધારણ પ્રકાશવાળું આ તિલક શા માટે ? મને દમયંતી સાથે કેટલાક સમય પર્યન્ત વિયોગ શા માટે થયો ? અને કયા કારણથી મને ભરતક્ષેત્રનું ઐશ્વર્યસ્વામીપણું પ્રાપ્ત થયું ?'' ઉપર પ્રમાણે પ્રશ્ન કરતાં નલરાજાને શ્રુતસાગર મહામુનિઓ જણાવ્યું કે— ''જે ઘટના જે પ્રમાણે છે તે પ્રમાણે હું આપને જણાવું છું તો તે આપ સાંભળો. કેવળજ્ઞાન સરખા પરમાવધિ જ્ઞાનને લીધે લોક તેમજ અલોકને વિષે મારાથી ન જાણી શકાય તેવી કોઈ પણ વસ્તુ નથી, અર્થાત્ હું સમસ્ત વૃત્તાંત જાણી શકું છું.

''પૂર્વે મમ્મણ નામનો પ્રચંડ પરાક્રમી, શ્રીમાન અને વીર રાજવી થયો હતો તેને વીરમતી નામની રાણી હતી. તે રાજા માત્ર બલીષ્ઠ, દાનવીર, યુવાન તેમજ ધૈર્યશાલી હતો, પરન્તુ અનાર્ય દેશમાં જન્મવાને કારણે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજતો ન હતો. એકદા, શિકારમાં આસકત તે રાજા અશ્વ

Rani Virmati Upcoming Vol. XXI

પર ચડીને, ખભા પર ધનુષ ભરાવીને વનપ્રદેશમાં સ્વેચ્છાપૂર્વક ભ્રમણ કરી રહ્યો હતો. મહાશિકારરૂપી ભૂત-ગ્રહથી વ્યાકુળ બનેલા તે રાજાને, અષ્ટાપદ તીર્થે જતો સાર્થ મળ્યો. તે સાર્થને વિષે વિચિત્ર વેષ ધારણ કરનાર, વિવિધ પ્રકારનાં વાહનોમાં બેઠેલા, સ્તુતિપાઠકોથી વખાણવા લાયક એવા ઘણા ભવ્ય પુરુષો હતા. દાણ (જગાત) આપનારા તે સર્વને છોડી દઈને અનીતિરૂપી નદીમાં રહેતા ગ્રાહ (જળજંતુ, હસ્તીને પણ પકડી લેનાર) સરખ તે મમ્મણ રાજાએ સાર્થની મધ્યમાં રહેલા મુનિવરને પકડી લીધા. મુનિવરને મુક્ત કરાવવાને માટે કોઈ પણ શક્તિમાન થઈ શકયું નહિ. હંમેશાં શક્તિ-પરાક્રમ સમાન બળવાળા પ્રત્યે દાખવી શકાય છે, પરન્તુ પોતાના કરતાં અત્યંત બળવાન પ્રત્યે કોણ બળ દાખવી શકે ? બળપૂર્વક તે સાર્થને તે સ્થળમાંથી બહાર કાઢી મૂકીને ક્રોધ યુક્ત દષ્ટિવાળા તે રાજાએ ઝેરી દષ્ટિથી તે મુનિને લાંબા સમય સુધી નિહાળ્યા.

પૃથ્વી પર શય્યા (સંથારો) કરવાના કારણે તે મુનિને બેડોળ અને કઠોર શરીરવાળા જોઈને ‘‘આ મુનિ બીભત્સ (ગંદા-મલિન) છે.’’ એમ બોલીને તેણે તે મુનિવર પ્રત્યે કૂતરાઓ છોડી મૂકયા. જેમ કુહાડા વડે વૃક્ષને છેદી નાખવામાં આવે તેમ તે રાજાએ કૂતરાઓના વજ્ર જેવા કઠોર દાંતોથી મુનિના શરીરને ફાડી નખાવવાનું શરૂ કર્યું, પરંતુ વજ્રઋષભનારાચ સંઘયણવાળા તે મુનિએ સમતાભાવથી તેમજ ઉત્સાહપૂર્વક તે દુઃખ સહન કર્યું. શાપને બદલે ઘાયલપણાને-કોઈ પોતાને ઘાયલ કરતો હોય ત્યારે મૃત્યુને સમયે સંયમની રક્ષાને ઇચ્છતા સાધુપુરુષો લાભને જ પ્રાપ્ત કરે છે. મનુષ્યોથી વંદાયેલા મુનિવર પ્રત્યે કૂતરાઓને છોડીને મમ્મણ રાજવી પણ વૃક્ષની નજીકમાં રહેલા પોતાના તંબૂમાં બેઠો તે સમયે તેની રાણી વીરમતી પોતે ભેરી વગાડતા અનેક શખ્સોની સાથે તે સ્થળે આવી પહોંચી. રાજા ભોજન કરી રહ્યા બાદ, નીચે બેઠેલી તેમજ ખંજન નામના પક્ષીની જેવી આંખોવાળી વીરમતીએ પોતાની નજર સમક્ષ તેવા પ્રકારની અવસ્થામાં તે મુનિવરને નિહાળ્યા. તે મુનિવરને જોઈને જાણે જલ્દી પોતાનું સર્વસ્વ લુંટાઈ ગયું હોય તેવી, વ્યગ્ર ચિત્તવાળી, જલ્દી ઊભી થયેલી, પવિત્ર આચરણવાળી તેણીએ કૂતરાઓને દૂર કરીને, રુધિરથી ખરડાયેલા શરીરવાળા તે મુનિવરને પડેલા કષ્ટ માટે લાંબા સમય સુધી અત્યંત શોક કર્યો. ‘‘આ કઈ જાતની મનુષ્ય-મૃગયા (શિકાર) ! આ પ્રમાદને ધિક્કાર હો ! હે દેવ ! કોણ આવી દુર્બુદ્ધિવાળો હશે ? અત્યંત પવિત્ર કલ્પવૃક્ષના ટુકડા કરી નાખવામાં આવ્યા છે અને ચિંતામણિ રત્ન સમાન આ મુનિને કઠણ પત્થરો વડે ચૂર્ણ કરી નાખવામાં આવ્યા છે. જો ક્રોધે ભરાયેલા આ મુનિવરે આપને શાપ આપ્યો હોત તો આ અવસરે આપની શી સ્થિતિ થાત ? તો ચાલો, વિશ્વજનથી વંદાવા લાયક, નિષ્કલંક યશવાળા, ક્ષમાને ધારણ કરનાર આ પૂજ્ય મુનિવરને અંતઃકરણપૂર્વક પ્રણામ કરો.’’

ઉપર પ્રમાણે વીરમતીથી પ્રતિબોધાયેલો હિમગિરિશૃંગનો રાજા (મમ્મણ), મુનિવર પ્રત્યે અધિક ભક્તિયુક્ત બનીને, કૂતરાના સમૂહે ભરેલા બટકાઓની પીડાને દૂર કરવાને માટે પ્રયત્નશીલ બન્યો.

ત્યારબાદ શાંત બનેલા રાજાને નમસ્કાર કરીને વીરમતીએ પોતાની લબ્ધિથી પોતાના થુંક વડે જ તે મુનિવરના શરીરને પૂર્વે જેવું હતું તેવું જ બનાવી દીધું. તે પ્રકારના આશ્ચર્યને જોઈને મનમાં વિસ્મય પામેલ મમ્મણ રાજા પોતાના કર્તવ્યથી પોતાની મૂઢતાનો શોક કરવા લાગ્યા. બાદ વિલાપ કરતા રાજાને તે નિર્મોહી મુનિવરે જણાવ્યું કે– ‘‘હે રાજન્ ! તમે ખેદ ન પામો. હું હવે પીડા રહિત બન્યો છું. મારા તરફ જાુઓ. તારા જેવો રાજા મનુષ્યરૂપી વૃક્ષના ધર્મરૂપી ફૂલને જાણતો નથી તે જ હકીકત મને ખેદ ઉપજાવી રહી છે. મહાત્મા પુરુષ દ્વારા સર્વને ધર્મની પ્રાપ્તિ થાય છે, જ્યારે

ખરેખર ખેદની વાત છે કે— કરેલા આચરણથી તેં મારા દ્વારા જ પાપનું ઉપાર્જન કરેલ છે. રાજાઓને માટે અંતઃપુર કે નગર સર્વ સરખું જ છે. અપરાધ વિના પણ પીડા આપનાર તેઓની (રાજાઓની) શી ગતિ થાય ? ખરેખર, દાંતો વડે તૃણને ગ્રહણ કરતાં શત્રુને પણ લોકો હણતા નથી તો ઘાસ ખાનારા પ્રાણીઓને વિવિધ પ્રકારના શસ્ત્રો વડે શા માટે હણવા જોઈએ ? ખરેખર, વિશ્વ અરાજકતાથી ભરેલું છે; શરણ વિનાનું છે. બળવાન અજ્ઞાની જીવોથી નિર્બળ પશુઓ શા માટે હણતા હશે ? કલાવતી વિગેરે સતીઓ અને મિત્રાનંદ વિગેરે પુરુષોએ અલ્પ હિંસા માત્રથી દુસ્તર સાગર જેવું દુઃખ પ્રાપ્ત કર્યું હતું. બ્રહ્માનું મસ્તક કાપી નાખવાથી ખોપરીમાં ભિક્ષા ગ્રહણ કરતા, દીન અને નગ્ન શંકર પણ ઘણા સમય સુધી નચાવાયા છે. શું ખાવા લાયક બીજા પદાર્થો નથી ? અથવા તો શું પવનથી જીવી શકાતું નથી ? જીવહિંસા કરીને પોષણ પામતાં જીવિતથી શું ? કરોડો ભવે પણ ન મળી શકે તેવા આ રમણીય માનવ-ભવને પ્રાપ્ત કરીને જે પ્રાણી વિષયનો ત્યાગ કરતો નથી તે નૌકામાં બેસવા છતાં ડૂબે છે.''

આ પ્રમાણે બોલતાં શ્રુતસાગર મુનિવરના વચનોથી મોહનો ત્યાગ કરીને મમ્મણે વાસ્તવિક ધર્મ પ્રાપ્ત કર્યો. રાણી વીરમતી સાથે શ્રાવક ધર્મ સ્વીકારીને પવિત્ર બુદ્ધિવાળો મમ્મણ રાજવી મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરીને, બે હાથ જોડીને કહેવા લાગ્યો કે- ''હે પૂજ્ય ! મારા જેવા દુર્બદ્ધિ, દુરાત્મા, અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલા દુષ્ટ પ્રાણીઓને માફ કરો હે પૂજ્ય ! એક વનમાંથી બીજા વનમાં પરિભ્રમણ કરતાં આપ કઈ તરફ જઈ રહ્યા હતા તે મને જણાવો મૂઢ બુદ્ધિવાળા મેં આપને અહીં લાંબા સમય સુધી રોકી રાખ્યા છે.'' મુનિવરે જણાવ્યું કે— ''હે ભાગ્યશાલી ! સાંભળ, વિશ્વને વિષે પ્રસિદ્ધ અષ્ટાપદ નામનું તીર્થ છે. તે પર્વતના સુંદર શિખર પર ભરત ચક્રવર્તીએ બનાવેલ, તીર્થંકર ભગવંતોની મૂર્તિઓ યુક્ત સિંહનિષદ્યા નામનો જિનપ્રાસાદ છે, વર્તમાનકાળે તે પર્વત પર ચઢવાનું મનુષ્યો માટે અશકય છે; કારણ કે તે પર્વતના આઠ પગથિયા એક એક યોજની ઊંચાઈવાળા છે. કાળના પ્રભાવથી અત્યારે આ સમયના પ્રાણીઓ માટે તે તીર્થની તળેટીનો સ્પર્શ કરવાથી તીર્થયાત્રાનું ફળ મળે છે. જે કોઇ તે અષ્ટાપદ પર્વત પર જઇને, અરિહંત પરમાત્માઓની પ્રતિમાઓને વાંદે છે તે પ્રાયઃ આઠ ભવમાં મોક્ષની પ્રાપ્તિ કરે છે. આરાધના કરવાથી પ્રસન્ન બનેલી શાસનદેવીની કૃપાથી જ કોઈક વિરલ વ્યક્તિને તે તીર્થ યાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે; તો હે રાજન્ ! હું અષ્ટાપદ પર્વત પ્રત્યે જવાને ઇચ્છું છું. આરંભેલા કાર્યની પૂર્ણાહુતિ સિવાય મન સંતોષ પામતું નથી. મારી યાત્રામાં થયેલો આ અંતરાય મારા માટે સફળ બનેલ છે, કારણ કે તને પ્રતિબોધ આપવાથી મેં મહાપુણ્ય ઉપાર્જન કરેલ છે.''

મુનિવરને તીર્થયાત્રાએ જવાની ઇચ્છાવાળા જાણીને મમ્મણ રાજાએ આગળ ગયેલા સાર્થને રોકવા માટે પોતાના માણસોને મોકલ્યા. ભક્તિપુરસ્સર તે મુનિવરની સાથે ચાલને, તેમને સાર્થ સાથે ભેગા કરીને, તેમને નમસ્કાર કરીને મમ્મણ રાજા પાછો વળ્યો. ત્યારથી પ્રારંભીને ચક્રવર્તી સરખો મમ્મણ રાજા, પોતાની રાણી વીરમતી સાથે ગીતાર્થ મુનિવરોની સેવા-શુશ્રૂષા કરતો કરતો ધર્મકૃત્યો કરવા લાગ્યો. અણુવ્રતાદિ ધર્મરૂપી જળના તરંગોથી નિરંતર આર્દ્ર મનવાળી વીરમતીએ અષ્ટાપદ પર્વત પર રહેલ ચૈત્યને, દેવીની માફક વંદન કરવાની ઇચ્છા કરી. તે કાર્યની પૂર્તિ માટે વાહન દ્વારા તે સ્થળે પહોંચવું અસાધ્ય જાણીને, તેણીએ શાસનદેવીની સહાયથી તે કાર્યની સફળતા ઇચ્છી. તે સમયથી મમ્મણ રાજવીની સેનાએ શાસનદેવીની આરાધના માટે તેમની વિધિપુરસ્સર મૂર્તિ બનાવી અને સમાધિભાવમાં રહીને ભાવ પૂજા શરૂ કરી.

દાભના સંથારા પર સૂતેલી અને શાસનદેવીને તુષ્ટ કરતી વીરમતીના આ પ્રમાણે કેટલાક દિવસો વ્યતીત થઈ ગયા. અષ્ટમી તથા પૂર્ણિમાના દિવસે રાત્રિજાગરણ કરતી તેણી મનોહર ગીતો દ્વારા ત્રણે કાળ આરતિ ઊતારવાપૂર્વક દિવસો પસાર કરવા લાગી. વીરમતી હજારો કન્યાઓને વસ્ત્રો તથા અલંકારો તેમજ મહર્ષિઓને ભક્તપાન આપતી હતી. જેનો કલેશ નાશ પામ્યો છે તેવી અને અખંડિત બુદ્ધિવાળી તથા પ્રયત્નશીલ તેણીએ પચ્ચીશ ઉપવાસ કર્યાં.

વીરમતીની તપશ્ચર્યાથી તુષ્ટ બનેલી શાસનદેવીએ પ્રત્યક્ષ થઈને નિર્મળ વાણીવડે કહ્યું કે– ''હે પુત્રી ! તેં જે આ ઉગ્ર તપશ્ચર્યા કરી છે તે ખરેખર કમળના પાંદડાંથી લોઢાનો ભાર ઉપાડવા જેવું કાર્ય છે. હે કૃશાંગી ! જેમ ચંદન વૃક્ષની મંજરીની સુવાસથી તેને જેમ નાગણી વશ બની જાય તેમ આ તારી તપશ્ચર્યાથી હું તારે આધીન બની છું. હે કમળ જેવા નેત્રવાળી વીરમતી ! હું શીઘ્ર તારી ઇચ્છા પૂર્ણ કરું છું તો હે કૃશોદરિ ! તૈયાર થા, સમય વ્યતીત કરવાની જરૂર નથી.''

બાદ તૈયાર થયેલ વીરમતીની પ્રશંસા કરતી શાસનેદવી તેને પોતાના વિમાનમાં બેસાડીને અષ્ટાપદ પર્વત પર લઈ ગઈ. આઠ યોજન ઊંચા અને આઠે દિશાઓમાં પ્રસિદ્ધિ પામેલ તે અષ્ટાપદ પર્વતને તેણીએ સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કર્યાં. '' ખરેખર, તે ભરત મહારાજા સામાન્ય મનુષ્ય જણાતા નથી, કારણ કે જેમનો દિવ્ય યશ હજી સુધી વિશ્વને વિષે વર્તી રહ્યો છે.'' આ પ્રમાણે અંતઃકરણમાં વિચાર કરતી અને વિશાળ નેત્રોવાળી તેણીએ શાસનદેવીની સહાયથી તે મનોહર જિનમંદિરમાં પ્રવેશ કર્યો. બે, દશ, આઠ અને ચાર– એ પ્રમાણે ચારે દિશામાં સ્થંભ પર રહેલા ચોવીશ તીર્થંકર ભગવંતોને ભક્તિ પરાયણ તેણીએ વંદન કર્યુ. તે પ્રતિમાઓની પુષ્પો વડે વિધિપૂર્વક દરેક પ્રતિમાઓના લલાટપ્રદેશને વિષે વિવિધ પ્રકારનાં રત્નજડિત તિલકો સ્થાપિત કર્યાં. પછી મુકતાશક્તિ મુદ્રા દ્વારા હસ્ત જોડીને, બંને જાનુને ભૂમિ પર સ્થાપીને તેણીએ મોહ રહિત, અત્યંત ગંભીરાર્થવાળી સ્તુતિ કરી કે- ''ઉત્તમ જ્ઞાનીઓને, ઉત્તમોત્તમ જ્ઞાનવંતોને અને તે કરતાં પણ શ્રેષ્ઠ અને સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવંતોને નમસ્કાર થાઓ !''

એક મહિના સુધી અષ્ટાપદ પર્વત પર પરમાત્માને નમસ્કાર કરીને, સ્તુતિ કરીને પૂર્ણ મનોહર મંગળવાળી અને તુષ્ટ બનેલ તેણીએ પણ પ્રાતઃકાળે પોતાના સ્વામી મમ્મણ રાજવીને અષ્ટાપદની યાત્રા સંબંધી સમસ્ત વૃત્તાંત જણાવ્યો. પછી સમસ્ત જનતાને પ્રિય એવો દેવયાત્રા સંબંધીનો સુંદર વાર્ષિક મહોત્સવ થયો અને હંમેશાં મનોહર સંગીત કરતાં વિધવિધ પ્રકારનાં વાજિંત્રો ચારે દિશામાં વાગવા લાગ્યા. ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા, પુષ્કળ દાન આપનાર અને પ્રમાદ રહિત તે બંને દંપતીએ પોતાના આયુષ્યનો શેષ ભાગ પુણ્ય કાર્યોમાં વ્યતીત કર્યો.

પછી ત્રીજા ભવમાં પોતનપુર નામના નગરમાં મમ્મણ અને વીરમતીને જીવ ધન્ય અને ધુસરી તરીકે જન્મ્યા. ભદ્રિક અને પશુઓની સંપત્તિવાળા (ગોવાળ) તે બંને સ્વભાવથી જ પરસ્પર અત્યંત પ્રેમ ધરાવતા હતા. તે બંનેએ કોઈને પણ વાણીથી દુભવ્યા ન હતા, કંઈ પણ કોઈનું હરી લીધું ન હતું અને કદી પણ શિયલનો ભંગ કર્યો ન હતો. તેઓ પ્રતિદિન પોતાની શક્તિ પ્રમાણે ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી આપતા અને થાકી ગયેલાઓનો શ્રમ (થાક) દૂર કરતા. પછી કોઈ એક દિવસે વર્ષાઋતુના સમયમાં વૃષ્ટિ થવાથી ધન્ય પોતાના પશુઓની સંભાળ લેવાને માટે બહારના પ્રદેશમાં ગયો. ત્યાં આગળ વર્ણ અને ગાત્ર (અવયવ) થી પાડેલા નામવાળા પોતાના ગાય તથા ભેંસ વિગેરે પશુઓને દૂરથી બોલાવીને ઉચિત લાલના-પાલના કરી પંપાળ્યા. તે સમયે તે પ્રદેશમાં શરમને કારણે અંગ પર એક માત્ર વસ્ત્રને ધારણ કરતાં કોઈ એક મુનિવરને કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહેલા જોયા.

વૃષ્ટિને કારણે આર્દ્ર દેહવાળા તે મુનિવરના મસ્તક પર ધન્યે પોતાનું છત્ર ધારણ કરી રાખ્યું. તેની આવા પ્રકારની સંધ્યા સમય સુધીની એકધારી સેવા-શુશ્રૂષાથી તે મુનિવર મુશ્કેલી ભરેલી વાયુ તથા વૃષ્ટિની પીડાને પાર કરી ગયા. પછી તે મુનિવરને નમસ્કાર કરીને ધન્યે મીષ્ટ વાણીથી પૂછ્યું કે– ''હે પૂજ્ય ! ક્યાંથી આવો છે અને આપને કઈ દિશા તરફ જવાની ઈચ્છા છે ? તે આપ જણાવો.'' મુનિવરે જણાવ્યું કે- ''મારા ગુરુવર્યને વાંદવાની ઇચ્છાથી હું પાંડય દેશમાંથી લંકા તરફ જઈ રહ્યો છું, પરંતુ માર્ગમાં જ હમણાં વર્ષાઋતુ આવતી જાણીને તેમજ પૃથ્વી પર અત્યંત જીવોત્પત્તિ થવાને કારણે આ સ્થળે જ ચાતુર્માસ વ્યતીત કરવા માગું છું.''

આ પ્રમાણે મુનિવરનું કથન સાંભળીને, પોતાના આવાસે તે મુનિવરને લઈ જવાને માટે ધન્યે, કાદવ થઈ ગયો હોવાથી બેસવા માટે પાડો આપ્યો ત્યારે ''અમારે વાહન પર ચડવું યોગ્ય નથી.'' એમ કહીને મુનિશ્રેષ્ઠ તેની સાથે જ નગરમાં પગે ચાલતાં ગયા. પોતાના ઘરે, ભક્તિતત્પર ધન્યે અમૃત સરખા દૂધથી તે મુનિશ્રેષ્ઠને પુણ્યના કારણરૂપ પારણું કરાવ્યું. તે મુનિવર પણ ધુસરી તેમજ ધન્યને ધર્મોપદેશ આપીને, વર્ષાઋતુનો સમય વીતાવીને, પોતાના ગુરુ પાસે લંકા નગરી તરફ ચાલ્યા ગયા.

ધર્મરૂપી સંપત્તિ દ્વારા સુંદર ગૃહસ્થ ધર્મને ધારણ કરતાં તે બંને વૃદ્ધ બન્યા. અંતસમયે સર્વ સંગનો ત્યાગ કરીને, ધૈર્યશાલી તેમજ મહાવ્રતધારી તે બંનેએ પોતાના દેહનો ત્યાગ કર્યો અને ત્યારબાદ નિરંતર સુખદાયી સ્વર્ગ સરખા હૈમવંત ક્ષેત્રમાં યુગલિક તરીકે ઉત્પન્ન થયા. તે હૈમવંત ક્ષેત્રમાં સુવર્ણની ભૂમિ છે, પક્ષીઓ મધુર સ્વરવાળા છે, પાણી નિર્મળ અને શીતલ છે અને પવનો સુખકર વાય છે. તે ક્ષેત્રમાં આયુને અંતે યુગલિક એક યુગલને જન્મ આપે છે અને ૭૯ દિવસ પર્યન્ત તે યુગલની લાલનાપાલના કરીને સ્વર્ગે જાય છે. તે ક્ષેત્રમાં કલ્પવૃક્ષો વસ્ત્ર, પાત્ર, ઘર, પુષ્પમાળા, શય્યા, ભોજન અને આસન વિગેરે સર્વ વાંછિત વસ્તુઓ આપે છે. તે યુગલિક પણ હૈમવંત ક્ષેત્રમા ભાવોને સંપૂર્ણપણે અનુભવીને માહેંદ્ર નામના દેવલોકમાં દેવ-દેવી તરીકે ઉત્પન્ન થયા. તેજસ્વી દેહને ધારણ કરતાં ક્ષીરડિંડિર અને ક્ષીરડિંડિરા નામના તે બંને દેવ-દેવી અરસ-પરસ અત્યંત સ્નેહભાવથી રહતો હતા. તે માહેંદ્ર દેવલોકમાં સાત સાગરોપમ અને એક પલ્યોપમનું આયુષ્ય ભોગવીને, ત્યાંથી ચ્યવીને તમે બંને નલ તથા દમયંતી તરીકે ઉત્પન્ન થયા.

પૂર્વે તેં જે મુનિને સાર્થથી વિખૂટા પાડ્યા હતા તેથી આ ભવમાં તને તારી પત્ની દમયંતી સાથે વિયોગ થયો. જો, તે સમયે, તેં તે મુનિવરને ખમાવ્યા ન હોત તો આજે તારો વિરહાનલ કઈ રીતે શાંત બનત ? ધન્યના ભવમાં મુનિવરના મસ્તક પર જે તેં છત્ર ધારણ કરી રાખ્યું હતું તેથી આ ભવમાં તને એકછત્ર સામ્રાજ્ય પ્રાપ્ત થયું. ''વીરમતીના ભવમાં દમયંતીએ અષ્ટાપદ પર્વત પર શ્રી તીર્થંકર ભગવંતોના ભાલપ્રદેશમાં જે તિલકો સ્થાપિત કર્યા હતા તેને લીધે દમયંતી, લલાટમાં અત્યંત તેજસ્વી તિલકવાળી બની. પાંચ ભવોથી જે તમે દંપતીરૂપે થતાં આવ્યા છો તેથી પૂર્વના ભવોના સંસ્કારથી આ ભવમાં તમારો અદ્ભૂત દામ્પત્ય પ્રેમ પ્રગટ્યો છે.''

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળીને અંતઃકરણમાં વિચારણ કરતાં અને શરીરકંપને અનુભવતાં નલ-દમયંતી બંને મૂર્ચ્છા પામ્યા, દર્પણમાં પોતાના પ્રતિબિંબની માફક સ્વપ્નમાં પૂર્વભવોને જોઇને, મૂર્ચ્છાનો ત્યાગ કરીને તે બંને પુનઃ સ્વસ્થ થયા. ત્રણ લોકના ભાવોના સાક્ષીભૂત, પરમાવધિજ્ઞાની શ્રી શ્રુતસાગર મુનિવરની અનુભવયુક્ત વાણીની સ્તુતિ કરતાં અને તેમની અધિક વૈયાવચ્ચ દ્વારા રાત્રિને વ્યતીત કરીને તેઓ બંને સૂર્યોદય-સમયે પોતાના આવાસે ગયા.

# 7

# ॥ ગુરુ ગૌતમસ્વામી : એક અધ્યયન ॥

**પૂ. મુનિરાજશ્રી પૂર્ણાનન્દસાગરજી મહારાજ**

ગણધર ગૌતમસ્વામી ભગવંતનો અત્રે આંતર-બાહ્ય બાયોડેટા આપ્યો છે. સાથે એમના જીવનની બનેલી રહસ્યમય ઘટનાઓનો ઉલ્લેખ અત્રે આપ્યો છે.

આ લેખના વાચનથી વાચકનાં ચક્ષુઓ સામે ગણધર ભગવંતના લબ્ધિવંત, વિનયવંત જીવનનું અદ્‌ભુત ચિત્ર ખડું થયા વિના રહેતું નથી.

| | |
|---|---|
| નામ | : ઈન્દ્રભૂતિ |
| ગોત્ર | : ગૌતમ |
| પિતા | : વસુભૂતિ વિપ્ર |
| માતા | : પૃથ્વીમાતા |
| ભાઈ | : બે-અગ્નિભૂતિ, વાયુભૂતિ |
| ગામ | : ગોબરગામ |
| દેશ | : મગધ |
| રાજા | : શ્રેણિક |
| વર્ણ | : કંચન |
| ઊંચાઈ | : સાત હાથ સપ્રમાણ દેહ |
| શિષ્ય | : ૫૦૦ |
| દીક્ષા ઉંમર | : ૫૦ વર્ષ |
| દીક્ષા દિવસ | : વૈશાખ સુદ ૧૧ |
| દીક્ષાનગર | : પાવાપુરી (અપાપાપુરી) |
| દીક્ષાદાતા | : તીર્થંકર મહાવીરસ્વામી |

દીક્ષા વખતે પરિવાર : ૫૦૦ શિષ્યો

ભગવાનના કેટલામાં શિષ્ય : પ્રથમ

પદવી : ૧લા ગણધર

દીક્ષા વખતે શું કર્યું : દ્વાદશાંગીની રચના, ચૌદ પૂર્વ સહિત

કેવી રીતે રચના કરી : ત્રિપદી પામીને (ભગવાન પાસેથી)

ત્રિપદીનું નામ :
૧. ઉપન્નેઈ વા
૨. વિગમેઈ વા
૩. ધુવેઈ વા

ભગવાન મહાવીરના તીર્થસ્થાપના સ્થળ તથા દિન : પાવાપુરી, વૈશાખ સુદ ૧૧

દીક્ષા છદ્મસ્થ પર્યાય : ૩૦ વર્ષ

દીક્ષા પર્યાયમાં તપશ્ચર્યા : છટ્ઠના પારણે છટ્ઠ સદાય

નિર્વાણ વખતે તપશ્ચર્યા : એક માસનું અણસણ

દીક્ષા પર્યાયે મહત્ત્વની બાબત : બધીય મહત્ત્વની, પણ અષ્ટાપદ પર્વત ઉપર પોતાની લબ્ધિથી ચઢવું.

---

Gautam Swami - Ek Adhyayan Vol. I Ch. 4-B, Pg. 155-162

અષ્ટાપદ પર્વત પર જઈ શું કર્યું ?

(૧) ચોવીસે તીર્થંકર પ્રભુને વાંદ્યા.

(૨) જગચિંતામણિ ચૈત્યવંદન રચ્યું.

(૩) વજ્રસ્વામીના જીવ દેવ તિર્યક્‌જૃંભકને (પુંડરીક કંડરીક અધ્યયન ભણી) પ્રતિબોધ.

(૪) વળતાં ૧૫૦૩ તાપસોને પ્રતિબોધ, દીક્ષા, પારણું.

પારણું :

'ખીર ખાંડ ઘૃત આણી, અમિ અવુઠ અંગુઠ ઠવિ,
ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવિ.'
*(રાસ, ગાથા-૪૦)*

ગોચરી વાપરતાં ૫૦૧ને કેવળજ્ઞાન, સમવસરણ દેખતાં ૫૦૧ કેવળી, જિનવાણી સાંભળી ૫૦૧ કેવળી-એમ સર્વે ૧૫૦૩ કેવળી થયા.

શ્રી ગૌતમ ગુરુ જેને દીક્ષા આપે તે કેવળી થાય. આમ ૫૦,૦૦૦ ગૌતમગુરુના શિષ્ય કેવળ પામ્યા. પ્રભુ મહાવીરના ૭૦૦ શિષ્યો મોક્ષે ગયા છે.

'તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ,
પંદરશે ત્રાણને દીખ્ખ દીધી,
અઠ્ઠમને પારણે તાપસ કારણે
ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી.'
*('છંદ ઉદયરત્ન')*

કેવળજ્ઞાન પામવાનો દિવસ-સમય : કારતક સુદ ૧ (ઝાયણી) પરોઢીએ.

કેવળજ્ઞાન પામવાનું નિમિત્ત : ભગવાનનું નિર્વાણ.

કેવળજ્ઞાન પામવાનું વર્ષ : વિક્રમ વર્ષ પૂર્વ ૪૭૦ વર્ષ

કેવલી પર્યાય : ૧૨ વર્ષ

કેવળજ્ઞાન પામ્યા પહેલાં મનોવેદના : શ્રી વીર પ્રભુના નિર્વાણથી વેદના.

'ધ્રસક પડ્યો તવ ધ્રાસકો, ઉપન્યો ખેદ અપાર;
વીર-વીર કહી વલવલે સમરે ગુણ-સંભાર.' ૧.
'પૂછીશ કોને પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત;
ઉત્તર કુણ મુજ આપશે, ગોયમ કહી ગુણવંત.' ૨.
- *વિજયમાણિક્યસિંહસૂરિ*

શ્રી ગૌતમસ્વામીને કેવલજ્ઞાન પૂર્વે કેટલાં જ્ઞાન : મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ-૪.

સમક્તિ કયું હતું : ક્ષાયોપશમિક.

પ્રભુ મહાવીરને કેટલા ગણધર : ૧૧ ગણધર ભગવંત.

પ્રભુ મહાવીર પછી કેટલા મોક્ષે પધાર્યા :

૨. (૧) શ્રી ગૌતમસ્વામી (૨) શ્રી સુધર્મસ્વામી.

વર્તમાન પટ્ટ પરંપરા કયા ગણધરની : શ્રી સુધર્મસ્વામીની પટ્ટ પરંપરા.

વર્તમાન ૧૧ અંગ કોની રચના :

શ્રી સુધર્મસ્વામીની. (સિવાય શ્રી ભગવતીજી)

શ્રી ભગવતીજીમાં કેટલા પ્રશ્નો છે?

૩૬૦૦૦ પ્રશ્નો શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા.

'કરણી' એક ઉચ્ચતમ ક્રિયાપાત્રતાનું સૂચક છે. સાથે એ પણ ધ્વનિત થાય છે કે એ મહાન તત્ત્વજ્ઞાની કેવળ-જ્ઞાનસાગરને આરપાર માપવામાં જ કેવળ સમર્થ ન હતા; પરંતુ આચારક્રિયાનું પણ ઉચ્ચતમ ઉદાહરણ બનીને હજારો વર્ષ બાદ આજે પણ ઝગમગી રહેલી છે. ગૌતમસ્વામીની તપશ્ચર્યાની સાથે શાન્તિ-સહિષ્ણુતાનો મણિ-કાંચન સંયોગ હતો. શાન્તિને કારણે તપજ્યોતિથી તેમનું મુખ-મંડળ દેદીપ્યમાન હતું. ગૌતમસ્વામીએ તપ કરીને આત્મજ્યોતિને દેદીપ્યમાન બનાવી હતી. આ તપમાં કોઈ પ્રકારની કામના, આશંસા અને યશઃકીર્તિની અભિલાષા ન હતી. સમતા એ સાધનાના કેન્દ્રમાં હતી અને અહિંસા, સંયમ અને તપની સિદ્ધિના માટે એ સાધના સમર્પિત થઈ હતી. ગુરુ ગૌતમ જ્યાં હોય ત્યાં આનંદ અને પ્રસન્નતાની મધુરતા પ્રસરતી રહેતી.

અધ્યાત્મની ચરમ સ્થિતિ પર પહોંચેલા સાધક માટે તપોજન્ય લબ્ધિઓ અને સિદ્ધિઓ તેમનાં ચરણોમાં આળોટવા લાગે છે. ગુરુ ગૌતમસ્વામીનો પુણ્યાનુયોગ કંઈક એવો વિશિષ્ટ હતો કે લબ્ધિઓના ભંડારરૂપ બનીને દીન-દુઃખી જીવોના મોટા આધાર, અશરણના શરણ અને દીનોના ઉદ્ધારક તરીકે કીર્તિના

અધિકારી બની ગયા હતા. એમની પૂજા, ભક્તિ અને સ્તુતિ તો ઠીક, માત્ર એમનું નામસ્મરણ પણ મહામંગલકારી લેખાય છે. તે સંકટોને દૂર કરે છે, મનના મનોરથોને પૂર્ણ કરે છે. કવિવર લાવણ્યસમયજીએ લખ્યું છે કે- 'જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન.'

ગૌતમ ગણધર જેને-જેને દીક્ષા આપે તેને-તેને કેવળજ્ઞાન થાય છે. તેમાં શાલ-મહાશાલનો પ્રસંગ બને છે. ભગવંત મહાવીરની આજ્ઞાથી તેઓ શાલ-મહાશાલને પ્રતિબોધ કરવા જાય છે. સંસારની ભયંકરતા સમજાવે છે. રાગ-દ્વેષની વિનાશકારિતા સમજાવે છે. શાલ-મહાશાલ પ્રતિબોધ પામે છે. દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા બાદ જગદ્‌ગુરુ મહાવીર ભગવંત પાસે આવતાં જેમના હૈયામાં રાગ-દ્વેષની અનર્થકારિતા ઊતરેલી છે તેવા શાલ-મહાશાલ શુક્લધ્યાનની અગ્નિમાં ઘાતીકર્મો ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. સમવસરણમાં પહોંચીને ભગવંતને વંદના કરવા જણાવે છે કે, ભગવંત બોલે છે, ''હે ગૌતમ ! કેવલીની આશાતના કરીશ નહીં.'' ગણધર ગૌતમને આંચકો લાગે છે. હું દીક્ષા આપું તેને કેવલજ્ઞાન થાય છે અને મને જ નથી થતું, એમ કેમ ?

ભગવંતે કહ્યું કે, જે મનુષ્ય સ્વલબ્ધિથી અષ્ટાપદની યાત્રા કરે તે, તે જ ભવમાં કેવળજ્ઞાન પામે. પોતાનું કેવલજ્ઞાન નિશ્ચિત કરવા વીરપ્રભુની આજ્ઞા મેળવી ગૌતમસ્વામી જંઘાચારણ લબ્ધિથી સૂર્યનું કિરણ પકડીને અષ્ટાપદ પર જાય છે. તેઓ અષ્ટાપદ જઈ રહ્યા છે ત્યારે ઉપવાસને પારણે ઉપવાસ કરનાર ૫૦૦ તાપસનું એક વૃંદ અષ્ટાપદની પ્રથમ મેખલામાં આગળ ચાલવાને અશક્તિમાન હોવાથી રહેલું છે. છઠ્ઠને પારણે છઠ્ઠ કરનાર ૫૦૦ તાપસનું જૂથ બીજી મેખલામાં અટકેલું છે. અઠ્ઠમને પારણે અઠ્ઠમ કરનાર ૫૦૦ તાપસનું જૂથ ત્રીજી મેખલામાં અટકેલું છે. તપથી કાયા શોષાઈ ગઈ છે. આવતા ગૌતમ ગણધરને જોઈને ત્રણે જૂથના તાપસોને એક જ વિચાર આવે છે કે અમે તપ કરી કાયા શોષવી છતાં એટલી લબ્ધિ ઉત્પન્ન થઈ નથી કે આગળ વધીએ, તો પછી આ દ્દઢકાય જીવાત્મા આગળ કેવી રીતે જશે ? તાપસો વિચાર કરતા રહ્યા અને ગણધર ગૌતમ સૂર્યનાં કિરણોના આલંબને ઉપર પહોંચ્યા. ભરત ચક્રીએ ભરાવેલા ચોવીશે જિનેશ્વરોની ભાવભરી વંદના-સ્તુતિ કરી. જગચિંતામણિ સ્તોત્રથી ભાવપૂર્વક સર્વ જિનાલયો, સર્વ શાશ્વત બિંબોની વંદના કરી. પાંચ તીર્થોમાં (૧) શત્રુંજયના આદિનાથ (૨) ગિરનારના નેમિનાથ (૩) સત્યપુર (સાંચોર, જિ. જાલોર, રાજસ્થાન)ના મહાવીરસ્વામી (૪) ભરૂચના મુનિસુવ્રતસ્વામી અને (૫) મુહરી પાર્શ્વનાથ (જે હાલ ટીંટોઈ ગામે બિરાજમાન છે) ની ગણના થાય છે.

અષ્ટાપદજી ઉપર આવેલા તિર્યક્‌જૃંભક દેવની શંકા દૂર કરવા પુંડરીક-કંડરીક અધ્યયન કહી શંકા દૂર કરી. નીચે ૧૫૦૦ તાપસનાં ત્રણે જૂથ એક જ ભાવના કરે છે કે નીચે ઊતરે ત્યારે આ પુણ્યવાન પુરુષને ગુરુ બનાવવા, જેથી આપણો નિસ્તાર થશે. નીચે ઊતરે ત્યારે બધા ગૌતમસ્વામીજી પાસે દીક્ષા લેવા તત્પર બને છે. દેવતાઓ વેષ આપે છે. બધાને પારણાનો દિવસ છે. ગૌતમસ્વામીજી ઉપર તુંહી-તુંહી ભક્તિવાળા હોવા સાથે રાગ સંસારમાં ડુબાડે તે સમજતા ૫૦૦ તાપસો જે અઠ્ઠમને પારણે અઠ્ઠમ કરનારા છે તે પારણું કરતાં કેવલજ્ઞાન પામે છે. પારણું કરીને ભગવાન મહાવીર પાસે જતાં સમવસરણની ઋદ્ધિ દેખીને બીજા છઠ્ઠને પારણે છઠ્ઠ કરનારાનું જૂથ કેવલજ્ઞાન પામે છે. ઉપવાસને પારણે ઉપવાસ કરનારા ત્રીજા જૂથને ભગવંતનું રૂપ જોતાં કેવલજ્ઞાન ઊપજે છે. સમવસરણમાં કેવલીની પર્ષદા તરફ જતા ૧૫૦૦ તાપસને ગણધર ગૌતમસ્વામી અટકાવે ત્યાં મહાવીર પરમાત્માના શબ્દો કાને પડે છે : ''હે ગૌતમ, કેવલીની આશાતના કરીશ નહીં.'' આ શબ્દો સાંભળતાં ઈન્દ્રભૂતિ ગૌતમને ખળભળાટ મચી જાય છે. અષ્ટાપદની યાત્રા કરી

આવ્યો તો પણ અષ્ટાપદને અડધે રસ્તે નહીં પહોંચનારને કેવલજ્ઞાન અને હું એમ ને એમ! કારણ શું ? શું નડે છે ? આવા વિચારમાં અટવાયેલા ૧૪૪૨માં ગણધરને કાને શબ્દો પડે છે : તારો મારા ઉપરનો ઘણા ભવ પહેલાંનો રાગ છે. ચિર પરિચિત છો. રાગ છોડી દે તો હમણાં કેવલજ્ઞાન થઈ જાય. ગણધર ગૌતમ પોકારી ઊઠે છે, કેવલજ્ઞાન થાય કે વેગળું રહે, મારે ભગવાન પહેલાં. સાંભળવા પ્રમાણે ભગવંત મહાવીરના ત્રીજા મરીચિના ભવમાં તેમની દીક્ષા છોડી પરિવ્રાજક બનેલી અવસ્થામાં શિષ્ય બનેલા કપિલ રાજપુત્ર ગૌતમ ઈન્દ્રભૂતિનો જીવ હતો. કેટલાયે સાગરોપમ પહેલાંનો સ્નેહરાગ અનેકના સ્નેહરાગ છોડાવનારને પોતાને છૂટતો નથી, તેનાથી વધારે દુઃખદ, વધારે કરુણ શું હોઈ શકે ? સ્નેહરાગની પરાકાષ્ઠા છે કે રાગ ખોટો જ તેમ પ્રતિબોધી કલાકોમાં કેવલજ્ઞાન આપનારને રોમેરોમમાં સ્નેહરાગ ભરેલો રહે છે. કેટલી વિષમતા! કેટલી ભયંકરતા!! કેટલા દૃઢ ધ્યાનથી આપણા જેવા પામર જીવોને વિચારવાની વાત છે!!!

સ્નેહરાગના અડાબીડ જંગલમાં અટવાયેલા હોવા છતાં જગતના જીવો તરફનો પ્રેમ-લાગણી-મમતાયુક્ત અને દ્વેષયુક્ત ઈન્દ્રભૂતિ ગૌતમનો આત્મા જોઈએ.

લગભગ એક કોડાકોડી સાગરોપમ જેવા દીર્ઘ સંસારમાં સ્નેહરાગની ભટ્ઠીમાં શેકાવા છતાં અન્ય જીવોને શાતા-શાંતિ આપવા તરફ સ્વાભાવિક જ ગૌતમ ગણધરનો જીવ ટેવાયેલો છે તે અતિ અદ્‌ભુત વસ્તુ છે. સામાન્ય રીતે જ્યાં રાગની માત્રા તીવ્ર હોય ત્યાં દ્વેષ પણ તીવ્ર હોય છે. પરંતુ ગૌતમસ્વામીના જીવનમાં તેનાથી તદ્દન વિપરીતતા છે. તેના બે પુરાવા પ્રસિદ્ધ છે.

અતિ ઉગ્ર તપ, ઉત્તમોત્તમ ભાવ અને ધ્યાનને કારણે ગૌતમસ્વામીને કેટલીક લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. લબ્ધિ એટલે આત્માની અદ્‌ભુત ચમત્કારિક શક્તિ.

ગૌતમસ્વામીએ આ પ્રસંગે અષ્ટાપદ તીર્થ પર જવા માટે તેમની બે લબ્ધિઓનો-જંઘાચારણ લબ્ધિનો અને અક્ષીણમહાનસ લબ્ધિનો-ઉપયોગ કર્યો. જંઘાચારણલબ્ધિ એટલે ધારેલી જગ્યાએ જલ્દી પહોંચવાની પગની શક્તિ. એ શક્તિથી તેઓ અષ્ટાપદ પર્વતની તળેટીમાં પહોંચ્યા અને સૂર્યકિરણ પકડીને પર્વતના શિખર ઉપર ચડી ગયા. તેઓ જ્યારે નીચે ઊતરતા હતા ત્યારે તેમણે અષ્ટાપદ પર ચડવાને ઘણો પરિશ્રમ કરતા પણ સફળ ન થતા એવા ૧૫૦૩ તાપસોને જોયા. કોડિન્ન નામના તાપસે ૫૦૦ શિષ્યો સાથે ઉપવાસના પારણે ઉપવાસ કરીને, દિન્ન નામના તાપસે ૫૦૦ શિષ્યો સાથે છઠ્ઠના પારણે છઠ્ઠ કરીને, શેવાળ નામના તાપસે ૫૦૦ શિષ્યો સાથે અટ્ઠમના પારણે અટ્ઠમ કરીને અષ્ટાપદ પર પહોંચવાનો પ્રયત્ન કર્યો. પરંતુ થોડે થોડે અંતરે જઈ તે સહુ અટકી જતા. શેવાળ અને તેના શિષ્યો પણ સફળતા પામ્યા નહિ. તેઓ સૌએ શરીરે પુષ્ટ અને તેજસ્વી એવા ગૌતમસ્વામીને દર્શન કરીને પાછા આવતા જોયા. તેમની શક્તિથી પ્રભાવિત થઈને તે સહુ તાપસોએ તેમની પાસે દીક્ષા લીધી અને તેમના શિષ્ય બન્યા. ૧૫૦૩ તાપસોને ઉપવાસનું પારણું કરાવવા એક પાત્રમાં ગૌતમસ્વામી ખીર લઈ આવ્યા. ખીર થોડી હતી એટલે એટલી ખીર સહુને પહોંચે એ માટે એમણે અક્ષીણમહાનસ લબ્ધિનો ઉપયોગ કર્યો. તેમણે પોતાનો અમૃતઝરતો અંગૂઠો ખીરના પાત્રમાં મૂક્યો. એથી પાત્રમાંથી ખીર ખૂટી નહિ અને સહુ તાપસોએ સંતોષપૂર્વક પારણું કર્યું. તેથી જ ગૌતમસ્વામીનો મહિમા દર્શાવવા ગવાતું આવ્યું છે—

'અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર.'

અષ્ટાપદજીની યાત્રાના પ્રસંગને સાંકેતિક રીતે ઘટાવીએ તો આ રીતે સમજી શકાય : અષ્ટાપદજી એટલે આઠ પદ. જૈનશાસ્ત્ર પ્રમાણે જે વ્યક્તિને કેવલજ્ઞાન-અનંત કે અનાવરણ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેણે ૧૩મા ગુણસ્થાનકે પહોંચવું જોઈએ. તેરમા ગુણસ્થાનકે પહોંચનાર વ્યક્તિ તે સયોગી કેવળી. ચૌદમા ગુણસ્થાને પહોંચનાર વ્યક્તિ તે અયોગી કેવળી. ચૌદ ગુણસ્થાન એટલે જૈન પરિભાષા પ્રમાણે સંપૂર્ણ આત્મવિકાસનાં ચૌદ પગથિયાં અથવા ચૌદ તબક્કા. ચૌદ ગુણસ્થાનમાં આઠમા ગુણસ્થાનનું નામ છે અપૂર્વકરણ. એ ગુણસ્થાને પહોંચતા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મો ઘણાં જ પાતળાં પડવા લાગે છે. તેથી આત્મા અલૌકિક શાંતિ અનુભવે છે. તેને વીતરાગપણાની ઝાંખી થવા લાગે છે. આ ગુણસ્થાને પહોંચવા માટે જ્ઞાનની જરૂર પડે છે. જ્ઞાનની સહાય વડે જ કર્મો હળવાં થવા લાગે છે. અને ઉત્તરોત્તર એનો ક્ષય થવા લાગે છે. ગૌતમસ્વામી સૂર્યકિરણ પકડીને અષ્ટાપદ પર પહોંચ્યા અને ત્યાં તેમણે વીતરાગ પ્રભુની પ્રતિમાઓના દર્શન કર્યાં. શાસ્ત્રમાં જ્ઞાનને સૂર્ય સાથે સરખાવ્યું છે. સૂર્ય કરતાં પણ જ્ઞાનની શક્તિ ઘણી ચડિયાતી છે. ગૌતમસ્વામી સૂર્યકિરણ પકડીને એટલે કે જ્ઞાનને સહારે દોષો, કર્મો દૂર કરતાં કરતાં ક્રમશઃ આત્મશુદ્ધિ કરતાં કરતાં અષ્ટાપદ ઉપર પહોંચ્યા એમ ઘટાવી શકાય. તેમને અપૂર્વ આનંદ થયો.

# 8

# ॥ શ્રી પાદલિપ્તસૂરિ ॥

સાધનાના બળે સર્જાતા ચમત્કાર અને કલ્પનાના બળે રચાતી કૃતિઓનો વિરલ સંગમ જોવા મળશે આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજીના જીવનમાં.

કોશલ નામના નગરમાં ધર્મમાં અગ્રેસર વિજય નામે રાજા હતો. તેને નયવિક્રમસાગર નામે મંત્રી હતો. ને કુલ્લ નામે બુદ્ધિશાળી ચતુર એવો જૈન શેઠ હતો. તેને ''પ્રતિમાણા'' નામે શ્રેષ્ઠ સ્ત્રી હતી. પુત્ર નહિ હોવાથી પુત્રને માટે ખેદ કરતી એવી તેણી ઘણું ધન આપી ઘણા લોકોને પૂછતી હતી.

એક વખત ''પ્રતિમાણા'' એ વૈરુટયા દેવીને ભક્તિપૂર્વક તેવી રીતે આરાધી કે તે જલદી પ્રત્યક્ષ થઈ. અને બોલી કે હે પુત્રી ! તેં શા માટે અહીં મને યાદ કરી ? તું પોતાનું કાર્ય મને કહે. પ્રતિમાણાએ કહ્યું કે હમણાં મારે પુત્ર જોઈએ. વૈરુટયાએ કહ્યું કે હે પુત્રી ! વિદ્યાધર નામના વંશને વિષે સર્વવિદ્યારૂપી સમુદ્રના પારગામી શ્રી કાલિકાચાર્ય છે. તે વિદ્યાધર ગચ્છમાં બીજા શ્રેષ્ઠ આચારવાલા શ્રી આર્યનાગહસ્તિ આચાર્ય છે તે હમણાં અહીં આવ્યા છે, તે આચાર્યના પગનું પાણી જો તું હમણાં પીવે તો તારું ચિંતવેલું ચિંતવન કરતાં નિશ્ચયે અધિક થશે.

તે પછી હર્ષ પામેલી એવી તે જઈને બળાત્કારે શિષ્યના હાથમાં રહેલા પાત્રમાંથી ગુરુનાં ચરણના પાણીને ઉત્તમ ભક્તિથી ભાવિત એવી તેણીએ પીધું. તે પછી ગુરુનાં ચરણોને નમીને શ્રેષ્ઠી પત્નીએ કહ્યું કે વૈરુટયાના વચનથી મારા વડે તમારા ચરણનું પાણી પિવાયું છે. ગુરુએ કહ્યું, કે મારાથી દશ હાથને આંતરે રહેલી હે ધર્મશાલિની ! તેં અમારા ચરણનું પાણી પીધું છે તેથી તારો પ્રથમ પુત્ર દશ યોજનમાં રહેલો શ્રેષ્ઠ મોટો વિદ્યારૂપી સમુદ્રનો પારંગત થશે. એમાં સંશય નથી. પછી બીજા શ્રેષ્ઠ નવ પુત્રો અનુક્રમે થશે. શ્રેષ્ઠી પત્નીએ કહ્યું કે પહેલો પુત્ર તમને આપશે. ગુરુએ કહેલું પતિની આગળ તેણીએ કહ્યે છતે તે વખતે આદરથી હર્ષ પામેલા શેઠે કહ્યું કે ગુરુએ કહેલું જલદી સાચું થશે.

કાલ પ્રાપ્ત થયે છતે સારા દિવસે શેઠાણીએ નાગેન્દ્રના સ્વપ્નથી શોભતાં શ્રેષ્ઠ લક્ષણથી લક્ષિત પુત્રને જન્મ આપ્યો. પિતાએ જન્મોત્સવ કરીને પુત્રનું નાગેન્દ્ર નામ આપ્યું. તે પછી તે શરીરના અવયવો વડે અને ગુણો વડે પુષ્ટિ પામ્યો. માત્ર આઠ વર્ષની વયે વિદ્યાધર ગચ્છના આચાર્ય નાગહસ્તિ પાસે દીક્ષા લઈને મુનિ નાગેન્દ્ર બન્યા. અને મહાબુદ્ધિશાળી તેને ભણવા માટે સોમમુનિની આગળ મૂકયો. તે નાના સાધુ બાલકપણામાં પણ અર્થ ને સૂત્રની સાથે લક્ષણ-છંદ-અલંકાર અને કવિતા આદિ ઘણાં શાસ્ત્રો ભણ્યો. તે પછી તે ક્ષુલ્લક (બાલસાધુ) શ્રી કાલિકાચાર્યની પાસે વિશેષ શાસ્ત્રોને ભણતાં ગુરુના વિનયને કરે છે.

---

Padliptsuri Vol. VIII Ch. 53-D, Pg. 3689-3695

એક વખત ફરીને આવીને મુનિ નાગેન્દ્ર ગોચરી વહોરવા ગયા હતા. ઉપાશ્રયમાં પાછા આવી ગુરુ વડે પ્રેરણા કરાયેલો તે બાલસાધુ સુંદર એવી ગાથા વડે પાણીની આલોચના કરતો હતો. આલોચના કર્યા બાદ ગુરુની સમક્ષ એક શ્લોક બોલ્યા -

अंबं तंबच्छीए अपुप्फियं पुष्कदंतपंतीए।
नवसालिकंजियं नव वहूइ कुडएण मे दिन्नं ।।१।।

જેનો અર્થ હતો, ''તાંબાના જેવા રકત નેત્રવાળી, પુષ્પસરખા દાંતની પંક્તિવાળી, નવી પરણેલી યુવાન સ્ત્રીએ માટીમય પાત્રમાંથી આ કાંજીનું પાણી આપ્યું.''

ગુરુ મહારાજે આવું શૃંગારપૂર્ણ વર્ણન સાંભળીને શિષ્ય પર ક્રોધાયમાન થઈ કહ્યું કે 'पलितोऽसि'' અર્થાત્ ''તું રાગરૂપી અગ્નિથી પ્રદીપ્ત થયેલો છે.'' હાજરજવાબી મુનિ નાગેન્દ્રે નમ્ર બનીને ગુરુને કહ્યું, ''પલિતમાં એક માત્રા વધારીને મને પાલિત બનાવવાની કૃપા કરો.'' આનો અર્થ એ હતો કે મને આકાશગમન કરી શકાય તેવી પાદલિપ્ત વિદ્યાનું દાન કરો જેથી હું પાદલિપ્ત કહેવાઉં.

મુનિ નાગેન્દ્રની વિચક્ષણ બુદ્ધિ જોઈને આચાર્યે ''પાદલિપ્તો ભવ'' એવા આશીર્વાદ આપ્યા, ત્યારથી મુનિ નાગેન્દ્રનું નામ પાદલિપ્ત તરીકે પ્રસિદ્ધ થયું અને સાથોસાથ પગમાં લેપ કરવાથી ઊડવાની ચમત્કારિક શક્તિ પ્રાપ્ત થઈ. પોતાની આ શક્તિથી તેઓ રોજ શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, સમેતશિખર અને અર્બુદગિરિ આ પાંચ તીર્થોની યાત્રા કર્યા બાદ જ આહાર-પાણી ગ્રહણ કરતા હતા.

अट्ठावयम्मि उसभो, सिद्धिगओ वासुपुज्ज चंपाए।
पावाए वद्धमाणो, अरिट्ठनेमि य उज्जिंते ।।१।।

अवसेसा तित्थयरा, जाइजरामरणबंधणविमुक्का।
सम्मेयसेलसिहरे, वीस परिनिव्वुए वंदे ।।२।।

અષ્ટાપદ ઉપર શ્રી ઋષભદેવ સિદ્ધિ પામ્યા, ચંપાપુરીમાં વાસુપૂજ્ય મોક્ષ પામ્યા. પાવાપુરીમાં વર્ધમાન સ્વામી મોક્ષ પામ્યા. ઉજજયંતગિરિ ઉપર અરિષ્ટનેમિ મોક્ષ પામ્યા. બાકીના ૨૦ તીર્થંકરો સમ્મેતશિખર ઉપર જન્મ-જરા ને મરણના બંધનથી મુકત થઈ મોક્ષ પામ્યા. તેઓને હું વંદન કરું છું. પોતાના સ્થાનમાં આવીને પાદલિપ્તસૂરીશ્વર પ્રાયઃકરીને રસવગરના આહારને ખાય છે. કહ્યું છે કેઃ-

यद्दूरं यद्दूराराध्यं, यच्चदूरे व्यवस्थितम्।
तत् सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम्।।

જે દૂર હોય, દુઃખે કરીને આરાધી શકાય એવું હોય, દૂર રહેલું હોય તે સર્વ તપ વડે સાધી શકાય છે. ખરેખર તપ દુર્લંઘ્ય છે. તે તપ વડે તે આચાર્યને અનેક શ્રેષ્ઠ વિદ્યાઓ થઈ. એમણે જીવાજીવોત્પતિ પ્રાભૃત, વિદ્યા પ્રાભૃત, સિદ્ધ પ્રાભૃત અને નિમિત્ત પ્રાભૃત એવી અન્ય ચાર સિદ્ધ વિદ્યાઓ મેળવી હતી.

એકવાર નાગર્જુન નામના સિદ્ધ યોગીએ પથ્થર કે લોખંડને સુવર્ણ બનાવતા કોટિવેદ રસનું પાત્ર પોતાના એક શિષ્ય સાથે મોકલાવ્યું. આચાર્ય પાદલિપ્તસૂરિએ કહયું કે— સાધુ માટે તો સુવર્ણ અને કાંકરા બંને સમાન હોય છે. મારે આની જરૂર નથી. આથી નાગાર્જુન ગુસ્સે થયો, પરંતુ પાદલિપ્તાચાર્યે સ્પશે અને મૂત્રાદિથી સુવર્ણશિલા બનાવી દીધી. પરિણામે નાગાર્જુનનો ગર્વ ગળી ગયો અને એમની સાથે રહેવા લાગ્યા.

પાદલિપ્તાચાર્ય પાસેથી એમણે આકાશગામિની વિદ્યા મેળવી. નાગાર્જુને આચાર્યશ્રીને વિનંતી કરી કે

મને કંઈ કામસેવા ફરમાવો, ત્યારે પાદલિપ્તચાર્યે કહ્યં કે ''તું જીવનભર જૈન ધર્મ પાળીને આત્મકલ્યાણ સાધ.''

નાગાર્જુનને જીવનભર જૈન ધર્મનું યોગ્ય રીતે પાલન કર્યું. એણે શ્રી શત્રુંજય મહાતીર્થની તળેટીમાં પાદલિપ્તપુર નામનું નગર વસાવ્યું. આજે એ પાલીતાણા તરીકે ઓળખાય છે. કોઈ જૈન આચાર્યના નામ પરથી કોઈ નગરનું નામ પડયું હોય તેનું આ વિરલ દૃષ્ટાંત છે.

નાગાર્જુને ગિરિરાજ પર જિનમંદિર બનાવ્યું તેમાં આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજીના હાથે અનેક જિનબિંબો સ્થાપ્યા. વળી આચાર્યશ્રીની મૂર્તિ પણ સ્થાપી. આચાર્યશ્રી પાદલિપ્તસૂરિએ ''તરંગવતી'' નામની વિશ્વના કથાસાહિત્યમાં આગવું સ્થાન ધરાવતી પ્રાકૃત મહાકાવ્યની રચના કરી.

આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજીએ 'નિર્વાણકલિકા', 'પ્રશ્નપ્રકાશ', 'કાલજ્ઞાન', જ્યોતિષ કરંડક' ની ટીકા, 'તરંગલીલાકથા' અને 'વીરસ્તુતિ' જેવી કૃતિઓની રચના કરી હતી. શ્રી શત્રુંજય તીર્થ પર બત્રીસ દિવસનું અનશન કરીને આ પાદલિપ્તસૂરિ કાળધર્મ પામ્યા હતા. આ રીતે ઉત્કૃષ્ટ સાહિત્ય, પ્રભાવક પ્રતિબોધ અને વિસ્મયજનક સિદ્ધિઓ ધરાવતા શ્રી પાદલિપ્તસૂરિજીએ જિનશાસનની યશસ્વી સેવા કરી.

# 9
# ॥ भरत चक्रवर्ती ॥

**योऽनन्तोऽव्यक्तमूर्तिर्जगदखिलभवद्भाविभूतार्थमुक्तः,**
**सर्वज्ञः सर्वदर्शी सकलजननतः संस्तुतः साधुसंघैः।**
**अक्षीणः क्षीणकर्मा वचनपथमतिक्रम्य यो दूरवर्ती,**
**स श्रीमानादिनाथस्तव दिशतु सदा मंगलं पुण्य लभ्यः।।**

जो अनन्त, अव्यक्त स्वरूपवाले, जगत् के सभी भूत, भविष्य और वर्तमान पदार्थों से मुक्त अर्थात् सर्वथा उदासीन, सर्वज्ञ, सर्वदर्शी, सभी लोगों द्वारा प्रणाम किए जाते, साधुओं के समूह द्वारा स्तुत, अक्षय, सब कर्मों का नाश करनेवाले, वचनपथ का अतिक्रमण करके अर्थात् अनिर्वचनीय होकर दूर सिद्धक्षेत्र में रहनेवाले- ऐसे पुण्य से प्राप्त होनेवाले श्री आदिनाथ प्रभु तुम्हारा सर्वदा मंगल करें।

भगवान् महावीर कहते हैं कि- हे इन्द्र ! निर्वाणरूपी सीढ़ी के उपर चढ़ने में तत्पर और इसीलिये कान के लिये, अमृत जैसा इस चक्रवर्ती भरत का चरित्र अब तुम सुनो।

तीर्थयात्रा के बाद अयोध्या में वापिस लौटने पर शुभ कार्य में प्रवृत्त सोमयश आदि को अलग अलग देश सोंपकर अत्यन्त वात्सल्यभाव रखनेवाले भरत चक्रवर्ती ने (स्नेह के कारण मन न मानने पर भी) किसी तरह बिदा किया। बाद में भोजन, वस्त्र, आदि से सकल संघ का सम्मान करके उन्होंने अपनी दो भुजाओं द्वारा पृथ्वी का भार स्वीकार किया। कुछ दिनों के बाद उद्यानपति द्वारा 'विचार करते हुए भगवान् अष्टापद पर समवसरण में पधारे हैं'— ऐसी बात सुनकर उन्हें वन्दन करने की इच्छा से वह वहाँ पर गए। श्री सर्वज्ञ भगवान् के मुखरूपी कमल से दान का महान् फल सुनकर चक्रवर्ती ने कहा कि ये श्रमण-साधु मेरा दान ग्रहण करें। इस पर जगद्गुरु भगवान् ने कहा कि 'निर्दोष होने पर भी राजपिण्ड (राजा के घर का आहार आदि) मुनि ग्रहण नहीं कर सकते, इसलिये इस बारे में प्रार्थना करना नहीं।'

इस पर फिर से भरतने कहा, 'हे स्वामिन ! दान के योग्य महान् पात्र मुनि है। यदि इन्हें भी में दान नहीं दिया जा सकता तो फिर में क्या करूं ? इस पर इन्द्र ने कहा कि 'हे राजन ! यदि आपको दान देना ही है तो गुणों में श्रेष्ठ साधर्मिक श्रावक भाइयों को दान दो । ऐसे इन्द्र के कथन को सुनकर अयोध्या में पहुंचने के बाद साधर्मिक भाइयों को प्रतिदिन भोजन कराने लगे । जिस प्रकार श्री आदीश्वर प्रभु से धर्म की प्रर्वतना हुई उसी प्रकार भरत चक्रवर्ती से साधर्मिक वात्सल्य का रिवाज तब से प्रचार में आया ।

---

**Bharat Chakravarti Vol. VI Ch. 37-B, Pg. 2529-2539**

अपना मोक्षकाल नझदीक जानकर प्रभु अष्टापद पर्वत पर पधारे। यहाँ दस हजार मुनियों के साथ भगवानने अनशन ग्रहण किया। भगवान् की इस अवस्था के बारे में सुनकर भरत तुरंत ही अष्टापद पर्वत पर गए । वहाँ भगवान् का देह विलय देखकर राजा भरत, शोक के कारण रोने लगे ।

इस पर फिर से भरत और विश्व के लिये सदा नमन करने योग्य है— ऐसे भगवान् के बारे में लगातार कैसे शोक किया जा सकता है ? दूसरों से जो शक्य नहीं है ऐसे कार्य करनेवाले तथा कर्म-बन्धन का त्याग करनेवाले मुमुक्षुओं के लिये तो यह भगवान् का निर्वाण विशेषरूप से महोत्सव जैसा है। ये हर्ष और शोक तो स्वार्थ का 'घात करनेवाले तथा पाप के योग्य (कारणभूत) हैं। इसलिये शोक का त्याग करके, हे बुद्धिरूपी धनवाले ! आप अपना धैर्य पुनः प्राप्त करें । इस तरह चक्रवर्ती को आश्वासन देकर इन्द्र ने भगवान् के लिये गोल, और दक्षिण दिशा में दूसरे ईक्ष्वाकु वंशियों के लिये त्रिकोण तथा दूसरे मुनियों के लिये चौकोर चिताएँ देवताओं ने बनाईं । बाद में क्षीरसागर के जल से भगवान् के शरीर को नहलाकर वस्त्र एवं अलंकारों से सजाकर इन्द्र ने उसे शिबिका में रखा। इसी प्रकार दूसरे देवों ने ईक्ष्वाकुओं के तथा इतर मुनिवरों के भी शरीर नहलाकर तथा उन्हें अलंकृत करके भक्तिपूर्वक शिबिका में रखे। इसके बाद जब कोई बाजे बजा रहे, कोई फूलों की बारिश कर रहे थे, कोई ऊँचे से गीत गा रहे तथा कोई नाच रहे थे तब चिताओं पर शरीर रखे गए। अग्निकुमार और वायुकुमार के देवों ने उन शरीरों को जल्दी ही जला डाला। इसके बाद मेघकुमारों ने बची हुई अस्थियों को ठण्डा किया। सब देवों ने अपने अपने घरों में भगवान् के तथा दूसरों के दाँत और अस्थियों की यथा योग्य पूजा करने के लिये उन्हें ले लिया। मांगने वाले कुछ श्रावकों को देवों ने तीनों कुण्डों की अग्नि दी। तबसे लेकर वे अग्निहोत्री ब्राह्मण कहलाए। कुछ लोगों ने उनकी भस्म प्राप्त करके उसे भक्तिपूर्वक नमस्कार किया। तबसे भस्म से विभूषित शरीरवाले तापस कहलाए।

इसके बाद उन चितास्थानों में तीन विशाल स्तूपों का निर्माण करके इन्द्रों ने नन्दीश्वर द्वीप में आनन्द के साथ अष्टाह्निका महोत्सव किया। बादमें अपने स्थानों पर जाकर तथा हृदय में जिनेश्वर भगवान् का स्मरण करते हुए देव विघ्न की शान्ति के लिये भगवान् की अस्थियों की पूजा करने लगे।

इधर भरत ने भी चिता के पास की जमीन पर वर्द्धकी-रत्न द्वारा भगवान् का एक प्रासाद बनवाया। तीन कोस ऊँचे और एक योजन विस्तृत उस मन्दिर में तोरणों से मनोहर ऐसे चार दरवाजे बनवाए। इन चारों दरवाजों के पास स्वर्ग मण्डप जैसे मण्डप तथा उनके भीतर पीठिका, देवच्छन्दिका तथा देविका का भी निर्माण किया गया। उसमें सुन्दर पीठिका के ऊपर कमलासन पर आसीन और आठ प्रातिहार्य सहित अरिहन्त भगवान् की रत्नमय शाश्वत चार प्रतिमाएँ तथा देवच्छन्द के ऊपर अपनी-अपनी ऊँचाई, लाँछन (चिह्न) और वर्णवाली चौबीस तीर्थङ्करों की मणि तथा रत्नों की मूर्तियाँ स्थापित कीं। उन प्रत्येक मूर्तियों के ऊपर तीन तीन छत्र, दोनों ओर दो-दो चामर, आराधक यज्ञ, किन्नर और ध्वजाएँ भी स्थापित करने में आयी। इनके अतिरिक्त उन्होंने अपने पूर्वजों की, भाईयों की, दोनों बहनों की तथा भक्ति से विनम्र ऐसी अपनी भी प्रतिमा का निर्माण किया। चैत्य के चारों ओर चैत्यवृक्ष, कल्पवृक्ष, सरोवर, कूँए, बावड़ियाँ और खूब ऊँचे मठ बनवाए। चैत्य के बाहर मणि-रत्नों का भगवान् का एक ऊँचा स्तूप और उस स्तूप के आगे दूसरे भाईयों के स्तूप भी खड़े किए। भरतराजा की आज्ञा से इन स्तूपों के चारों ओर पृथ्वी पर विचरण करनेवाले अनेक प्राणियों द्वारा अभेद्य लोहपुरुष और अधिष्ठायक देव भी स्थापित किए गए। इस प्रकार राजा ने 'सिंहनिषधा' नामक प्रासाद का विधिवत् निर्माण करके उसमें मुनिवृन्द द्वारा उत्सवपूर्वक प्रतिष्ठा करवाई। इसके बाद पवित्र और सफेद वस्त्र धारण किए हुए उन्होंने जिनमन्दिर में प्रवेश किया और 'निसीही' करके चैत्य की तीन बार प्रदक्षिणा की। इसके पश्चात् पवित्र जल से प्रतिमाओं का अभिषेक करके कोमल वस्त्रों द्वारा, मानो सूर्य को उत्तेजित करते हों इस तरह, उन्हें पोंछा। सुगन्ध से युक्त सुन्दर चाँदनी के समूह जैसे चन्दन से चक्रवर्ती ने, अपने यश से जिस तरह पृथ्वी पर लेप किया था उस तरह, उन प्रतिमाओं पर लेप किया। इसके बाद सुगन्धी और अनेक प्रकार के वर्णवाले फूलों

से भगवान् की भक्तिपूर्वक पूजा की और मानो कस्तूरी की बेल बना रहे हों इस तरह धूप भी जलाया। बाद में भगवान् के आगे से जरा पीछे हटकर मणिमय पीठ के ऊपर शुद्ध अक्षत (चावल) से अष्टमंगल की रचना की तथा ढ़ेर के ढ़ेर फल भी चढ़ाए। इसके बाद दीपक के प्रकाश से सब जगह से मानों अन्धकार के समूह को दूर कर रहे हों इस तरह भरत चक्रवर्ती ने मंगल दीए के साथ ही साथ आरती भी उतारी। बादमें अतिशय भक्ति के कारण ऊपर की ओर उठे हुए रोमांच की कान्ति से बीधें हुए, हर्ष के आँसू रूपी मोती और वाणीरूपी सूत से हार गूँथते हों इस तरह स्तुति करने लगे–

''हे स्वामिन् ! हे जगदाधार ! जिस पृथ्वी पर आपने धर्म का उद्धार किया है उस पृथ्वी को छोड़कर तथा स्वर्ग एवं नरक की छोर को भी पार करके अत्यन्त कठिनाई से प्राप्त होनेवाले लोक के अग्रभाग (मोक्ष) में तुम चले गए हो। यद्यपि तुम इस त्रिलोक का त्याग करके जल्दी ही चले गए हो फिर भी वह तो अपने चित्त में तुम्हारा ध्यान बलपूर्वक करता ही रहेगा। तुम्हारे ध्यानरूपी रस्सी का अवलम्बन लेकर मेरे जैसे दूर रहने पर भी तुम्हारे पास ही में हैं। जब ऐसा है तब तुम पहले क्यों चले गए। अशरण हमें यहाँ पर छोड़कर जैसे तुम सहसा चले गए हो वैसे, जब तक हम तुम्हारे पास में न आ जाएँ तब तक, हमारे मन में से मत चले जाना।''

इस प्रकार श्री आदिनाथ भगवान् की स्तुति करने के बाद भरत चक्रवर्ती ने दूसरे भी अरिहन्त भगवान्‌ों को भक्तिपूर्वक नमस्कार करके उनकी अभिनव उक्ति से युक्त स्तुति की।

'इस रत्नमय प्रासाद की कालके जैसे क्रूर प्राणी और मनुष्यों द्वारा आशातना न हो'– ऐसा विचार करके भरत ने पर्वत के शिखर तोड़ डाले और दण्ड-रत्न द्वारा एक-एक योजन की दूरी पर आठ पैड़ियाँ कराईं जिससे वह अष्टापद के नाम से प्रसिद्ध हुआ। इस तरह सब कार्य वहाँ सम्पूर्ण करके अत्यन्त दुःखी भरत राजा मन को वहीं रखकर बाकी के देह के साथ पर्वत पर से नीचे उतरे। शोकयुक्त मनुष्यों के द्वारा बहाए गए आँसुओं से पृथ्वी को धूल रहित करते हुए वह निष्पाप राजा क्रमशः प्रयाण करते हुए विनीता नगरी मे आए। वहाँ आने के बाद उनका मन गीत में, कविता के उदात्त रस में, सुन्दर स्त्रियों में अथवा क्रीड़ा-सरोवरों में नहीं लगता था। नन्दनवन जैसे उद्यानों में, सुख देनेवाले चन्दन में, सुन्दर हार में अथवा भोजन किंवा जल में उन्हें आनन्द नहीं आता था। आसन में, शयन में, वाहन में, धन में, तथा दूसरे सभी कार्यों में एक मात्र भगवान् का ही ध्यान करनेवाले अपने स्वामी से सब मंत्री कहने लगे कि 'देवताओं ने जिसे मेरू पर्वत पर नहलाया, जिससे इक्ष्वाकु कुल निकला, जिसने राजाओं का आचार (राजनीति) दिखलाया, जिससे भली प्रजा सन्तुष्ट है, जिससे धर्म का प्रादुर्भाव हुआ है, जिसका उज्ज्वल चारित्र है और जिसमें ज्ञान ने स्थिति की है–अर्थात् जिसे केवलज्ञान हुआ है–ऐसे भगवान् के बारे में शोक करना योग्य नहीं है। उस परमेश्वर की तो स्तुति करनी चहिए, उसकी सदा भक्तिपूर्वक पूजा करो, उससे आप सनाथ हों, उसी में अपने चित्त को लगाओ, उससे प्राप्त किए हुए बोध का चिन्तन करो, उसके गुणों का अवलम्बन लो और जो परम-पद में लीन हो गए हैं उनके बारे में मन में मोह न रखो।'

मंत्रियों द्वारा कहे गए ऐसे वचन सुनकर चक्रवर्ती ने किसी तरह अपना दारूण शोक छोड़ दिया और राजकार्य में लग गए। आहिस्ते-आहिस्ते भगवान् के शोक से मुक्त वह लहरी राजा सुख-विलास की भावना से प्रेरित होकर ऊँचे महल में विश्वस्त लोगों के साथ रमण करने लगे।

एक दिन स्नान करने से सुन्दर लगनेवाले तथा सब अंगों के ऊपर आभूषण पहने हुए भरत राजा ने दर्पणागार (शीश महल) में प्रवेश किया। वहाँ पर उन्होंने अपनी ऊँचाई जितने बड़े तथा सान पर चढ़ाने से पानीदार लगनेवाले रत्न के दर्पण में लीलापूर्वक अंगडाई लेकर अपना रूप देखा। प्रत्येक अंग को देखकर प्रसन्न होनेवाले भरत, अँगूठी बिना की और इसीलिये पाला पड़ने से वृक्ष की जली हुई शाखा जैसी मालूम होनेवाली अपनी अंगुली देखकर विचार करने लगे कि 'अँगूठी से जिस तरह मेरी' अंगुली में यह कृत्रिम शोभा मालूम

પછી એક એક દિશામાં આઠ આઠ સ્નાત્રિયા, પંચામૃતથી સંપૂર્ણ ભરેલા કળશો લઈને ઊભા રહે, અને તેની સાથે જળની જેમ ચંદન, પુષ્પ, ધૂપ, દીપક, અક્ષત, નૈવેદ્ય અને ફળ; એમ અષ્ટપ્રકારી પૂજાનો સામાન સાથે રાખી પૂજનની ક્રિયા દ્રવ્ય-ભાવથી સાચવે અને જૈન મંદિરમાં પૂજા કરે. ॥૧૫॥

આ પૂજાના કર્તા શ્રી દીપવિજયજી કવિરાજ કહે છે કે, સંસારસમુદ્રમાં વહાણ સમાન એવા ચોવીસ તીર્થંકર પ્રભુને ચઢતે ભાવે પૂજીએ. હે ગુણરસિક એવા શ્રાવકો ! આ રીતથી અષ્ટાપદ તીર્થની આરાધના કરો અને કરાવો. ॥૧૬॥

## ॥ ઢાળ બીજી ॥

(રાગ - આશાવરી; ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા-એ દેશી)

ગઈ ચોવીશીના ત્રણ જે આરા, સાગર નવ કોડાકોડી રે ॥
તેહમાં યુગલનો કાળ ગવેષો, કહે ગણધર ગણિ જોડી રે,
ધન ધન જિન આગમ સાહિબા ॥૧॥

ઋષભ ચોવીશીના ત્રણ જે આરા, તેહમાં પણ એ રીત રે ॥
ઋષભ પ્રભુજીના જન્મ સમય લગે, અઢાર કોડા-કોડી જીત રે ॥
ધન૦ ॥૨॥

અઢાર કોડાકોડી સાગરમાંહે, દશ ક્ષેત્ર સરિખા ભાવ રે ॥
ભૂમિ થાળી સમ સરખી હોઈ, જંબૂદ્વીપપન્નત્તિ જીવાભિગમમાં બતાવે રે ॥
ધન૦ ॥૩॥

ત્રીજા આરાના વરસ થાકતે, ચોરાસી લખ પૂર્વ વરસે રે ॥
નાભિનૃપ સરિખાના કુલમેં, પ્રગટે પ્રથમ જિન હરસે રે ॥
ધન૦ ॥૪॥

ત્રીજા આરાના વર્ષ ચોરાશી, લાખ પૂર્વ રહે શેષ રે॥
દશ ક્ષેત્રે સમકાળે હોઈ, બંદર ભરતક્ષેત્ર પ્રમાણે હોઈ,
વાદળ પ્રગટતે જલધર વરસે રે ॥
ધન૦ ॥૫॥

પંચ જાતિના જલધર વરસે, સમભૂમિ જળથી ખોદાય રે ॥
નાના મોટા પર્વત પ્રગટે, સમભૂમિ વિષમ તે થાય રે ॥
ધન૦ ॥૬॥

અવસર્પિણ ઉત્સર્પિણી એહવાં, લોમ વિલોમ છે ભાવ રે ॥
શાશ્વતા ભાવ કહ્યા વીતરાગે, કાળ સ્વભાવ બનાવ રે,
જંબૂદ્વીપ-પન્નત્તિમાં ભાવ રે ॥
ધન૦ ॥૭॥

જંબૂના દક્ષિણ દરવાજેથી, વૈતાઢ્યની મધ્યમ ભાગ રે ॥
નયરી અયોધ્યા ભરતની જાણો, કહે ગણધર મહાભાગ રે ॥
ધન૦ ॥૮॥

જંબૂના ઉત્તર દરવાજેથી, વૈતાઢ્યથી મધ્યમ ભાગ રે ॥
અયોધ્યા ઐરવતની જાણો, કહે ગણધર મહાભાગ રે ॥
ધન૦ ॥૯॥

બાર યોજન છે લાંબી પહોળી, નવ યોજનને પ્રમાણ રે ॥
નયરી અયોધ્યા નજીક અષ્ટાપદ, બત્રીસ કોશ ઊંચાણ રે ॥
ધન૦ ॥૧૦॥

તે અયોધ્યામાં નાભિ નરપતિ, કુલ વહુ મરૂદેવી નાર રે ॥
ઋષભ પ્રભુજીનાં માતાપિતા એહ, ધન ધન જસ અવતાર રે ॥
ધન૦ ॥૧૧॥

સરવારથનાં સુર સુખ પાળી, સાગર તેત્રીસ આય રે ॥
અષાઢ વદ ચોથ જિન ચવિયા, ચ્યવન કલ્યાણક થાય રે ॥
ધન૦ ॥૧૨॥

ચૈત્ર વદ નિશિ અષ્ટમી જન્મ્યા, ત્રિભુવન થયો ઉદ્યોત રે ॥
દીપવિજય કવિરાજ પ્રભુજી, તારણ ભવજળ પોત રે ॥
ધન૦ ॥૧૩॥

**અર્થ –** ભૂતકાળની એટલે ઉત્સર્પિણીકાળની ચોવીસીના છેલ્લા ત્રણ આરા, તેમાં ચોથો આરો બે કોડાકોડી સાગરોપમનો છે. પાંચમો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો અને છઠ્ઠો આરો ચાર કોડાકોડી સાગરોપમનો છે. તે મળીને નવ કોડાકોડી સાગરોપમ થાય. તે પછી અવસર્પિણીકાળનો પહેલો આરો ચાર કોડાકોડી સાગરોપમનો છે. બીજો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો છે. ત્રીજો આરો બે કોડાકોડી સાગરોપમનો છે. એવી રીતે અઢાર કોડાકોડી સાગરોપમનો કાળ વિરતિરૂપ ધર્મ વિનાનો અને પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં એમ દશે ક્ષેત્રમાં સરખા ભાવવાળો તેમ જ યુગલિક ધર્મવાળો હોય છે. તે વખતે આ દશે ક્ષેત્રની ભૂમિ થાળી સરખી હોય છે. તેમાં ત્રીજા આરામાં ચોરાસીલાખ પૂર્વ અને નેવાસી પખવાડિયાં બાકી હોય ત્યારે ઋષભદેવ ભગવાન જેવા પ્રથમ તીર્થંકર ઉત્પન્ન થાય છે. એ વખતે એટલે જ્યાં સુધી પ્રથમ તીર્થંકર ઉત્પન્ન ન થાય ત્યાં સુધી આવી સ્થિતિ વર્તે છે, તે વખતે આકાશમાં પાંચ જાતિના વરસાદ વરસે છે અને ભરતક્ષેત્રની ભૂમિ બંદરરૂપ બને છે. વરસાદથી સરખી ભૂમિ તે પણ મોટા નાના પર્વતરૂપે બની સમ-વિષમભાવ ભજવે છે. આવા ભાવો અવસર્પિણીના અને ઉત્સર્પિણીના સવળા અને અવળા ક્રમભાવે અનાદિઅનંત સ્થિતિપણે વર્તે છે. આવા શાશ્વતા અને અપેક્ષાએ અશાશ્વતા ભાવો જંબૂદ્વીપ્રજ્ઞપ્તિ અને જીવાભિગમસૂત્રમાં બતાવ્યા છે. આ બાબતનું વર્ણન શ્રી તીર્થંકર પ્રભુની ત્રિપદી પામેલા ગણધર મહારાજાઓએ પોતાના સ્વમુખે કહેલું છે. ॥ ૧ થી ૭ ॥

જંબૂદ્વીપના દક્ષિણ જગતીના દરવાજાથી અને વૈતાઢ્યના મધ્યમ પ્રદેશમાં ભરતક્ષેત્રની અંદર અયોધ્યા નામની નગરી ગણધર મહારાજાએ દર્શાવી છે. એવી રીતે જંબૂદ્વીપના ઉત્તર જગતીના દરવાજાથી વૈતાઢ્યના મધ્ય પ્રદેશમાં ઐરવત ક્ષેત્રમાં અયોધ્યા નગરી આવેલી છે. તે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી એવી અયોધ્યા નગરી જે દક્ષિણ ભરતાર્ધના મધ્ય પ્રદેશે છે, તેની નજીકમાં બત્રીસ કોશ ઊંચો અષ્ટાપદ નામનો પર્વત આવેલો છે. આવી સુંદર વાણી ગણધર પ્રભુએ કહેલી છે. જિનેશ્વર ભગવાને પ્રકાશેલા અર્થરૂપ અને ગણધર મહારાજાએ ગૂંથેલા સૂત્રરૂપ આગમોને વારંવાર ધન્યવાદ ઘટે છે. ॥ ૮ થી ૧૦ ॥

ભરતક્ષેત્રની અયોધ્યા નગરીમાં નાભિ કુલકર થયા. તેમને મરૂદેવી નામે રાણી હતી. આ દંપતિના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન પુત્ર થાય. તેઓ સર્વાર્થસિદ્ધ નામના પાંચમા અનુત્તર વિમાનથી તેત્રીસ સાગરોપમનું આયુષ પૂરું કરી, અષાઢ વદી ચોથે ચ્યવીને મરૂદેવી માતાની કુક્ષીમાં પધાર્યા, તે વખતે પ્રથમ તીર્થંકરનું ચ્યવન કલ્યાણક થયું. ત્યાર પછી ગર્ભકાળ પૂરો થતાં ચૈત્ર વદી આઠમને દિવસે, જેનાથી ત્રણ ભુવનમાં ઉદ્દ્યોત થાય અને સંસારસમુદ્રમાં તરવા તથા તરાવવામાં વહાણ સમાન બને એવા પ્રથમ તીર્થંકર જન્મ્યા. તે વખતે શ્રી ઋષભદેવ ભગવાનનું જન્મ કલ્યાણક થયું. કવિરાજ શ્રી દીપવિજયજી મહારાજ આગમોનું અવલોકન કરી ઋષભદેવ ભગવાનના જાણવા યોગ્ય ભાવો આ રીતે પ્રથમ જળપૂજાની બીજી ઢાળમાં પ્રદર્શિત કરે છે. ॥ ૧૧ થી ૧૩ ॥

**॥ મંત્ર ॥ ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મ-જરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય॥ પૂર્વદિશાસંસ્થિત ઋષભ ॥૧॥ અજિત ॥૨॥ દક્ષિણ દિશાસંસ્થિત સંભવ ॥૧॥ અભિનંદન ॥૨॥ સુમતિ ॥૩॥ પદ્મપ્રભ ॥૪॥ પશ્ચિમ દિશાસંસ્થિત સુપાર્શ્વ ॥૧॥ ચન્દ્રપ્રભ ॥૨॥ સુવિધિ ॥૩॥ શીતલ ॥૪॥ શ્રેયાંસ ॥૫॥ વાસુપૂજ્ય ॥૬॥ વિમલ ॥૭॥ અનંત ॥૮॥ ઉત્તરદિશા-સંસ્થિત ધર્મ ॥૧॥ શાન્તિ ॥૨॥ કુંથુ ॥૩॥ અર ॥૪॥ મલ્લિ ॥૫॥ મુનિસુવ્રત ॥૬॥ નમિ ॥૭॥ નેમિ ॥૮॥ પાર્શ્વ ॥૯॥ વર્ધમાન ॥૧૦॥ નિષ્કલંકાય, ચત્તારિ અટ્ઠ દસ દોય જિનવિશ્વનાથાય, દેહવર્ણલાંછનસહિતાય, ચતુર્વિંશતિજિનાધિપાય, જલં યજામહે સ્વાહા ॥**

॥ ચારે કોરે કળશ ઢોળે ॥

॥ અથ શ્લોક ॥

વિમલકેવલભાસનભાસ્કરં, જગતિ જન્તુમહોદયકારણમ્ ॥
જિનવરં બહુમાનજલૌઘતઃ, શુચિમનાઃ સ્નાપયામિ વિશુદ્ધયે ॥૧॥

॥ મંત્રનો અર્થ ॥

**અર્થ** – ૐ હ્રીઁ શ્રી એવા પ્રકારના મંત્રપૂર્વક પરમપુરુષ એવા પ્રભુ, વળી, પરમ ઐશ્વર્યવાળા, અને જન્મ તેમજ મૃત્યુને નિવારણ કરનારા, બાહ્ય અને અભ્યંતર લક્ષ્મીયુક્ત, વળી રાગદ્વેષના જિતનારા, વળી ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત ઉપર પ્રતિમારૂપે સ્થાપન કરેલ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ અને અજિતનાથ, તેમજ દક્ષિણ દિશામાં સ્થાપન કરેલા શ્રી સંભવનાથ, શ્રીઅભિનંદનસ્વામી, સુમતિનાથ અને પદ્મપ્રભ એમ ચાર તીર્થંકર; વળી, પશ્ચિમ દિશામાં સ્થાપન કરેલા સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્યસ્વામી, વિમલનાથ, અને અનંતનાથ એમ આઠ તીર્થંકર; વળી, ઉત્તર દિશામાં સ્થાપન કરેલા ધર્મનાથ, શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, પાર્શ્વનાથ, અને વર્ધમાનસ્વામી, એમ દશ તીર્થંકર-એવી રીતે બે, ચાર, આઠ અને દશ એમ ચોવીસ તીર્થંકર થાય, તે સર્વે કર્મકલંકથી રહિત છે; રાગદ્વેષના જીતનાર છે, વિશ્વના નાથ છે અને તેમના દેહનો વર્ણ, લાંછન અને શરીરની ઊંચાઈ પ્રમાણે ભરત ચક્રવર્તીએ ચોવીસ પ્રભુનાં બિંબ ભરાવ્યા છે. એવા ચોવીસ તીર્થંકર પ્રભુની જળપૂજા અમે કરીએ છીએ. આવી રીતે મંત્રાક્ષરોમાં 'સ્વાહા' શબ્દથી કહેલું છે.

(હવે શ્લોકનો અર્થ જણાવે છે)

નિર્મળ કેવળજ્ઞાનથી લોકાલોકના ભાવ પ્રગટ કરવામાં સૂર્ય સમાન; વળી, ત્રણ જગતના જન્તુના મહોદયમાં કારણભૂત એવા જિનેશ્વર પ્રભુનું બહુમાનપૂર્વક જળના સમૂહથી પ્રભુની જળપૂજા હું શુચિ મનવાળો થઈને આત્માની શુદ્ધિને અર્થે કરું છું.

## ॥ દ્વિતીય ચંદન પૂજા પ્રારંભ ॥

(દોહા)

બીજી પૂજા ભવિ કરો, ચંદનની સુખકાર ॥
ચંદનથી તનુ લેપતાં, વાંછિત ફલ દાતાર ॥૧॥

**અર્થ** – હે ભવ્ય જીવો ! ચંદનની સુખાકારી એવી બીજી પૂજા કરો. ચંદનથી પ્રભુના શરીર ઉપર લેપ કરતાં વાંછિત ફલની પ્રાપ્તિ થાય છે. ॥૧॥

॥ ઢાળ બીજી ॥

(દલ વાદલનાં પાણી કુણ ભરે—એ દેશી)

અષ્ટમી ચૈત્ર વદીની મધ્ય રયણી, ઋષભના જન્મ સોહાય છે રે ॥
જેનાં માંગલિક નામ ગવાય છે ॥
કોડા કોડી દેવ ઇંદ્ર મેરુગિરિ લાવે,
જોતાં તે આનંદ પાય છે રે ॥ જેનાં૦ ॥૧॥

પાંચ રૂપ ઈંદ્ર કરે બહુ લાભ લેવા, જોઈ જોઈ ચિત્ત હરખાય છે રે ॥
જેનાં૦ ॥
ગ્રહે પ્રભુ એક રૂપ વળી રૂપે ચમર એક, રૂપે છત્રને ધરાય છે રે ॥
જેનાં૦ ॥૨॥

રૂપ એકથી ગ્રહી વજ્રને ઉલાળે, પ્રભુને આગળ ઉજાય છે રે ॥
જેનાં૦ ॥
શું કામ કરે દેવરાજ દેવ ઉપરે, સુકૃત લાભ કમાય છે રે ॥
જેનાં૦ ॥૩॥

કળશા એક કોડ સાઠ લાખ સંખ્યા, તે સહુ નીરથી ભરાય છે રે ॥
જેનાં૦ ॥
અઢીશેં વાર અભિષેક પ્રભુ ઉપરે, દેવનાં જીત એ જણાય છે રે ॥
જેનાં૦ ॥૪॥

બહુ ચિરંજીવ માન મરૂદેવી જાયા, ઈમ આશિષ કહાય છે રે ॥
જેનાં૦ ॥
ચાર ઘડી શેષ રાત પાછલી જે વારે, મરૂદેવી માત પાસ લાય છે રે ॥
જેનાં૦ ॥
અંગૂઠડે તે અમૃત ઠવાય છે રે, જેનાં માંગલિક નામ ગવાય છે રે ॥૫॥

નાભિ નૃપતિ ઈંદ્ર મળી પ્રભુજીનાં, ઋષભદેવ તે ઠામ ઠવાય છે રે ॥
જેનાં૦ ॥
રાણી સુનંદા સુમંગલાની જોડલી, સો બેટા દો બેટડી થાય છે રે ॥
જેનાં૦ ॥૬॥

ભાઈ બેનના સંભોગ નિવારી, યુગલા ધર્મને હરાય છે રે, ॥
જેનાં૦ ॥
બાહુબળી બ્રાહ્મી ને ભરતને સુંદરી સગપણ વિવાહ ઠરાય છે રે ॥
જેનાં૦ ॥૭॥

આરા અવસર્પિણીના અનંતા, એહ રીત જીત તે લખાય છે રે ॥
જેનાં૦ ॥
દીપવિજય કવિરાજ ધર્મ નિત્યએ, ઋષભ પ્રભુના પસાય છે રે ॥
જેનાં૦ ॥૮॥

**અર્થ** – ચૈત્ર મહિનાની વદી આઠમ હતી તે રાત્રિના મધ્ય સમયમાં ઋષભદેવ ભગવાનનો જન્મ થાય છે તે વખતે કોડા-કોડી દેવો મળીને પ્રભુનો અભિષેક કરવા મેરુગિરિ ઉપર આવે છે. ઈંદ્ર મહારાજા પાંચ રૂપ કરે છે. એક રૂપથી પ્રભુને ખોળામાં ગ્રહણ કરે છે. બે રૂપથી બે બાજુ ચામર ઢાળે છે. એક રૂપથી છત્ર ધારણ કરે છે. એકરૂપથી વજ્ર હાથમાં લઈને ઉછાળે છે. પછી મેરૂ પર્વત ઉપર એક ક્રોડ અને સાઠ લાખ સંખ્યાવાળા બહોળા પ્રમાણવાળા અભિષેકથી પ્રભુનો જન્મ મહોત્સવ કરે છે. આ બાબતમાં આઠ જાતિના ચોસઠ હજાર કળશ અને અઢીશેં અભિષેકથી પ્રભુને સ્નાત્ર થતું હોવાથી ચોસઠ હજારને અઢીશેંએ ગુણીએ તો કળશાના અભિષેકની સંખ્યા બરાબર મળી રહે છે. અઢીશેં

અભિષેકોના નામ પૂજાના વિશેષ ભાવાર્થમાં કહેવાશે. આ અભિષેક કરવાનો ઇંદ્રોનો અનાદિકાળનો કલ્પ છે અને ભવિષ્યમાં અનંતકાળમાં પણ આ પ્રકારનો કલ્પ વિદ્યમાન રહેશે. ॥ ૧ થી ૪ ॥

તે વખતે ઇંદ્ર મહારાજા મરૂદેવી માતાને સારીસારી આશિષો આપે છે. ચાર ઘડી રાત પાછલી બાકી રહે છે ત્યારે મેરુપર્વતના સ્નાત્રની પૂર્ણાહુતિ કરી પ્રભુજીને માતા પાસે લાવે છે અને અવસ્વાપિની નિદ્રા હરી લઈ પ્રભુને સુપ્રત કરે છે. જમણા અંગૂઠામાં ઇન્દ્ર અમૃતનું સિંચન કરે છે. ત્યારબાદ નાભિરાજા અને ઇન્દ્ર મળીને પ્રભુજીનું શ્રી ઋષભદેવ એવું નામ સ્થાપન કરે છે. ત્યાર પછી ઉંમર થયે સુનંદા અને સુમંગલાની સાથે ભગવાનનું પાણિગ્રહણ થાય છે. પ્રભુજીને સંતતિમાં સો પુત્ર અને બે પુત્રીઓ થાય છે. પ્રભુજી ભાઈ-બહેનના સંભોગ નિવારી યુગલાધર્મનું નિવારણ કરે છે. બાહુબલીની સાથે બ્રાહ્મીનું અને ભરતની સાથે સુંદરીનું સગપણ (વિવાહ) ઠરાવે છે. આવા અવસર્પિણીકાળના અનંતા આરા કલ્પ પ્રમાણે થયા છે, થાય છે, અને થશે, કવિરત્ન શ્રી દીપવિજયજી મહારાજ કહે છે કે ઋષભ પ્રભુના પસાયથી અમને હંમેશાં ધર્મની પ્રાપ્તિ થાઓ. એ માટે પ્રભુની ભક્તિના રસિક જીવો માંગલિક નામો અહોનિશ ગાય છે. ॥૫-૬-૭-૮॥

॥ ઢાળ ॥

(ગીત - હું તો મોહી રે નંદલાલ મોરલીને તાને, તથા-
મહારે દીવાળી થઈ આજ, પ્રભુમુખ જોવાને—એ દેશી)

ઋષભના વંશ ને ગોત્ર વખાણું, સ્થાપ્યાં જે સુરરાજે રે ॥
એક કોડાકોડીસાગર માંહે, પ્રત્યક્ષ વરતે આજ ॥૧॥
ધનધન એ કુલને રે ॥
જેમાં પ્રગટયા જિન બાવીસ, ધન ધન એ કુલને રે ॥એ આંકણી॥

પંચ મેઘથી હુઈ વનરાઈ, હુઓ કાશ સમુદાય રે ॥
સાત વાર ફરી ફરીને ઊગે, શેલડી તેહની થાય
॥ ધન૦ ॥ જેમાં ॥૨॥

પ્રભુનાં ગોત્ર વંશને કરવા, હરિ ઉછરંગે જાયે રે॥
મારગમાંથી શેલડી સાંઠો, લેઈ જિન પાસે આવે
॥ ધન૦ ॥ જેમાં૦ ॥૩॥

હાથ પસારી લેઈ ઋષભજી, ઇન્દ્રે અવસર જાણી રે ॥
કાશ્યપ ગોત્ર વંશ ઈક્ષ્વાગ એ, થાપે કહી સુરવાણી
॥ ધન૦ ॥ જેમાં ॥૪॥

નેમનાથ મુનિસુવ્રત જિનનો, શ્રી હરિવંશ સોહાવે રે ॥
એ દોય પ્રભુના ગુણ રત્નાકર, ગૌતમ ગોત્ર સોહાવે
॥ ધન૦ ॥ જેમાં૦ ॥૫॥

બાવીસ જિન સહુ કાશ્યપગોત્રી, ઈક્ષ્વાગ વંશી છાજે રે ॥
એ માંહેથી છત્રીસ કુલ પ્રગટયા, રાજકુલી જેહ રાજે
॥ ધન૦ ॥ જેમાં૦ ॥૬॥

ઈક્ષ્વાગમાંથી સૂરજવંશી, ભરતેશ્વર નૃપ દીપે રે ॥
ઈક્ષ્વાગમાંથી ચન્દ્રવંશ તે, બાહુબળી જગ જીતે
॥ ધન૦ ॥ જેમાં૦ ॥૭॥

ઋષભાદિક ચોવીસ જિનવરનાં, ગોત્રને વંશ વખાણ્યાં રે॥
દીપવિજય કવિરાજ પ્રભુજી, કલ્પસૂત્રથી જાણ્યાં
॥ ધન૦ ॥ જેમાં૦ ॥૮॥

**અર્થ** – હવે શ્રી ઋષભદેવ ભગવાનનાં ઈન્દ્ર મહારાજાએ સ્થાપન કરેલાં વંશ અને ગોત્ર એમ બન્નેને વખાણું છું. તે વંશ અને ગોત્ર ચોથા આરાના એક કોડાકોડી સાગરોપમમાં હાલ પ્રત્યક્ષ રીતે વર્તે છે. એવા ઋષભદેવ ભગવાનના વંશ અને ગોત્રને ધન્ય હો ! જેમનાં વંશ અને ગોત્રમાં શ્રી નેમિનાથ અને શ્રી મુનિસુવ્રતસ્વામી એ બન્ને તીર્થંકરને છોડી દઈને બાકીના બાવીસ તીર્થંકર થયા છે. શ્રીઋષભદેવ ભગવાનના વખતમાં પાંચ મેઘથી જંગલની સર્વ વનસ્પતિ પ્રફુલ્લિત થઈ અને સાત વાર ફરીફરીને નવ પલ્લવિત થઈ, તેમાં શેરડીની પણ ઉત્પત્તિ થઈ. પ્રભુના ગોત્ર અને વંશના નામ સ્થાપન કરવાને માટે પ્રથમ કલ્પના ઈન્દ્રને હર્ષોલ્લાસ થયો. આકાશમાંથી ઊતરી મનુષ્યલોકના ભરતક્ષેત્રમાં આવી શેરડીનો સાંઠો લીધો. શ્રી નાભિરાજાના ખોળામાં બેઠેલા એક વર્ષની ઉંમરવાળા પ્રભુ પાસે શેરડીનું ભેટણું કર્યું; પ્રભુએ હાથ પસારી શેરડી લીધી, તે વખતે ઈન્દ્ર મહારાજાએ કાશ્યપ ગોત્ર અને ઈક્ષ્વાકુ વંશ એવા નામથી ગોત્ર અને વંશની સ્થાપના કરી. આ બાવીસ તીર્થંકરનાં ગોત્ર અને વંશ પ્રભુજીના નામવાળાં જ હતાં પરંતુ નેમિનાથ અને મુનિસુવ્રતસ્વામી એ બન્ને તીર્થંકરો હરિવંશ અને ગૌતમતીર્થ ગોત્રીયા હતા. ઋષભદેવ ભગવાનના વંશ અને ગોત્રમાંથી છત્રીસ પ્રકારના ક્ષત્રિય રાજકુલ પ્રગટ્યાં. તેમાં ઈક્ષ્વાકુ વંશમાં ભરતના પુત્ર સૂર્યયશાથી સૂર્યવંશ પ્રગટ્યો, તેમ જ ઈક્ષ્વાકુ વંશમાંથી બાહુબલીના પુત્ર ચંદ્રયશાથી ચન્દ્રવંશ પ્રગટ્યો. તેના મુખ્ય વડવાના વડવા ભરત ચક્રવર્તી હતા અને ચન્દ્ર વંશમાં બાહુબલીજી હતા. કવિરત્ન શ્રી દીપવિજયજી મહારાજ કલ્પસૂત્રમાંથી જાણીને આ ચંદન પૂજાની બીજી ઢાળમાં ચોવીસે તીર્થંકરોનાં ગોત્ર અને વંશ વખાણે છે. આવા શ્રી ઋષભદેવ પ્રભુનાં વંશ અને ગોત્રને ધન્યવાદ હો ॥ ૧ થી ૮ ॥

॥મંત્ર પૂર્વવત્ જાણવો.॥

ચંદન પૂજાનો શ્લોક આ પ્રમાણે-

**સકલમોહતમિસ્રવિનાશનં, પરમશીતલભાવયુતં જિનમ્ ।**
**વિનયકુંકુમદર્શનચંદનૈઃ, સહજતત્ત્વવિકાશકૃતેઽર્ચયે ॥૧॥**

**અર્થ** – સર્વ મોહરૂપી અંધકારને નાશ કરનાર અને પરમ શીતલ ભાવયુક્ત તથા રાગદ્વેષને જીતનાર એવા તીર્થંકર દેવની સ્વભાવિક તત્ત્વના વિકાસને માટે વિનયરૂપ દર્શન અને કંકુરૂપ ચંદન વડે હું પૂજા કરું છું ॥ ૧ ॥

## ॥ તૃતીય પુષ્પપૂજા પ્રારંભ ॥

(દોહા)

**ત્રીજી પૂજા કુસુમની, કીજે ભવિ ગુણ હેત ॥**
**ઈહભવ પરભવ સુખ લહે, સિદ્ધિતણા સંકેત ॥ ૧ ॥**

માલતી મરૂઓ મોગરો, કેતકી જાઈ ફૂલ ॥
જિનવર હિત જતના કરી, પૂજો ભાવ અમૂલ ॥ ૨ ॥

**અર્થ –** હે ભવિજીવો ગુણના હેતુને માટે આ ભવ અને પર ભવનાં સુખ પ્રાપ્ત કરાવનારી અને મુક્તિવધૂનાં સંકેતરૂપ ત્રીજી પુષ્પપૂજા કરો. ॥ ૧ ॥

માલતી, વળી, મરૂઓ તથા મોગરો, કેતકી જાઈ વગેરેનાં ફૂલ યતનાપૂર્વક પ્રભુનાં અંગ ઉપર ચઢાવીને અમૂલ્ય એવો ભાવ હૃદયમાં પ્રભુની પુષ્પપૂજાથી લાવો ॥ ૨ ॥

॥ ઢાળ ॥

(વેણ મ વાજ્યો રે, વિઠ્ઠલ વારૂ તમને—એ દેશી)

પ્રભુની રાજનીતિ હવે વર્ણવું, ઈંદ્રે કીધી કરણી ॥
કોસ અડતાલીસ ફરતો મંડપ, જેમ દોય રાણી પરણી ॥ ૧ ॥
અવસર પામી રે પ્રથમ જિણંદનો, જીત ઉત્સર્પિણીમાં રે
કુલગરની એ રીત ॥ એ આંકણી ॥

સિંહાસન ઉપર પ્રભુ થાપે, જળઓઘે નવરાવે ॥
ચમર છત્રને રાજચિહ્ન વળી, અલંકાર પહિરાવે ॥ અ૦ ॥૨॥

યુગલ સહુ જળ લેઈ આવે, ઠામ નહિ અભિષેક ॥
જમણે અંગૂઠે જળ સિંચે, મન આણી સુવિવેક ॥ અ૦ ॥૩॥

જુગલ સહુનો વિનય જાણી, વિનીતા નયરીવાસી ॥
નયરી અયોધ્યા એહિ જ વિનીતા, મંદિર જાળ ઉજાસી ॥ અ૦ ॥૪॥

એકસો પચવીશ યોજન માને, દક્ષિણ દરવાજેથી ॥
એકસો પચવીશ યોજન માને, મધ્ય વૈતાઢ્ય પર્વતથી ॥ અ૦ ॥૫॥

નયરી અયોધ્યા બેહુ મધ્ય ભાગે, બીજુ વિનીતા નામ ॥
જંબુદીવપન્નત્તિમાંહિ, કહે ગણધર ગુણગ્રામ ॥ અ૦ ॥૬॥

તે વિનીતાનો રાજા થઈ, પંચ શિલ્પ પ્રગટાવે ॥
વીસ વીસ એક એકની પાછળ, એકસો શિલ્પ બતાવે ॥ અ૦ ॥૭॥

પુરુષકળા બહોતર ને ચોસઠ, નારીકળા પ્રગટાવે ॥
લેખન ગણિત ક્રિયા અષ્ટાદશ, ઈમ સહુ નિત્ય બતાવે ॥ અ૦ ॥૮॥

નિજ નંદનને નામે મહોટા, મહોટા દેશ વસાવે ॥
રાજનીતિ સેવા ચતુરંગી, આ રાજ ખંડ સોહાવે ॥ અ૦ ॥૯॥

કુમરપણે લખવીસ પૂર્વને, ત્રેસઠ લખ પૂર્વરાજ ॥
વરસ ત્રાસી લખ પૂરવ પ્રભુની, ગૃહવાસે જિનરાજ ॥ અ૦ ॥૧૦॥

ચૈત્ર વદી આઠમને દિવસે, લઈ સંયમ શુભ ધ્યાન ॥
ચાર હજાર મુનિવર સાથે, પુરિમતાલ ઉદ્યાન ॥ અ૦ ॥૧૧॥

નમો સિદ્ધાણં પદ ઉચ્ચરતાં, પ્રગટે ચોથું જ્ઞાન ॥
અવઠિય ભાવ અનંતા જિનના, ભૂત ભવિષ્ય વર્તમાન ॥ અ૦ ॥૧૨॥

એક હજાર વરસ લગે જિનજી, છદ્મસ્થાલય પાળે ॥
તેહમાં એક વર્ષ તપ કીધું, સકલ કર્મમલ ટાળે ॥ અ૦ ॥૧૩॥

પારણું કીધું ઈક્ષુરસથી, દાતા નૃપ શ્રેયાંસ ॥
ચિત્ત વિત્ત ને પાત્ર વડાઈ, ઈક્ષાગકુલઅવતંસ ॥ અ૦ ॥૧૪॥

ઋષભ પ્રભુને ઈક્ષુરસ છે, ત્રેવીસ જિનને ખીર ॥
ઋષભ પ્રભુને દાતા ક્ષત્રી, ત્રેવીસ બ્રાહ્મણ ધીર ॥ અ૦ ॥૧૫॥

નિયમા દેવલોકનાં આયુ, બાંધે કે શિવ જાવે ॥
દીપવિજય કવિરાજ દાનના, મહિમા એ કહાવે ॥ અ૦ ॥૧૬॥

**અર્થ** – હવે પ્રભુની રાજનીતિ વખાણે છે. ઈન્દ્રે અડતાલીસ કોસનો મંડપ રચી, પ્રભુજીને સુનંદા અને સુમંગલા નામની રાણીઓ પરણાવી. અવસર પામીને આ અવસર્પિણીકાળમાં પ્રથમ તીર્થંકરનો સાંસારિક અને ધાર્મિક વહેવાર સાચવ્યો. એવી રીતે ઉત્સર્પિણીકાળમાં છેલ્લા તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુ જેવા થશે તે સમયમાં કુલકર વગેરેની વહેવારનીતિ પણ ઈન્દ્ર સાચવશે. હવે પ્રભુજીને સિંહાસન ઉપર સ્થાપન કરે છે. જળ અભિષેક બહોળા પ્રમાણમાં કરે છે; ચામર અને છત્ર વગેરે રાજચિહ્નો અને અલંકાર પ્રભુને અર્પણ કરે છે. તે વખતે યુગલિયાઓ કમલના પડિયામાં જળ ગ્રહણ કરીને પ્રભુનો અભિષેક કરવા આવે છે. પ્રભુનો અંગૂઠો જળ વડે સિંચન કરે છે કારણ કે શરીર ઉપર જો અભિષેક કરે તો પ્રભુનાં વસ્ત્રાદિક ભીંજાઇ જાય. તે વખતે યુગલિયાઓનો આવો વિવેક જાણી યુગલિયા વિનીત હોવાથી તે વાતાવરણનું ધ્યાન આપીને ઈન્દ્ર મહારાજે વિનીતા નગરી વસાવી. આ નગરીનું બીજું નામ અયોધ્યા છે. તે નગરીને મંદિરો વગેરેથી સુશોભિત બનાવી. આ નગરી જંબૂદ્વીપની દક્ષિણ દિશાના દરવાજાથી એકસોને પચીસ યોજન દૂર છે. તેમ જ મધ્ય વૈતાઢ્ય પર્વતથી પણ વિનીતા નગરી એકસો પચીસ યોજન દૂર છે. આ વાત જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં ગુણના સમૂહરૂપ એવા ગણધર ભગવંતો પ્રકાશિત કરે છે. ત્યાર પછી ઋષભદેવ પ્રભુ પ્રથમ રાજા બની પાંચ શિલ્પ (કળાવિશેષ) પ્રગટાવે છે. આ કળાના વીસ વીસ ભેદ હોવાથી સો (૧૦૦) ભેદ થાય છે. ત્યાર પછી પુરુષની બહોતેર કળા અને સ્ત્રીઓની ચોસઠ કળા તેમ જ લેખન, ગણિત અને અઢાર પ્રકારની લિપિ પ્રભુ બતાવે છે. પછી પોતાના સો (૧૦૦) પુત્રોને જુદા જુદા દેશ આપી, પોતાનો વહેવાર (કલ્પ) સાચવે છે. વળી, રાજનીતિ અને ચતુરંગિણી સેના વડે આર્યખંડરૂપ ભરતક્ષેત્રને સુશોભિત બનાવે છે. ॥ ૧ થી ૯ ॥

શ્રી ઋષભદેવ ભગવાન કુમાર અવસ્થામાં ત્રીસ લાખ પૂર્વ રહ્યા, ત્રેસઠલાખ પૂર્વ રાજ્ય પાળ્યું. એવી રીતે ગૃહસ્થાવાસમાં ત્યાસી લાખ પૂર્વ વ્યતીત થયાં, પછી સંવત્સરી દાન દઈ ભોગ્ય કર્મને ક્ષીણ કરી, ચૈત્ર વદી આઠમને દિવસે પ્રભુ ચાર હજાર મુનિવરની સાથે અયોધ્યા નગરીના પુરિમતાલ નામના ઉદ્યાનમાં સંયમ ગ્રહણ કરે છે. 'નમો સિદ્ધાણમ્' પદ બોલી અનાદિકાળનું શાશ્વત સૂત્ર 'કરેમિ સામાઈયં' ઈત્યાદિ ઉચ્ચારી સર્વવિરતિ ગ્રહણ કરે છે. તે વખતે પ્રભુનું દીક્ષા કલ્યાણક થતાં ચતુર્થ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. આવા ત્રણે કાળમાં અનાદિ અનંત સ્થિતિપણે અવસ્થિત ભાવો થયા, થાય છે અને થશે. ॥ ૧૦ થી ૧૨ ॥

દીક્ષા ગ્રહણ કર્યા બાદ એક હજાર (૧૦૦૦) વર્ષ છદ્મસ્થ અવસ્થાનાં વ્યતીત થયાં. તેમાં વરસીતપ વગેરે તપ કરી કર્મમલને ઘણાં ધોઈ નાખ્યાં. વરસીતપનું પારણું શ્રી શ્રેયાંસકુમારના હાથથી શેરડીના રસ વડે થયું. તે વખતે ચિત્ત, વિત્ત અને પાત્રની વડાઇ થઈ. ઇક્ષ્વાકુ કુળના મુગટ સમાન ભગવાન શોભવા લાગ્યા. ઋષભદેવપ્રભુને પ્રથમ ઈક્ષુરસથી પારણું થયું, અને ત્રેવીસ જિનને પરમાન્ન (એટલે ખીર)થી પારણું થયું. ઋષભદેવ ભગવાનને સુપાત્રદાનમાં વહોરાવનાર કોઈ ક્ષત્રિય પુરુષ હતો

અને ત્રેવીસ પ્રભુને સુપાત્રદાન આપનાર સર્વ બ્રાહ્મણો હતા. પ્રભુને દાન આપનાર નિશ્ચયથી દેવલોકમાં જાય અથવા મોક્ષે જાય. આવી રીતે કવિરત્ન શ્રીદીપવિજયજી મહારાજે દાનનો મહિમા પ્રભુના દીક્ષા કલ્યાણક નામની પૂજામાં, પુષ્પ પૂજા વખતે વર્ણવ્યો. ॥ ૧૩ થી૧૬ ॥

॥ મંત્ર પૂર્વવત્ જાણવો. ॥

॥ શ્લોક ॥

**વિકચનિર્મલશુદ્ધમનો નમે, વિશદચેતનભાવસમુદ્ભવૈઃ ॥**
**સુપરિણામપ્રસન્નઘનૈર્નવૈઃ પરમતત્ત્વમહં હિ યજામ્યહમ્ ॥૧॥**

**અર્થ** – વિકસ્વર અને નિર્મળ શુદ્ધ મન છે જેનું એવો હું, સુપરિણામથી થતી એવી જ પ્રસન્નતા, તે રૂપ નવીન સિક્કાઓ રૂપી જે ધન, તેની ઉપમા સદશ વિશાળ ચેતનાના જે ભાવો, તેનાથી ઉત્પન્ન થયેલાં જ્ઞાનની સુગંધરૂપ જે પુષ્પો, એ પુષ્પોવડે પરમતત્ત્વની ઈચ્છાવાળો હું પ્રભુની પુષ્પપૂજા કરું છું. ॥૧॥

## ॥ ચતુર્થ ધૂપ પૂજા પ્રારંભ ॥

(દોહા)

**પૂજા ધૂપતણી કરો, ચોથી ચતુર સ્નેહ ॥**
**ભાવ વૃક્ષને સીંચવા, માનું અમૃત મેહ ॥૧॥**

**અર્થ** – ધર્મની ચતુરાઈ અને ધર્મસ્નેહને વધારનારી અને ભાવવૃક્ષને સીંચવાને માટે ચોથી ધૂપની પૂજા એ અમૃતના મેઘ સમાન છે એમ હું શ્રદ્ધાપૂર્વક માનું છું ॥૧॥

॥ ઢાળ ॥

(અમે વાટ તુમારી જોતાં રે, સાચું બોલો શામળિયા-એ દેશી)

**વિચરંતા પ્રભુજી આયા રે, જગજીવન જગ સાહેબિયા ॥**

**વિનીતા નયરી સુખદાયા રે ॥ જગ૦ ॥**
**વદ આઠમ ફાગુણ માસે રે ॥ જગ૦ ॥**
**જસ ધ્યાન શુકલ ઉજાશે રે ॥ જગ૦ ॥**
**ચઉઘાતી કર્મ ખપાવે રે ॥ જગ૦ ॥**
**દોય કેવલ નિપજાવે રે ॥ જગ૦ ॥૧॥**

**થયા લોકાલોક પ્રકાશી રે ॥ જગ૦ ॥**
**જિન રેખા હાથ ઉજાસી રે ॥ જગ૦ ॥**
**નૃપ ભરતજી વંદન આવે રે ॥ જગ૦ ॥**
**મરૂદેવા માડી રે લાવે રે ॥ જગ૦ ॥૨॥**

**નિસુણી માતા સુરવાણી રે ॥ જગ૦ ॥**
**સુત મુખ જોવા હરખાણી રે ॥ જગ૦ ॥**
**ફાટ્યાં દોય પડલ તે દેખે રે ॥ જગ૦ ॥**
**મુખ જોઈ માતા હરખે રે ॥ જગ૦ ॥૩॥**

માતાને નવિ બોલાવ્યાં રે ॥ જગ૦ ॥
માડી મન બહુ દુઃખ પાવ્યા રે ॥ જગ૦ ॥
એ તો વીતરાગ નિઃસ્નેહી રે ॥ જગ૦ ॥
થયા બંધન પ્રેમ વિછોહી રે ॥ જગ૦ ॥૪॥

ગજ સ્કંધે પદ શિવ વરિયાં રે ॥ જગ૦ ॥
ત્રીજે ભવ ભવજળ તરિયાં રે ॥ જગ૦ ॥
જિનપાણી અમૃતધારા રે ॥ જગ૦ ॥
માડીના શોક નિવાર્યા રે ॥ જગ૦ ॥૫॥

પ્રભુ સંઘ ચતુર્વિધ સ્થાપે રે ॥ જગ૦ ॥
જસ કીર્તિ જગમાં વ્યાપે રે ॥ જગ૦ ॥
ગણી ઋષભસેન ગણધાર રે ॥ જગ૦ ॥
સાધવી બ્રાહ્મી વ્રતધાર રે ॥ જગ૦ ॥૬॥

શ્રાવક નૃપ ભરત સુભદ્રા રે ॥ જગ૦ ॥
શ્રાવક ગુણ મણિમુદ્રા રે ॥ જગ૦ ॥
એ સંઘ ચતુર્વિધ સ્થાપી રે ॥ જગ૦ ॥
હિતશિક્ષા સહુને આપી રે ॥ જગ૦ ॥૭॥

એક લાખ પૂરવ વર્ષ નિર્મળ રે ॥ જગ૦ ॥
પાળે પ્રભુ અવિચળ કેવલ રે ॥ જગ૦ ॥
નિર્વાણ ભૂમિકા જાણી રે ॥ જગ૦ ॥
અષ્ટાપદ ચઢીયા નાણી રે ॥ જગ૦ ॥૮॥

દશ સહસ્ર મુનિવર સંગે રે ॥ જગ૦ ॥
કીધાં અણસણ મન રંગે રે ॥ જગ૦ ॥
મહા વદી તેરસ જયકારી રે ॥ જગ૦ ॥
શિવ પહોતા જગત તારી રે ॥ જગ૦ ॥૯॥

ચોસઠ સુરપતિ સુર આવે રે ॥ જગ૦ ॥
ક્ષીરોદકે જિન નવરાવે રે ॥ જગ૦ ॥
જિન ગણધર મુનિવર કાજે રે ॥ જગ૦ ॥
કીધી ત્રણ ચય સુરરાજે રે ॥ જગ૦ ॥૧૦॥

તિહાં અગ્નિકુમાર ઉજાળે રે ॥ જગ૦ ॥
ચંદનકાષ્ટે પરજાળે રે ॥ જગ૦ ॥
કરી પીઠ પાદુકા સ્થાપે રે ॥ જગ૦ ॥
કીર્તિ જગમાં જસ વ્યાપે રે ॥ જગ૦ ॥૧૧॥

જુઓ જંબૂદ્વીપપન્નત્તિ રે ॥ જગ૦ ॥
નિરખો આવશ્યક નિર્યુક્તિ રે ॥ જગ૦ ॥
એમ પૂજા ચારમાં વર્ણવી રે ॥ જગ૦ ॥
પ્રભુ ઋષભતણી આચરણી રે ॥ જગ૦ ॥૧૨॥

હવે વર્ણવું અષ્ટાપદ ગિરિ રે ॥ જગ૦ ॥
જે વંદે અહોનિશ સુરનર રે ॥ જગ૦ ॥
પ્રભુ દીપવિજય કવિરાજે રે ॥ જગ૦ ॥
જસ પડહો જગમાં વાજે રે ॥ જગ૦ ॥૧૩॥

**અર્થ** — ત્રણ જગતના જીવનરૂપ અને ત્રણ જગતના સ્વામી શ્રી ઋષભદેવ ભગવાન વિચરતાં વિચરતાં વિનીતા નગરીમાં પધાર્યા. ફાગણ વદી આઠમને દિવસે ઉજ્જવલ એવા શુકલ ધ્યાનના પહેલા અને બીજા પાયાનું ધ્યાન કરતાં ચાર ઘનઘાતી કર્મ ખપાવીને લોકાલોકને પ્રકાશ કરનારું અને હાથની રેખા જેમ પ્રત્યક્ષ દેખાય છે, તેમ સર્વ દુનિયાની વસ્તુને જાણનારું અને ભાવતેજરૂપ કેવલજ્ઞાન અને કેવલદર્શનનું યુગલ પ્રાપ્ત થયું. તે વખતે પ્રભુનું જ્ઞાનકલ્યાણક થયું. શ્રી ભરતચક્રવર્તી મરૂદેવી માતા સહિત વંદન કરવા આવ્યાં. આ વખતે મરૂદેવી માતાને હાથીની અંબાડી ઉપર બેસાડેલાં હતાં. ઋષભદેવ ભગવાનના વિરહમાં માતાને પુત્ર ઉપર સ્નેહ ઘણો હતો, તેથી પુત્ર વિરહમાં તેમણે રુદન કરીને આંખો ખોઈ નાખી હતી. પડલ આવ્યાં હતાં પરંતુ સમોવસરણમાં વાજાનો સ્વર સાંભળીને હર્ષનાં આંસુ આવ્યાં. પડલ દૂર થયાં. ચર્મચક્ષુથી પ્રભુની અષ્ટમહાપ્રાતિહાર્ય યુક્ત સમોવસરણની સમૃદ્ધિ જોઈ ઘણાં ખુશી થયાં. તે વખતે તીર્થંકર પ્રભુ ઋષભદેવસ્વામી નીરાગી હતા માટે માતાને કેમ બોલાવે ? આવા વાતાવરણથી માતાના હૃદયમાં દુઃખ પેદા થયું. ધિક્કાર હો એકપાક્ષિક સ્નેહ રાગને; એવી તે વખતે અપૂર્વ ભાવના ભાવતાં અને પ્રેમનાં બંધન તૂટવાની સાથે ચાર ઘનઘાતી કર્મનાં બંધનો પણ તૂટી ગયાં. ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયેલાં મરૂદેવા માતાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાર બાદ અંતર્મુહૂર્ત માત્ર આયુષ્કર્મ ઉદયગત હોવાથી તે પણ પૂર્ણાહુતિ પામ્યું. તે આયુષરૂપ અઘાતી કર્મની સાથે બીજાં વેદનીય, નામ, અને ગોત્રકર્મ પણ ક્ષય થયા. અષ્ટવિધકર્મ ક્ષય થવાથી હાથીના સ્કંધ ઉપર મરૂદેવા માતા મોક્ષે પધાર્યાં. મરૂદેવી માતાનો જીવ અનાદિકાળથી અવ્યવહારાશિમાં હતો, તે પ્રત્યેક વનસ્પતિરૂપ કેળમાં આવી, ત્રીજા ભવમાં પ્રથમ તીર્થંકરની માતા બની મોક્ષ સીધાવ્યાં. ત્યાર પછી જિનેશ્વર ભગવાનની અમૃતની ધારા સમાન વાણી સાંભળતા માતાજીના શોકનું નિવારણ ભરતચક્રવર્તીએ કર્યું. (૧ થી ૫)

પછી પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, તેથી યશકીર્તિ જગતમાં વ્યાપી. ઋષભસેન નામના ભરતના નંદન પ્રથમ ગણધર થયા કે જેઓ પુંડરીકસ્વામી નામથી પ્રસિદ્ધ છે. સાધ્વી વર્ગમાં પ્રથમ બ્રાહ્મી થયાં અને શ્રાવક વર્ગમાં ભરત ચક્રવર્તી થયા અને શ્રાવિકાવર્ગમાં સુભદ્રા શ્રાવિકા થઈ. એવી રીતે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, શ્રાવકધર્મની અને સાધુ ધર્મની એમ બન્ને પ્રકારે હિતશિક્ષા આપી. સંયમ લીધા બાદ એક હજાર (૧૦૦૦) વર્ષ પછી પ્રભુને કેવળજ્ઞાન થયું અને એક લાખ પૂર્વમાં હજાર વર્ષ ન્યૂન કેવલી અવસ્થા રહી. એવી રીતે ગણતાં એક લાખ પૂર્વ પ્રભુ સંયમ અવસ્થામાં રહ્યા પછી નિર્વાણ સમય જાણીને પ્રભુ અષ્ટાપદગિરિ પધાર્યા. દશહજાર મુનિઓની સાથે અનશન કરી મહા વદી તેરસે એટલે ગુજરાતી પોષ વદી તેરસે (મેરુ તેરસે) પ્રભુ અષ્ટવિધ કર્મ ક્ષય થતાં મુક્તિ પધાર્યા, ચોસઠ ઇન્દ્રોનું આગમન થયું. પ્રભુનું નિર્વાણ કલ્યાણક ઊજવાયું, તેનું વિવેચન આ પ્રમાણે-

પ્રથમ તીર્થંકર પ્રભુના શરીરને, પછી ગણધર મહારાજના શરીરને અને ત્રીજી કક્ષામાં સામાન્ય મુનિવરોનાં શરીરને ક્ષીરસમુદ્રના દૂધ જેવા પાણી વડે નવરાવ્યાં. ત્રણ ચિતા રચી, અગ્નિકુમાર દેવતાએ અગ્નિ ઉત્પન્ન કર્યો, ચંદન વગેરેનાં લાકડાં અગ્નિજવાળામાં હોમવામાં આવ્યાં. ત્યાર પછી ચિતાઓ શાંત થતાં નિર્વાણસ્થાન ઉપર પ્રભુની પાદુકા સ્થાપન કરવામાં આવી. ત્યાર બાદ ભરતચક્રવર્તીએ ચોવીસ તીર્થંકર ભગવાનનું દેહપ્રમાણ અને વર્ણ પ્રમાણે અને જેમની નાસિકા મળતી

આવે એવી અપૂર્વ શિલ્પ શાસ્ત્રની શૈલી પ્રમાણે એક જૈન મંદિર બંધાવ્યું, તે પ્રથમ તીર્થંકરની નિર્વાણભૂમિ જાણવી. આ વાત જંબૂદ્વીપપન્નત્તિ અને આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં પ્રગટ રીતે બતાવેલ છે. ઇચ્છાવાળાએ આ સૂત્રો જોવાં અથવા તો સાંભળવાં. એવી રીતે જળ, ચંદન, પુષ્પ અને ધૂપ એ નામની ચાર પૂજાની ઢાળોમાં પ્રભુ ઋષભદેવ ભગવાનની આચરણા એટલે ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન, અને નિર્વાણ, એમ પાંચ કલ્યાણકનું વર્ણન કરી હવે પછીની ઢાળોમાં અષ્ટાપદગિરિનું વર્ણન કવિરત્ન શ્રી દીપવિજયજી મહારાજ કહેશે અને આ ચરિત્રની વાત સુર અને મનુષ્યવર્ગમાં પણ નિરંતર કહેવાશે. આવી મહાપુરુષોની કૃતિથી કવિરાજ કહે છે કે જગતમાં યશરૂપ પડહ (ઢોલ) વાગે છે. આવા જગતના જીવનરૂપ પ્રથમ તીર્થંકર જયવંતા વર્તો.

॥ મંત્ર પૂર્વવત્ જાણવો. ॥

॥ શ્લોક ॥

**સકલકર્મ મહેન્ધનદાહનં, વિમલભાવસુગંધસુધૂપનમ્ ॥**
**અશુભપુદ્ગલસંગવિવર્જિતં, જિનપતેઃ પુરતોઽસ્તિ સહર્ષિતમ્ ॥૧॥**

**અર્થ** – સકલ કર્મરૂપી મોટાં જે ઈંધણાં તેને બાળનાર, અને અશુભ પુદ્ગલના સંગનું નિવારણ કરનાર નિર્મળ ભાવરૂપી સુગંધીને આપનાર છે, એવા ધૂપનું પૂજન જિનેશ્વર ભગવાનની આગળ હર્ષસહિત હું કરું છું.

## ॥ પંચમ દીપ પૂજા પ્રારંભ ॥

(દોહા)

**પૂજા પાંચમી દીપની, કીજે મંગલ હેત ॥**
**દ્રવ્ય ભાવ દીપક થકી, ઈચ્છિત ફળ સંકેત ॥૧॥**

**અર્થ** – પાંચમી દીપકની પૂજા દ્રવ્ય અને ભાવ એમ બે ભેદવાળી છે. આ પૂજા ઈચ્છિત ફળ (મોક્ષરૂપ) તેના સંકેતવાળી હોવાથી માંગલિક હેતુને માટે કરવી. ॥૧॥

॥ ઢાળ ॥

(કપૂર હોયે અતિ ઉજળો રે- એ દેશી)

**તાતનું નિર્વાણ સાંભળી રે, ભરતજી શોક કરાય ॥**
**આવ્યો ગિરિ અષ્ટાપદે રે, પરિકર લેઈ સમુદાય રે ॥૧॥**

**પ્રભુજી દીયો દર્શન મહારાજ, ઈક્ષ્વાકુકુલની લાજ રે; પ્ર૦**
**કાશ્યપવંશ શિરતાજ રે, પ્ર૦ મોક્ષ વગરની પાજ રે, પ્ર૦**
**તારણતરણ જહાજ રે ॥ પ્ર૦ ॥ એ આંકણી ॥**

**વંદી થૂભને પગલાં પ્રભુનાં, બેસે તેહને તીર ॥**
**વિનતિ કરે સંભારી, નયને ઝરતે નીર રે ॥ પ્ર૦ ॥૨॥**

**થૂભ પરે પ્રાસાદ કરાવે, તિહાં નિષેદ્યા નામ ॥**
**મંડપે ચોરાસિ ચિહું પાસે, ચૌમુખ જિનના ધામ રે ॥ પ્ર૦ ॥૩॥**

નિજ નિજ દેહ પ્રમાણે જિનની, પ્રતિમા ભરાવે નરેશ ॥
ઋષભથી વીર જિણંદ લગે રે, ચોવીસ ત્રિભુવન ઈશ રે ॥ પ્ર૦ ॥૪॥

પૂર્વ દિશિ દોય ચાર દક્ષિણ, આઠ પશ્ચિમ દિશિ જાણ ॥
ઉત્તર દિશિ દસ પ્રભુજી બિરાજે, નાસિકા ભાગ સમાન રે ॥ પ્ર૦ ॥૫॥

લાંછન વર્ણ ને દેહ પ્રમાણ, જક્ષિણી જક્ષ પ્રમાણ ॥
ચૌમુખી સરખી ભૂમિ બિરાજે, પ્રત્યક્ષ મુક્તિ સોપાન રે ॥ પ્ર૦ ૬॥

ભાઈ નવાણું ને મરૂદેવી બ્રાહ્મી, સુંદરી સહુ પરિવાર ॥
રયણમાં પ્રતિમા સહુની ભરાવે, ભરતજી જયજયકાર રે ॥ પ્ર૦ ૭॥

(ઈહાં આગળથી શેર દશ તાંદુલ કેશરે પીળા કરી રાખવા, તેમાં સોના-રૂપાનાં ફૂલડે ચ્યારે કોર વધાવતા જવું અને ભરતજીનું નામ ભણતા જવું, પછી વર્તમાન પૂજાકારક તથા સંઘનું નામ ભણતા જવું, અને તાંદુલ ફૂલ વધાવતા જવું ખેલા હોય તે પણ રમે.)

(રાગ - મારૂ)

રયણે વધાવે રે, ભરતરાય રયણે વધાવે રે
ફૂલે વધાવે રે, પ્રભુને રયણે વધાવે રે ॥
સૂર્યજસા રયાણે વધાવે રે, વધાવે વધાવે વધાવે રે,
ચન્દ્રયશાજી મુક્તાએ વધાવે રે, જિનને મલ્હાવે રે ॥
સુભદ્રાજી રયણે વધાવે રે, ઈક્ષાગકુલ-અજુવાળે, પ્રભુજીને ફૂલે વધાવે રે ॥

॥ હવે પૂજાકારક સંઘની વિનતિ ॥

રયણે વધાવે રે, સકલ સંઘ ફૂલે વધાવે રે ॥ સ૦ ॥ ફૂલે૦ ॥
અષ્ટાપદ મોતીયે વધાવો રે ॥ અ૦ ॥ મો૦ ॥
સંઘપતિ ફૂલે વધાવો રે ॥ સંઘપતિ ફૂલે વધાવો રે ॥

**અર્થ** — શ્રી ભરત ચક્રવર્તી શ્રીઋષભદેવ ભગવાનનું (એટલે પોતાના પિતાજીનું) નિર્વાણ સાંભળી પોતાના સમુદાયને લઈને શ્રી અષ્ટાપદગિરિ આવ્યા અને શોક કરતા કરતા, હે પ્રભુજી ! મને દર્શન આપો એમ વિનંતિ કરવા લાગ્યાઃ હે પ્રભુ ! આપ ઈક્ષ્વાકુકુળની પરમ લાજ (એટલે શોભા) રૂપ છો. વળી, હે પ્રભુ ! આપ કાશ્યપવંશના મુગટ સમાન છો. સંસારસમુદ્રમાં તરવા તથા બીજાને તારવાને માટે વહાણ સમાન છો. આવી રીતે ભરત પ્રભુની નિર્વાણભૂમિ જે અષ્ટાપદગિરિ છે, તે સ્થાનમાં આવીને પ્રભુના સ્તૂપ અને પગલાંને વંદન કરવા લાગ્યા અને પ્રભુના ઉપકાર સંભારી નેત્રમાં શોકનાં આંસુ લાવી વિનંતિ કરવા લાગ્યા પ્રભુ ! મને દર્શન ઘો, દર્શન ઘો. પછી નિર્વાણભૂમિ ઉપર ઈન્દ્ર મહારાજે જ્યાં પગલાં સ્થાપન કર્યાં હતાં તે ભૂમિ ઉપર ''સિંહનિષદ્યા'' નામનો ત્રણ ગાઉ ઊંચો અને ચાર ગાઉ પહોળો તેમ જ ચોરાસી મંડપવાળો, ચાર મુખે જિનેશ્વર ભગવાનનાં પ્રતિબિંબવાળો જૈન પ્રાસાદ રચાવ્યો. તીર્થંકર દેવની શરીરની જે કાન્તિ હતી, એ કાન્તિને અનુસારે, દેહના પ્રમાણને અનુસારે પ્રભુની મૂર્તિઓ ઋષભદેવથી માંડી મહાવીરસ્વામી સુધીની ભરાવી. એમાં એટલે ચૌમુખજીના મંદિરમાં પૂર્વ દિશામાં પહેલા, બીજા તીર્થંકર અને દક્ષિણ દિશામાં ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા એમ ચાર તીર્થંકર અને પશ્ચિમ દિશામાં સાતમા, આઠમા, નવમા, દશમા, અગિઆરમા, બારમા, તેરમા અને ચૌદમા એમ આઠ તીર્થંકરોની મૂર્તિઓ બનાવી અને ઉત્તર દિશામાં પંદરમા ધર્મનાથથી માંડીને

શ્રી મહાવીરસ્વામી સુધીના દશ તીર્થંકરોનાં બિંબો ભરાવ્યાં. આ પ્રભુનાં બિંબોની નાસિકાનો અગ્રભાગ સરખો રાખ્યો અને લાંછનો, વર્ણ, દેહપ્રમાણ, યક્ષ અને યક્ષણીઓ, બધાંની મૂર્તિઓ પ્રમાણસર ભરાવી. તેમાં લાંછન અને વર્ણનો રંગ યથાસ્થિત એટલે જેવો હતો તેવો બતાવ્યો. પોતાના સિવાય નવાણુ ભ્રાતા, મરૂદેવી માતા, અને બ્રાહ્મી સુંદરી બહેનો પ્રમુખ પરિવાર સહિત રત્નની પ્રતિમાઓ ભરાવી તેથી શ્રી અષ્ટાપદતીર્થ પ્રત્યક્ષ મુક્તિના પગથિયાંરૂપ હોય એવું ભાસવા લાગ્યું. આવું અષ્ટાપદતીર્થ જય પામો અને ભરતજીને પણ ધન્યવાદ હો !

હવે તીર્થરાજને વધાવવાની વિધિ દેખાડે છે- કેસરથી પીળા કરેલા ચોખાને થાળમાં ભરી પ્રભુને વધાવો એવી ઉદ્‌ઘોષણા કરવામાં આવી, રત્ને વધાવો. ફૂલડે વધાવો તેમાં ભરતનાં નંદન સૂર્યયશા પણ રત્ને કરીને વધાવે છે. ત્યાર પછી ચન્દ્રયશા મોતીએ વધાવે છે. સુભદ્રા શ્રાવિકા પણ રત્ને વધાવે છે. ઇક્ષ્વાકુકુળમાં અજવાળું થાય છે. સંઘની વિનંતિથી સંઘવીઓ અને પૂજા કરનારઓ શ્રી અષ્ટાપદતીર્થને ચોખાથી ફૂલથી અને સાચા મોતીથી વધાવો કરે છે. આવું શ્રી અષ્ટાપદતીર્થ જયવન્તુ વર્તો.

॥ ઢાળ ॥

(અબોલા શ્યાના લ્યો છો-એ દેશી)

ભરતજી ચિંતે આગળ ભાવી, કોડાકોડી સાગરમાન
॥ તીર્થ એહ જગ જયવંતુ ॥
આગળ વિષમ કાળથી હોશે, લોભી લોક અજાણ
॥ તીર્થ૦ ॥૧॥

તીરથ અશાતના કોઈ કરશે, ચિંતે ભરત નરેશ, તીર્થ૦
પર્વત ભાગની ભૂમિ જે, વિષમ કીધી પાજ પ્રવેશ
॥ તીર્થ૦ ॥૨॥

બત્રીસ કોશનો પર્વત ઊંચો, આઠ ચોક બત્રીસ, તીર્થ૦
યોજન યોજન અંતરે કીધાં, પગથિયાં આઠ નરેશ
॥ તીર્થ૦ ॥૩॥

ઈમ અષ્ટાપદ તીરથ સ્થાપી, અનુભવી ભરત મહારજ, તીર્થ૦
આરિસા ભુવનમાં કેવલ લહીને, લીધાં મુક્તિનાં રાજ
॥ તીર્થ ૦ ॥૪॥

અનુક્રમે આઠ પાટ લગે કેવળ, આરિસા ભુવન મઝાર, તીર્થ૦
ઠાણાંગસૂત્રમાં આઠમે ઠાણે, જો જો નામ વિચાર
॥ તીર્થ૦ ॥૫॥

પાંચમી પૂજામાં તીરથ સ્થાપન, અષ્ટાપદ ગિરિરાજ, તીર્થ૦
દીપવિજય કવિરાજ પ્રભુજી, ચોવીસે જિનરાજ
॥ તીર્થ૦ ॥૬॥

**અર્થ** – ભરતચક્રવર્તી અષ્ટાપદજીની રક્ષાને માટે ભારે વિચાર કરે છે. ચોથા આરાનું એક કોડાકોડી સાગરોપમનું માપ છે. તે ચોથા આરામાં દિનપ્રતિદિન વિષમકાળ હોવાથી તેમ જ અવસર્પિણી કાળ હોવાથી ભવિષ્યમાં કોઈ આશાતના ન કરે, તેથી અષ્ટાપદજીની ભૂમિ ઉપર પ્રવેશ કરવા માટે

પર્વતની ભૂમિ વિષમ કરવામાં આવી. બત્રીસ કોશ ઊંચો એવો અષ્ટાપદ પર્વત છે. તેમાં એક એક યોજનને આંતરે યોજન યોજન પ્રમાણનાં આઠ પગથિયાં સ્થાપ્યાં. એમ અષ્ટાપદ તીર્થની સ્થાપના કરી પછી ભરત મહારાજા આરિસાભવનમાં કેવળજ્ઞાન પામી મુક્તિપદને પામ્યા. અનુક્રમે આઠ પાટ સુધી પટધારીઓએ આરિસાભવનમાં કેવળજ્ઞાન મેળવ્યું. આ વાત ઠાણાંગ સૂત્રના આઠમા સ્થાનમાં જણાવેલી છે. આ ચાલતી પાંચમી પૂજામાં શ્રી અષ્ટાપદગિરિની સ્થાપના તથા ચોવીસે પ્રભુના જૈન પ્રાસાદો વગેરેનું વર્ણન કવિરાજ શ્રી દીપવિજયજી મહારાજે પ્રકાશિત કરેલ છે.

॥ મંત્ર પૂર્વવત્ જાણવો.॥

॥શ્લોક॥

**ભવિકનિર્મલબોધદિવાકરં, જિનગૃહે શુભદીપકદીપકમ્ ॥**
**સુગુણરાગસુવૃત્તિસમન્વિતં, દધત નાથપુરઃ શુભદીપકમ્ ॥**

**અર્થ –** ભવિક જીવને નિર્મળ બોધ કરવામાં સૂર્ય સમાન અને સુગુણનો જે રાગ તે રૂપ વાટથી સહિત એવા જિનગૃહમાં શુભ દીપક પ્રભુની આગળ ધારો ॥૧॥

## ॥ ષષ્ઠ અક્ષત પૂજા પ્રારંભ ॥

(દોહા)

**છઠ્ઠી પૂજા ભવી કરો, અક્ષતની સુખકાર ॥**
**જિમ વિદ્યાધર સુખ લહે, કીજે તેહ પ્રકાર ॥૧॥**

**અર્થ –** હે ભવ્ય જીવો ! અક્ષતની પૂજા સુખને દેવાવાળી છે. વિદ્યાધરે જેમ સુખ મેળવ્યું તેમ ઘણા પ્રકારોથી તમે છઠ્ઠી પૂજા કરો ॥૧॥

॥ ઢાળ ॥

(તીરથપતિ અરિહા નમું, ધર્મધુરંધર ધીરોજી - એ દેશી)

**પચાસ લાખ કોડી સાગરૂ, આર્ય ઋદ્ધિ પ્રમાણજી ॥**
**શાસન અચલ પ્રભુ ઋષભનું, સુરપદ શિવપદ ખાણજી**
**સુરને શિવપદ ખાણ પરગટ, પાદ અસંખ્ય મુગતે ગયા ॥**
**વળી સર્વાર્થસિદ્ધ પહોંતા, સિદ્ધદંડીમાં કહ્યા ॥**
**પદ વિના નૃપ સિદ્ધિ વરિયા, સંખ્ય અસંખ્ય ગણના કહી ॥**
**નૃપરાજ બળિયા સિંહ સમવડ, વર્ણન આગમમાં સહી. ॥ ૧ ॥**

**બ્રહ્મ ક્ષત્રિય વૈશ્ય વળી શૂદ્ર, જે વર્ણ એ ચાર અઢારજી ॥**
**એક એકમાં શિવ પદવી વર્યાં, સંખ્ય અસંખ્ય અપારજી ॥**
**સંખ્ય અસંખ્ય જિન મુક્તિ પહોંતા, વર્ણ ચાર અઢારમાં ॥**
**ધન્ય ધન્ય સહુ એ ઋષભ શાસન, કૃતારથ જયકારમાં ॥**
**દીખ્ખેશે તાપસ જોગી જંગમ, મિથ્યા ગુણ ઠાણું તજી ॥**
**સમકિત પામી ક્ષાયક શ્રેણી, વેગે સિદ્ધિવહુ ભજી ॥ ૨ ॥**

અર્ધ આરામાં એક ઋષભનું, શાસન અવિચળ જાણજી ॥
અર્ધમાં ત્રેવીસ જિનપતિ, શાસન ગુણમણિ ખાણજી ॥
શાસન ગુણ મણિ ખાણ જિનના, તીર્થ સ્થાપન રીત એ ॥
દ્વાદશાંગી પ્રભુ સંઘ તીરથ, સંઘ ચતુર્વિધ રીત એ ॥
ત્રેવીશ શાસનમાંહિ મુનિવર, સંખ્ય અસંખ્ય સિદ્ધિવર્યા ॥
કવિરાજ દીપ અષ્ટાપદે તે, વેગે ભવસાગર તર્યા ॥ ૩ ॥

**અર્થ —** પચાસ લાખ ક્રોડ સાગરો સુધી આર્યઋદ્ધિના પ્રમાણભૂત અને દેવગતિ અને મોક્ષગતિના ખાણભૂત એવું ઋષભદેવ ભગવાનનું સ્થાપન કરેલું તીર્થ ચાલ્યું; અર્થાત્ ઋષભદેવ ભગવાનથી અજિતનાથ ભગવાન સુધી અર્ધ ચોથા આરાના પ્રમાણભૂત આંતરું છે. એટલે ઋષભદેવ ભગવાનથી પચાસ લાખ ક્રોડ સાગરોપમે અજિતનાથ થયા, તે વખતે બીજા તીર્થંકર પ્રભુએ પોતાનું તીર્થ સ્થાપ્યું. આ અર્ધ આરારૂપ પ્રથમ તીર્થંકરના શાસનમાં ભરતની અસંખ્યાત પાટ સુધી આંતરા રહિત પરંપરામાં અસંખ્ય પટધરોએ સર્વાર્થસિદ્ધ વિમાન અને મુક્તિપદ સિવાય બીજું સ્થાન મેળવ્યું નથી. વળી, આ પટધરો સિવાય બીજા પણ સંખ્ય અસંખ્ય એવા રાજાઓએ પણ દેવનાં સ્થાન અને સિદ્ધિનાં સ્થાન અલંકૃત કર્યાં છે. આ મુક્તિપદ પામનારા પ્રભુના વંશજો સિંહના જેવા બની, મોહરાજાને હરાવી આત્મકલ્યાણ કર્યું તેથી ઋષભદેવ ભગવાનની પરંપરામાં ઘણા અસંખ્ય જીવો પ્રથમ તીર્થંકરના શાસનમાં મુક્તિપદ પામ્યા. આ વાત જૈન સિદ્ધાંતોમાં તેમ જ ''શ્રી સિદ્ધદંડિકા'' સ્તવનમાં વિસ્તારરૂપે વર્ણન કરેલી છે. વળી, આ ઋષભદેવ પ્રભુના શાસનમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રરૂપ અઢાર વર્ણમાનાં માનવોએ એક એક જાતિમાં સંખ્ય અને અસંખ્ય પ્રમાણવાળી જીવોની સંખ્યાથી મુક્તિપદ મેળવ્યાં છે. આવું શ્રી ઋષભદેવ ભગવાનનું શાસન જયવંતુ વર્ત્યું છે.

॥ ઢાળ ॥

(આઠ કૂવા નવ વાવડી હું તો સે મિષે દેખણ જાઉં
મહારાજ દધિનો દાણી કાનુડો - એ દેશી)

ઋષભ પ્રભુજીને પાટ પરંપર, સિદ્ધિને કેઈ અનુત્તર રાજ ॥
આજ સકલ દિન એ રૂડો, હું વર્ણવું ત્રિભુવનના ઠાકોર
રાજ ॥ આજ૦ એ આંકણી ॥૧॥

પ્રભુજીનો વંશ ગુણગણ આકર, પાટ અસંખ્ય પ્રભાકર
રાજ ॥ આજ૦ ॥
ઋષભ પ્રભુને ચક્રી ભરતજી, અજિતને ચક્રી સગરજી
રાજ ॥ આજ૦ ॥
જિતશત્રુ નૃપના પુત્ર સવાઈ, પુણ્ય અતુલ અધિકાઈ
રાજ ॥ આજ૦ ॥૨॥
મહા શુદ અષ્ટમી અજિત જિનેશ્વર, જન્મ્યા જગ પરમેશ્વર
રાજ ॥ આજ૦ ॥

અજિત પ્રભુ જિન ચક્રી સગરજી, બાંધવ દોયે ગુણકર
રાજ ॥ આજ૦ ॥૩॥

એક જિનપતિ એક ચક્રી બિરાજે, જોડી જગત બિરાજે
રાજ ॥ આજ૦ ॥

દીપવિજય કવિરાજ સવાઈ, જેહની જગત વડાઈ રાજ
॥ આજ૦ ॥૪॥

**અર્થ** — શ્રી ઋષભપ્રભુની પરંપરામાં મોક્ષગતિ અને અનુત્તર વિમાનમાં અસંખ્ય જીવોએ દેવનાં સુખ અને મુક્તિનાં સુખો અનુભવ્યાં છે. આવા ત્રણ ભુવનના ઠાકોર શ્રી આદીશ્વર ભગવાનના ગુણ હું ગાઉં છું, ગુણગાથાનો દિવસ પણ મારો સફળ જાણવો. શ્રી પ્રભુજીનો વંશ ગુણરૂપી રત્નોની ખાણ છે. અંસખ્ય પાટ સુધી અસંખ્ય નરપતિઓએ આત્માની દિવ્યપ્રભા ચકચકિત બનાવી છે. શ્રી ઋષભદેવ પ્રભુના વખતમાં શ્રી ભરત ચક્રવર્તી અને અજિતનાથ ભગવાનના સમયમાં સગર ચક્રવર્તી શોભતા હતા. જિતશત્રુ રાજાના પુત્ર તીર્થની આરાધનાને લઈને પુણ્યબળમાં અધિક અધિક સવાયા કહેવાયા. અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યની પ્રકૃતિઓ મેળવીને તેના તે જ ભવમાં મુક્તિપદ મેળવનારા થયા. વળી, જગતના પરમેશ્વર એવા શ્રી અજિતનાથ તીર્થંકર પ્રભુ માહ સુદિ આઠમને દિવસે જન્મ્યા. અજિતનાથ પ્રભુ અને સગર ચક્રવર્તી એક જ કુટુંબવાળા થઈ ગુણના ભંડારરૂપ બાંધવ કહેવાયા. તેમાં એક અજિતનાથ તીર્થંકર થયા અને બીજા સગર નામે ચક્રવર્તી થયા. તેમની જોડી જગતને શોભાવનારી થઈ. જગતની અંદર જેમની યશ તથા ગુણની વડાઈ સવાઈ કવિરત્ન શ્રીદીપવિજયજી મહારાજે મુક્તકંઠથી ગાઈ અને ગવરાવી. આજનો દિવસ મારે તો સફળ અને રૂડો પ્રગટ્યો ॥૧-૪॥

॥ મંત્ર પૂર્વવત્ જાણવો. ॥

॥ શ્લોક ॥

**ભવિકનિર્મલબોધદિવાકરં, જિનગૃહે શુભઅક્ષતઢૌકનમ્ ॥**
**સુગુણરાગવૃત્તિસમન્વિતં, દધત નાથપુરોઽક્ષતસ્વસ્તિકમ્ ॥૧॥**

**અર્થ** — ભવિ જીવોને નિર્મલ બોધ કરવામાં સૂર્ય સમાન, વળી સુગુણનો જે રાગ તેની પ્રવૃત્તિ વડે કરીને સહિત એવું શુભ અક્ષતનું મૂકવું તે રૂપ અક્ષતનો સાથિયો જિનેશ્વર ભગવાનના મંદિરમાં પ્રભુ આગળ કરો ॥૧॥

## ॥ સપ્તમ ફલ પૂજા પ્રારંભ ॥

(દોહા)

**પૂજા ફલની સાતમી, મહાફળ કારણ હેત ॥**
**કીજે ભવિ ભાવે કરી, પુણ્ય તણા સંકેત ॥૧॥**

**અર્થ** — હે ભવ્ય જીવ ! મહાફળના કારણભૂત અને પુણ્યના સંકેતરૂપ ભાવપૂર્વક સાતમી ફલપૂજા કરો ॥૧॥

## ॥ ઢાળ સાતમી ॥

(અવિનાશીની સેજલડીએ રંગ, લાગો મોરી સજનીજી રે-એ દેશી)

અષ્ટાપદગિરિ વંદને, રંગ લાગો મારી સજનીજી રે
॥ એ આંકણી ॥
ચક્રી સગરના બલવંત યોદ્ધા, પુત્ર તે સાઠ હજારજી રે ॥
અષ્ટાપદ જિનવંદન ચઢિયા, દક્ષિણ દિશિ પ્રાકાર ॥
॥સાંભળ સજની રે ॥ ॥૧॥

દક્ષિણ દિશિએ શ્રી સંભવથી, પદ્મપ્રભુ લગે ચારજી ॥
વીતરાગનાં વંદન કીધાં, તરવા ભવજળ પાર ॥સાં૦ ॥૨॥

પશ્ચિમ દિશિ સુપાર્શ્વ પ્રભુથી, અનંત પ્રભુ લગે આઠજી ॥
વંદન કીધાં ભાવ ભલે રે, નિર્યુક્તિમાં પાઠ ॥સાં૦ ॥૩॥

ઉત્તર દિશિ દશ ધર્મ પ્રભુજી, વર્ધમાન લગે વંદેજી ॥
પૂર્વ દિશિ દોય શુભ અજિતને, પ્રણમી મન આનંદે ॥ સાં૦ ॥૪॥

પચાસ લાખ ક્રોડ સાગરનાં, પૂર્વજ પ્રતિ સંભાળેજી ॥
આપણા કુળમાં ભરત નરેસર, કીધા એહ વિહાર ॥ સાં૦ ॥૫॥

ધન ભરતેશ્વર ધન મરૂદેવા, ધન નવાણું ભાઈજી ॥
લાભ હેતુએ સુકૃત કીધાં, એ આપણા પીતરાઈ ॥ સાં૦ ॥૬॥

આગળ વિષમ કાળને જાણી, તીરથ રક્ષા કીજેજી ॥
યોજન યોજન અંતર કીધાં, પગથિયાં આઠ સમાન લીજે ॥ સાં૦ ॥૭॥

ધન તીરથ અષ્ટાપદ ગિરિવર, ધન ભરતેશ્વર રાયાજી ॥
દીપવિજય કવિરાજ પનોતા, જે જસ સુકૃત કમાયા ॥સાં૦ ॥૮॥

**અર્થ** — આ ઢાળમાં શ્રદ્ધા સખી અને ચેતના સખી તે બન્નેનો ગુણદાયક સુસંવાદ છે. શ્રી અષ્ટાપદગિરિના વંદનથી થયેલો આનંદ બન્ને સખીઓ અરસપરસ સુંદર આલાપ કરી પ્રભુભક્તિનો આનંદ પોતાને તથા પરને ઊપજાવે છે. એમ (સજની) એવા શબ્દથી ભાવ પ્રકાશિત થાય છે. હે સજની ! (હે સખી) ! શ્રી અષ્ટાપદગિરિના વંદનમાં મને રંગ લાગ્યો છે. હું કહું છું તે વાત તો તું સાંભળ ! શ્રી સગર ચક્રવર્તીના બળવંત યોદ્ધારૂપ સાઠ હજાર પુત્રો હતા, તે અષ્ટાપદગિરિમાં જિનવંદન કરવાને માટે દક્ષિણ દિશાના દરવાજાથી ચઢયા. દક્ષિણ દિશામાં શ્રી સંભવનાથ ભગવાનથી માંડીને પદ્મપ્રભ ભગવાન સુધીના ચાર તીર્થંકરોનાં બિંબોને સંસાર સમુદ્રનો પાર પામવાને માટે વંદન કર્યું. વળી, પશ્ચિમ દિશામાં સાતમા સુપાર્શ્વનાથ ભગવાનથી માંડીને અનંતનાથ પ્રભુ સુધી આઠ પ્રભુને વંદન કર્યું. ઉત્તર દિશામાં ધર્મનાથથી માંડીને વર્ધમાનસ્વામી સુધીના દશ તીર્થંકરોને વંદન કર્યું અને પૂર્વ દિશામાં શ્રી ઋષભદેવ તથા અજિતનાથ ભગવાનને વાંદી ભક્તિનો અપૂર્વ આનંદ મેળવ્યો. તેઓ સાઠ હજાર પુત્રો અન્યોન્ય પોતાના પૂર્વજોને સંભારવા લાગ્યા. આપણા કુળમાં અને પ્રથમ વડવારૂપ પચાસ લાખ

ક્રોડ સાગરોપમ પહેલાં શ્રી ભરત ચક્રવર્તી થયા. તેમણે શ્રી અષ્ટાપદ તીર્થ ઉપર શ્રી જૈનમંદિર બંધાવ્યું. ધન્ય હો ! ભરતેશ્વરજીને, ધન્ય હો ! નવાણું ભાઈઓને ! એ આપણા પિતરાઈઓએ જિનબિંબો વગેરે સ્થાપી ઘણાં પુણ્યનાં કામ કર્યાં. આગળ કાળનો પ્રભાવ વિષમ જાણીને, શ્રી ભરત ચક્રવર્તીએ તીર્થની રક્ષાને માટે દંડરત્ન વડે એક એક યોજનનાં એક એક પગથિયાં એવાં આઠ યોજનનાં આઠ પગથિયાં કરાવ્યાં. ધન્ય હો ! આ તીર્થને, ધન્ય હો ! ભરત ચક્રવર્તીને ! કવિરત્ન શ્રીદીપવિજયજી મહારાજ જણાવે છે કે આવા તીર્થના રક્ષક પુરુષોએ અપૂર્વ યશકીર્તિ ઉત્પન્ન કરી. સુકૃતરૂપ પુણ્યની કમાણી કરી અને છેવટે તે જ ભવમાં મુક્તિ મેળવી. સાંભળ ''સજનીજી રે'' એવા શબ્દોથી આ ભાવ સૂચક ફળપૂજાની ઢાળ કહી ॥ ૧ થી ૮ ॥

॥ ઢાળ ॥

(ગોપી મહિ વેચવા ચાલી, મટુકીમાં ગોરસ ઘાલી-એ દેશી)

ચિંતી તિહાં સાઠ હજાર, તીર્થ રક્ષાના લાભ અપાર ॥
અષ્ટાપદ આગળ ખાઈ, કરીએ તો સુકૃત થાઈ ॥૧॥

પહોળી ચાર ગાઉ પ્રમાણો, શેત્રુંજા મહાતમમાં વખાણો ॥
ખરી રજ રેણ નાગ નિકાઈ, નાગ આવી કહે સુણ ભાઈ ॥૨॥

કરી બાળક બુદ્ધિ ઉપાધિ, નાગ લોકના છો અપરાધી ॥
અપરાધ જુઓ મનમાંહિ, બાળી ભસ્મ કરું ક્ષણમાંહિ ॥૩॥

પણ ઋષભવંશી છો સપૂતા, તેથી ક્રોધ અમે નથી કરતા
ભુવન રત્ન તણાં જે કહાય, રજ રેણુથી મેલાં થાય ॥૪॥

અમ હિતશિક્ષા સુણો સંતા, હવે માફ કરો ગુણવંતા ॥
કહી નાગ ગયા જે વારે, ચક્રી નંદન એમ વિચારે ॥૫॥

ગંગા નીરથી ભરીએ જો ખાઈ, બહુકાળ રહે થિર ઠાઈ ॥
ઈમ ચિંતીને દંડરતનથી, ગંગા ખોદીને લાવ્યા જતનથી ॥૬॥

ગંગાજળથી ખાઈ ભરાય, નીર પહોતાં નાગનિકાય ॥
ધમધમતા સુર સમકાળે, સાઠ હજાર પ્રજાળે ॥૭॥

તીરથ બહુ ભાવસમ હોતા, સહુ બારમે સ્વર્ગે પહોતાં ॥
કહે દીપવિજય કવિરાજ, જુઓ તીર્થતણા સામ્રાજ્ય ॥૮॥

**અર્થ** — સાઠ હજાર પુત્રોને તીર્થરક્ષાનો અપાર લાભ જાણી એક વિચાર હૃદયમાં ઉત્પન્ન થયો. અષ્ટાપદ તીરથનાં પગથિયાં યોજન યોજન પ્રમાણવાળાં તીર્થરક્ષાને માટે ભરતચક્રવર્તીએ કર્યાં છે, છતાં પણ જો ફરતી ખાઈ કરવામાં આવે તો વિશિષ્ટ પ્રકારે તીર્થરક્ષાનું પુણ્ય થાય અને આશાતના દૂર થાય. સાઠ હજાર પુત્રોએ ચક્રવર્તીના વિશિષ્ટ પ્રકારના દંડરત્નાદિકના બળથી ચાર ગાઉ પ્રમાણ પહોળી તીર્થની ચારે બાજુએ ખાઈ કરાવી. આ વાત 'શત્રુંજય માહાત્મ્ય'માં વખાણી છે. આ ખાઈ કરતાં પૃથ્વીનું દળ અધોભાગમાં ઢીલું પડી જવાથી રજ રેણું વગેરે નાગલોકના રહેવાના સ્થાન સુધી ખરી પડી. તે વખતે નાગનિકાયના ઇંદ્રે આવીને તેમને (સાઠ હજાર પુત્રોને) ઠપકો આપ્યો. તમે બાળકબુદ્ધિ વાપરી છે, નાગલોકના અપરાધી બન્યા છો. અમે તમને બધાને બાળીને ભસ્મ કરી દઈશું, પરંતુ આપ સર્વે

કુમારો પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના વંશના સુપુત્રો છો તેથી અમે ક્રોધનો ઉદય દબાવી દઈ કાંઈ કરી શકતા નથી. હવેથી આવું કામ કરતા નહિ, કારણ કે તમારા આ પ્રયત્નથી અમારા રત્નનાં ભવનો રજરેણુથી મેલાં થઈ ગયાં છે. તે પછી નાગદેવો પોતાના સ્થાનમાં ગયા. ત્યાર પછી ભવિતવ્યતા બળવાન હોવાથી અને અષ્ટાપદ જેવા મહાતીર્થની આશાતના દૂર કરવા માટે રક્ષણ અતિઆવશ્યકતા ભરેલું લાગવાથી એક જુદો વિચાર કરે છે. એકલી ખાઈથી બરાબર રક્ષણ ન થાય માટે ગંગાનદીનાં પાણીથી એ ખાઈ આપણે ભરી દઈએ કે જેથી ઘણા કાળપર્યંત તીર્થરક્ષા થાય. આમ ચિંતવી દંડરત્નના બળથી ગંગા નદીનું પાણી આકર્ષી ખાઈ ભરાવી. ત્યારબાદ પાણીનાં મોટાં પૂરો નાગનિકાયને મલીન કરવા લાગ્યાં. તેથી નાગલોકનો ક્રોધ પાછો ફરી વિકરાળરૂપે પ્રગટ થયો. આથી સાઠ હજાર કુમારોને બાળીને ભસ્મ કર્યા. પરંતુ તીર્થના રક્ષણનો ભાવ હોવાથી અને સમુદાય કર્મના ઉદયને ભોગવીને બધા સાઠે હજાર કુમારો બારમે દેવલોકે ગયા. શ્રી દીપવિજયજી મહારાજ જણાવે છે કે જુઓ જુઓ ! શ્રી અષ્ટાપદતીર્થનું સામ્રાજ્ય તથા સાઠ હજાર કુમારોની તીર્થભક્તિ ! ॥૧ થી ૮॥

॥ મંત્રઃ પૂર્વવત્ જાણવો.॥

॥ શ્લોક ॥

**કટુકકર્મ વિપાકવિનાશનં, સરસપકવફલકૃતઢૌકનમ્ ॥**
**વિહિતવૃક્ષફલસ્ય વિભોઃ પુરઃ, કુરુત સિદ્ધિફલાય મહાજનાઃ ॥૧॥**

**અર્થ —** હે મહાન્ જનો ! (પૂજાના રસિક જીવો) કટુક કર્મના વિપાકને નાશ કરનાર, સરસ પકવ ફલથી કરાયેલું એવું વૃક્ષના ફલનું ભેટણું વિધિસર પ્રભુની આગળ મુક્તિના ફળને અર્થે ધરો ॥૧॥

## ॥ અષ્ટમ નૈવેદ્ય પૂજા પ્રારંભ ॥

(દોહા)

**નૈવેદ્ય પૂજા આઠમી, ભાતિ શત પકવાન્ન ॥**
**થાળ ભરી જિન આગળે, ઠવિયે ચતુર સુજાણ ॥૧॥**

**અર્થ —** હે ચતુર સુજાણ ! (પૂજારસિક જીવો !) આઠમી નૈવેદ્ય પૂજામાં હજારો જાતિનાં પકવાન્ન સહિત થાળ ભરીને જિનેશ્વર ભગવાનની આગળ સ્થાપન કરો ॥૧॥

**॥ ઢાળ આઠમી ॥**

(શ્રાવણ વરસે રે સ્વામી. મેલી ન જાઓ રે અંતરજામી-એ દેશી)

**ભરતેશ્વરને રે વારે, અષ્ટાપદ થયું તે વારે ॥**
**ચક્રી સગરથી રે ખાઈ, અષ્ટાપદ ગિરિરાજ વડાઈ ॥૧॥**
**વંદો તીરથ રે વારુ, ચોવીશ જિન પડિમા જગતારુ**
**॥ વંદો તીરથ૦ ॥**
**અજિત જિનેશ્વરથી રે જાણો, પંચમ આરો અંત પ્રમાણો ॥**
**પચાસ લાખ ક્રોડ રે સાગર, બાવીસ જિનપતિ ગુણરત્નાકર ॥**
**અડધો આરો ગુણ રત્નાકર ॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૨॥**

વર્ધમાન જિનને રે વારે, ગૌતમ ગણધર જગજયકાર ॥
અષ્ટાપદગિરિ રે જાવે, દક્ષિણદ્વાર પ્રવેશ સોહાવે
॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૩॥

પહેલાં વંદ્યા રે ચાર, જિનવંદ્યા ચક્રીસુત પાર ॥
ચત્તારિ અટ્ઠદશ દોય ભાતિ, ચાલી તેહથી જગમાં ખ્યાતિ
॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૪॥

પન્નરસેં ત્રણ તાપસ તારે, ભવજળથી પાર ઉતારે ॥
તાપસ જમતાં રે ભાવે, પાચસેં એકને કેવલ થાવે
॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૫॥

સમવસરણને રે જોતાં, પાંચસે એકને કેવલ હોતાં ॥
પ્રભુજીની સુણી રે વાણી, પાંચસેં એક હુઆ તિહાં નાણી
॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૬॥

નમો તિત્થસ્સ ઈમ કહી મુખવાણી, કેવલી પરખદા બેસે નાણી ॥
દીપવિજય કવિરાજ સવાઈ, અષ્ટાપદ ગિરિરાજ વડાઇ ॥
॥ વંદો૦ ॥ ચોવીશ૦ ॥૭॥

**અર્થ** — ભરતેશ્વરને વારે યોજન પ્રમાણ આઠ આઠ પગથિયાં કરવાથી અષ્ટાપદ એવું નામ પ્રસિદ્ધિને પામ્યું. સગર ચક્રવર્તીના પુત્રોએ તીર્થની રક્ષાને માટે ખાઈ વગેરે કરીને અષ્ટાપદ ગિરિરાજની વડાઈ એટલે માહાત્મ્ય વધાર્યું એવા શ્રી અષ્ટાપદ તીર્થને હે ભવ્યજનો ! વંદન કરો. તે તીર્થ ઉપર શ્રી ભરત ચક્રવર્તીએ સ્થાપન કરેલાં ચોવીસ ભગવાનનાં બિંબોને વંદન કરો. આ તીર્થ સંસારરૂપી સમુદ્ર તરવામાં તારુ એટલે વહાણ સમાન છે. આ તીર્થ શ્રી ઋષભદેવથી માંડીને પાંચમા આરાના પર્યન્ત સુધી જયવન્તુ રહેશે અને અજિતનાથથી જો ગણીએ તો પાંચમા આરાના અંત સુધીમાં ચોથા આરાના અર્ધ પ્રમાણવાળા કાળથી પચાસ લાખ ક્રોડ સાગરોપમ થાય. આ ચોથા અર્ધા આરામાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ તથા અજિતનાથ ભગવાનને છોડી દઈને મહાવીરસ્વામી પર્યન્ત બાવીસ તીર્થંકર થયા. આ કારણથી બાવીસ તીર્થંકરો પણ ગુણના ભંડાર કહેવાયા અને અડધા આરાનો કાળ પણ આંતરે આંતરે તીર્થંકર ભગવાનના તીર્થની સ્થાપનાથી પણ ગુણનો ભંડાર કહેવાય છે. છેલ્લા શ્રી વર્ધમાન સ્વામીના જીવનના વારામાં શ્રી ગૌતમ ગણધર પ્રભુએ લબ્ધિ દ્વારા સૂર્યના કિરણોનું અવલંબન લઈ અષ્ટાપદગિરિ પર ચઢી અને દક્ષિણ દ્વારથી પ્રવેશ કરીને ચાર આઠ દશ અને બે-એમ ચોવીસ તીર્થંકર પ્રભુને વાંદ્યા. પ્રથમ ચાર તીર્થંકરને વાંદ્યા હોવાથી 'ચત્તારિ અટ્ઠ દશ દોય' એવી ખ્યાતિ દુનિયામાં ચાલી. તેને માટે ''સિદ્ધાણં બુદ્ધાણં''ની પાંચમી ગાથા વિચારવી. વળી, વર્ધમાનસ્વામી મહારાજના તીર્થમાં પંદરસો અને ત્રણ તાપસોએ આ અષ્ટાપદગિરિ તીર્થની યાત્રાથી આત્મસાધના કરી પાંચસે ને એકને ક્ષીર જમતાં જમતાં અને ગિરિરાજના ગુણ ગાતાં ગાતાં, આત્મગુણનું અવલોકન કરતાં કરતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. વળી, પાંચસો એક સમવસરણ દેખતાં કેવલી થયા અને ત્રીજા પાંચસો ને એક મહાવીર પ્રભુની વાણી સાંભળતાં કેવલી થયા, અને ''નમો તિત્થસ્સ'' કહીને મહાવીર પ્રભુના સમોવસરણમાં જઈને કેવલી પર્ષદામાં બેઠા. કવિરત્ન શ્રી દીપવિજયજી મહારાજ કહે છે કે આ ગિરિરાજની સવાઈ અને વડાઇ મેં સુંદર કંઠથી ગાઈ છે. તેવા સુંદર તીર્થને વંદન કરો ॥૧ થી ૭ ॥

॥ ઢાળ ॥

(રાગઃ ધનાશ્રી-ગિરુઆ રે ગુણ તુમ તણા-એ દેશી)

ચત્તારિ અટ્ઠ દશ દોય મળીને, ચોવીસ જિન ગુણ ગાયા રે ॥
કૈલાસ શિખરે પ્રભુજી બિરાજે, અષ્ટાપદ ગિરિએ પ્રભુજી બિરાજે;

ભરતે બિંબ ભરાયા રે, લાંછન વર્ણ સોહાયા રે ॥
દેહ પ્રમાણ કહાયા રે, ગાયા રે મેં જિનપતિ ગાયા ॥૧॥

તપગચ્છપતિ વિજયાનંદસૂરિ, લક્ષ્મીસૂરિગચ્છરાયા રે ॥
તાસ પરંપર ધર સૂરીશ્વર, ધનેશ્વરસૂરિ સવાયા રે
॥ ગાયા૦ ॥૨॥

રાંદેર બંદર સંઘ વિવેકી, લાયક ગુણ નિપજાયા રે ॥
અષ્ટાપદના મહોત્સવ કારણ, પૂજા ગુણ ગવરાયા રે
॥ ગાયા૦ ॥૩॥

આગમ અભ્યાસી ઉપદેશી, રાજેન્દ્રવિજય કહાયા રે ॥
તેહના વચન સંકેતને હેતે, સુકૃત લાભ કમાયા રે
॥ ગાયા૦ ॥૪॥

સંવત્ અઢાર બાણું વરસે, ફાગણમાસ સોહાયા રે ॥
પ્રેમરત્ન ગુરુ ચરણ પસાયે, અમૃત ઘન વરસાયા રે
॥ ગાયા૦ ॥૫॥

દીપવિજય કવિરાજ સવાઈ, મંગલ ધવલ સવાયા રે ॥
મુગતા અક્ષત ફૂલ વધાવો, અષ્ટાપદગિરિ રાયા રે
॥ ગાયા૦ ॥૬॥

**અર્થ –** ચાર, આઠ, દશ અને બે એમ મળીને ચોવીસ પ્રભુના ગુણ ગાયા. કૈલાસના શિખર ઉપર એટલે બીજા નામ તરીકે અષ્ટાપદગિરિ ઉપર ભરતે ભરાવેલાં બિંબ શોભે છે. લાંછન, વર્ણ અને દેહપ્રમાણ વગેરે શિલ્પશાસ્ત્રના નિયમપૂર્વક એ અપૂર્વ બેઠકની રચના મેં કહી અને જિનેશ્વર ભગવાનના ગુણ ગાયા છે. હવે આ પૂજાના રચયિતા પોતાના નામપૂર્વક પોતાના વડેરા ગચ્છાધિપતિઓનાં નામો સંભારે છે (૧) તપગચ્છના અધિપતિ શ્રીવિજયાનંદસૂરિ, પછી શ્રીવિજયલક્ષ્મીસૂરિ (ગચ્છના અધિપતિ) તેમની પરંપરાને ધારણ કરનારા શ્રીધનેશ્વરસૂરિ રાંદેર બંદરમાં રહી વિવેકી સંઘની વિનંતિથી અષ્ટાપદ તીર્થના મહોત્સવને કારણે પૂજાના ગુણ ગવરાવ્યા. વળી, આગમના અભ્યાસી અને ઉપદેશક રાજેન્દ્રવિજય મહારાજ થયા, તેમના વચનના સંકેતથી આ પૂજા બનાવીને પુણ્યની કમાણી પ્રાપ્ત કરી. તે વખતે સંવત્ ૧૮૯૨ની સાલ ચાલતી હતી. ફાગણ માસ શોભતો હતો. જેમના ગુરુ પ્રેમરત્ન મહારાજ હતા તેમના પસાયથી અમૃતના વરસાદરૂપ પૂજાની કૃતિ તેમના શિષ્ય શ્રી દીપવિજયજી કવિરાજે રચી અને મંગળ ધવળના સવાયાં ગીતો ગવાયાં અને શ્રી અષ્ટાપદ ગિરિરાજને મોતીથી અને અક્ષતથી તેમ જ પુષ્પોથી વધાવ્યા. એવા શ્રી ચોવીસ તીર્થંકર પ્રભુના ગુણોનું ગાન કર્યું ॥ ૧ થી ૬ ॥

॥ મંત્ર પૂર્વવત્ જાણવો. ॥

॥ શ્લોકઃ ॥

**સકલપુદ્ગલસંગવિવર્જનં, સહજચેતનભાવવિલાસનમ્ ॥**
**સરસભોજનકસ્ય નિવેદનાત્, પરમનિર્વૃતિભાવમહં સૃજે ॥૧॥**

**અર્થ** - સમસ્ત પુદ્ગલના સંગથી રહિત, અને સ્વભાવિક ચૈતન્યના જે ભાવોના વિલાસરૂપે અને પરમનિવૃત્તિ આપનારું એવું ષટ્રસ ભોજનનું જે નૈવેદ્ય તે અનાહારી પદ પ્રાપ્ત કરવાને માટે આવા નૈવેદ્યથી પ્રભુની આઠમી પૂજા હું રચું છું. ॥૧॥

ઇતિ કવિવર શ્રી દીપવિજયજી કૃત અષ્ટાપદજીની પૂજા સમાપ્ત.

॥ ઇતિશ્રી અષ્ટમ નૈવેદ્ય પૂજા સમાપ્ત ॥

## પરિશેષ

(પૂજાનો ભાવાર્થ)

### પહેલી પૂજા માટે

**વિશેષ ભાવાર્થ** — પ્રથમ જલ પૂજાના પ્રકારો ત્રણ, પાંચ, આઠ, સત્તર, એકવીસ અને એકસો ને આઠ છે. આ પ્રકારોને માટે શ્રી આનંદઘનજીકૃત નવમા ભગવાનનું સ્તવન અર્થપૂર્વક જોઈ લેવું. તે ભેદોને માટે સ્તવનકર્તાએ ઉત્તરાધ્યયનસૂત્રની સાક્ષી આપી છે. પ્રથમપૂજાની ઢાળમાં જે જે કવિમુનિવરોએ પૂજાઓ બનાવી છે તેમનાં નામોનો ઉલ્લેખ કર્યો છે. વળી, તે જ ઢાળની દશમી અને અગિયારમી કડીના પ્રશ્નોત્તરમાં સિદ્ધાચલતીર્થથી અષ્ટાપદગિરિ મહાતીર્થ એક લાખ અને પંચાસી હજાર ગાઉ દૂર કહેલું છે. તેની સમજૂતી આ પ્રમાણે જાણવી-

'શ્રી લઘુક્ષેત્રસમાસ'ની અઠ્યાસીમી ગાથામાં લવણ સમુદ્રના દક્ષિણ દરવાજાથી દક્ષિણાર્ધ ભરતના વચ્ચોવચ્ચ રહેલી અયોધ્યાનગરી એકસો ચૌદ યોજન અને અગિયાર કળા દૂર છે (૧૧૪ યો.૧૧ક.) તેના પ્રમાણાંગુલે ગાઉ કહીએ તો એકસો ચૌદ ને સોળસોથી ગુણવા. કારણ કે સોળસો ગાઉનું એક યોજન પ્રમાણાંગુલવાળા માપથી થાય છે. જંબૂદ્વીપાદિક ક્ષેત્રો માપણીમાં પ્રમાણાંગુલે કરીને માપેલાં છે. વળી, અષ્ટાપદગિરિ અયોધ્યાનગરીની નજીકમાં આવેલ છે. તેના ગાઉ કરતાં એક લાખ છયાસી હજાર એકસો ચાર ગાઉ ઉપર ૬ કળા વધે છે. (૧૮૬૧૦૪ ગાઉ, ૬ કળા) આ પ્રમાણ દક્ષિણ દરવાજાથી ગણાયું છે તેથી દક્ષિણ દરવાજાથી શ્રી સિદ્ધાચળ તીર્થ આશરે અગિયારસો ચાર ગાઉ ૬ કળા (૧૧૦૪ ગાઉ ૬ કળા) દૂર હોવો જોઈએ, કારણ કે ઉપલી ગણતરીથી ૧૮૬૧૦૪ ગાઉ, ૬ કળા એટલી સંખ્યા મળે છે અને કવિરત્ન દીપવિજયજી મહારાજ ૧૮૫૦૦૦ હજાર ગાઉ સિદ્ધાચલથી અષ્ટાપદગિરિ દૂર બતાવે છે. થોડી ઘણી સંખ્યામાં જે ફેર રહે છે તેનું સ્વરૂપ બહુશ્રુતો અને સર્વજ્ઞો જાણી શકે પરંતુ આ પ્રમાણ ક્ષેત્રસમાસને આધારે અને પ્રમાણાંગુલ વડે કરીને ક્ષેત્રની ગણના કરતાં આ સંખ્યા મેળવી શકાઈ છે.

### આ પૂજાની બીજી ઢાળ

આ પૂજાની બીજી ઢાળમાં જે ભાવો ભરતક્ષેત્રમાં કહ્યા છે તેવા જ ભાવો પાંચ ભરત અને પાંચ ઐરાવતમાં સમજવા. વળી, વીસકોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થાય છે, તેમાં છ ઉત્સર્પિણીના અને છ અવસર્પિણીના એમ બાર આરા હોય છે. ઉત્સર્પિણીના છેલ્લા ત્રણ આરા અને અવસર્પિણીના પહેલા ત્રણ આરા છે, તેના અઢાર કોડાકોડી સોગરોપમ થાય છે. તેમાં યુગલિકધર્મ પ્રવર્તે છે. શ્રાવક

અને સાધુનો ધર્મ વિચ્છેદરૂપ હોય છે. બાકીના બે કોડાકોડી સાગરોપમમાં એક ચોવીસી ઉત્સર્પિણીની અને એક ચોવીસી અવસર્પિણીની થાય છે. તેમાં પ્રભુનો કહેલો શ્રાવકધર્મ તથા સાધુધર્મ તીર્થ સ્થાપનના તેજથી ઝળકે છે. આ ભાવો અનાદિ અનંતરૂપે ભૂતકાળમાં વર્ત્યા છે, વર્તે છે અને ભવિષ્યકાળમાં વર્તશે એમ પવિત્ર આગમો સૂચવે છે.

## બીજી ચંદનપૂજા

**વિશેષ ભાવાર્થ –** પ્રભુના એક ક્રોડ અને સાઠ લાખ (૧,૬૦,૦૦,૦૦૦) કળશના અધિકારમાં આ સંખ્યા પ્રદર્શિત કરેલી છે. તેમાં કળશની સંખ્યા એક-એક જાતિના આઠ-આઠ હજારની હોવાથી ચોસઠ હજાર કળશની સંખ્યા થાય છે. એક-એક કળશથી અઢીસો વખત અભિષેક થતો હોવાથી ચોસઠ હજાર ને અઢીસોથી ગુણીએ તો એક ક્રોડ અને સાઠ લાખ (૧,૬૦,૦૦,૦૦૦) ની સંખ્યા કળશની નહિ પણ અભિષેકની થાય. આ વાત ''આત્મભક્તિ મળ્યા કેઈ દેવા'' એ પદથી શરૂ થતી શ્રી વીરવિજયજીકૃત સ્નાત્રપૂજાની છેલ્લી ઢાળમાં અઢીસો અભિષેકની ગણનાપૂર્વક અભિષેકની સંખ્યા ઉપર કહ્યા મુજબ જણાવવામાં આવી છે. '' 'અઢીસેં' અભિષેક આ પ્રમાણે છે.''

| | | |
|---|---|---|
| ૧૦ | વૈમાનિક બાર દેવલોકના દશ ઇંદ્ર, તેના દશ અભિષેક. | |
| ૨૦ | ભુવનપતિના વીસ ઇંદ્રના વીસ અભિષેક. | |
| ૩૨ | વ્યંતરના બત્રીશ ઇંદ્રના બત્રીશ અભિષેક. | |
| ૧૩૨ | જયોતિષી અઢીદ્વીપ માંહેલા છાસઠ ચંદ્ર અને-છાસઠ સૂર્ય મળી એકસો બત્રીશના એકસો બત્રીશ અભિષેક. | |
| ૮ | સૌધર્મેન્દ્રની આઠ અગ્રમહિષીના | આઠ અભિષેક |
| ૮ | ઈશાનેંદ્રની આઠ અગ્રમહિષીના | આઠ અભિષેક |
| ૫ | ચરમેન્દ્રની પાંચ અગ્રમહિષીના | પાંચ અભિષેક |
| ૬ | ધરણેંદ્રની છ પટરાણીના | છ અભિષેક |
| ૬ | ભૂતાનેંદ્રની છ પટરાણીના | છ અભિષેક |
| ૪ | વ્યંતરની ચાર અગ્રમહિષીના | ચાર અભિષેક |
| ૪ | જ્યોતિષીની ચાર અગ્રમહિષીના | ચાર અભિષેક |
| ૪ | લોકપાલના | ચાર અભિષેક |
| ૧ | અંગરક્ષક દેવનો | એક અભિષેક. |
| ૧ | સામાનીક દેવનો | એક અભિષેક. |
| ૧ | કટકના દેવનો | એક અભિષેક. |
| ૧ | ત્રાયસ્ત્રિંશ દેવનો | એક અભિષેક. |
| ૧ | પર્ષદાના દેવનો | એક અભિષેક. |
| ૧ | પન્નગ સુરનો એટલે પ્રજ્ઞાસ્થાન દેવનો એક અભિષેક. | |

## પ્રકીર્ણક

આ જળ-અભિષેકનો ભાવ જળપૂજાની સાથે સંલગ્ન હોય છતાં ચંદનપૂજામાં આ જળ-અભિષેકનો ભાવ કવિરત્ન દીપવિજય મહારાજ લાવ્યા છે, તેનું કારણ તો પ્રાયે એમ જાણવામાં આવે છે કે પ્રભુજીને અભિષેક કર્યા પછી તરત જ ચંદનાદિની પૂજા ઈન્દ્ર મહારાજાએ કરી તેથી સંલગ્નપણાનો ભાવ જળ અને ચંદન પૂજામાં છે, તેથી અભિષેકનો ભાવ ચંદનપૂજામાં લાવ્યા હોય, અને તે ઉચિત જણાય છે.

**વિશેષ ભાવાર્થ** – ચંદનપૂજાની બીજી ઢાળમાં શ્રી ઋષભદેવ પ્રભુના વંશ અને ગોત્ર વખાણ્યાં છે. તેની સાથે છત્રીસ રાજકુલ સૂર્યવંશ, ચન્દ્રવંશ, તેમ જ આ ચંદન પૂજાની ઢાળોમાં શ્રી ઋષભદેવ પ્રભુની સંતતિ આદિ વૃતાન્તો બતાવ્યાં છે.

## ત્રીજી પુષ્પપૂજા

**વિશેષ ભાવાર્થ** – પ્રભુની રાજનીતિ, વિનીતા નગરીને વસાવવી (જંબૂદ્વીપપન્નત્તિની સાક્ષીપૂર્વક), ત્યારબાદ એકસો (૧૦૦) શિલ્પપુરુષોની બહોતેર અને સ્ત્રીઓની ચોસઠ કળાઓ તેમ જ ચતુરંગિણી સેનાનું વર્ણન કર્યું છે. વળી, શ્રી ઋષભદેવ પ્રભુની ચાર હજાર (૪૦૦૦)ની સાથે દીક્ષાકલ્યાણકની વિચારણા દર્શાવી છે. વળી, ચોવીસ તીર્થંકર પ્રભુના દીક્ષાની શરૂઆતમાં કોના હાથથી અને કઈ-કઈ વસ્તુથી પારણાં થયાં અને સુપાત્ર દાન આપનાર જીવોની કઈ કઈ શુભ ગતિ થઈ તેનું વર્ણન કરેલું છે.

## ચોથી ધૂપપૂજા

**વિશેષ ભાવાર્થ** – આ પૂજામાં ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાન અને મરૂદેવી માતાને કેવળજ્ઞાન અને મોક્ષ થયો તે સ્વરૂપ દર્શાવ્યું છે. તેમ જ ચતુર્વિધ સંઘની સ્થાપના અને જિનદેશના પણ દર્શાવી છે. તેમ જ શ્રી ઋષભદેવ ભગવાનનું નિર્વાણ અષ્ટાપદજી પર્વત ઉપર થયું તે વખતે ચોસઠ ઈન્દ્રોએ ઊજવેલું પ્રભુનું નિર્વાણ કલ્યાણક પ્રગટ રીતે દેખાડયું છે. તેમાં સાક્ષીભૂત (''જંબૂદ્વીપપન્નત્તિ અને આવશ્યકસૂત્રની નિર્યુક્તિ'')નાં પ્રમાણો બતાવ્યાં છે.

## પાંચમી દીપકપૂજા

**વિશેષ ભાવાર્થ** – આ પૂજાની પ્રથમ ઢાળમાં ચોવીસ ભગવાનના દેહ વગેરેનાં પ્રમાણ અને તે મંદિરનું નામ સિંહનિષદ્યા બતાવેલું છે. પછી શ્રી અષ્ટાપદ ગિરિરાજમાં ભરત વગેરેએ કરેલા વધાવા દર્શાવ્યા છે.

## ઢાળ બીજી

**વિશેષ ભાવાર્થ** – આ ઢાળમાં યોજન યોજન પ્રમાણનાં પગથિયાંનું વર્ણન અને ભરતની આઠ પાટ સુધી આરિસાભવનમાં કેવળજ્ઞાન વગેરે ''ઠાણાંગ સૂત્ર''ની સાક્ષીથી પ્રદર્શિત કર્યાં છે.

## છટ્ઠી અક્ષતપૂજા

**વિશેષ ભાવાર્થ** – આ પૂજાની પ્રથમ ઢાળમાં શ્રી ઋષભદેવ પ્રભુના શાસનમાં અસંખ્ય પાટપરંપરાએ જીવો એકાવતારી થઈ સર્વાર્થસિદ્ધ વિમાનમાં પહોંચ્યા, અને અસંખ્ય જીવો મોક્ષે ગયા એવા ભાવાર્થથી સૂચવતી સાત પ્રકારની સિદ્ધદંડિકા એટલે દેવગતિ અને મોક્ષગતિની પરંપરા અસંખ્યાત શબ્દથી પ્રસિદ્ધ હોવાની વિગત બતાવી છે. આ સિદ્ધદંડિકાનાં સ્તવનો સ્તવનાવલીઓમાં મહાકવિરત્નોએ ગૂંથ્યાં છે. એવી રીતે સાત સિદ્ધદંડિકાનું સ્વરૂપ સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોએ સુબુદ્ધિ નામના ચક્રીના મંત્રીરાજને

પૂછવાથી તેઓએ બતાવ્યું છે અને એ વાત સાંભળીને સાઠ હજાર પુત્રોને ધર્મની ઘણી જ અનુમોદના થઈ છે. જેમ કે અહો ધન્ય છે કે અમારા પૂર્વકાળના વડવાઓએ મુખ્ય પાટપરંપરાથી સર્વાર્થસિદ્ધ વિમાન અને મોક્ષ સિવાય બીજી ગતિ પણ મેળવી નથી. આ સાત સિદ્ધદંડિકાનું સ્વરૂપ ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજે 'લોકપ્રકાશ'ના ગ્રંથમાં વર્ણવ્યું છે. વળી, પંદરસો ને ત્રણ તાપસો કેવળજ્ઞાન પામ્યા એનું સ્વરૂપ પણ આ ઢાળમાં છે.

### ઢાળ બીજી

**વિશેષ ભાવાર્થ –** આ ઢાળમાં શ્રી અજિતનાથ પ્રભુના તીર્થમાં સગર ચક્રવર્તી અને તેના સાઠ હજાર પુત્રોએ શ્રી અષ્ટાપદ તીર્થની આરાધના સુંદર રીતે કરી, તેનું સ્વરૂપ બતાવ્યું છે.

### સાતમી ફળપૂજા

**વિશેષ ભાવાર્થ –** આ પૂજાની પ્રથમ ઢાળમાં અષ્ટાપદગિરિમાં ચતુર્મુખવાળા પ્રાસાદમાં ચાર, આઠ, દશ ને બે એવી સંખ્યાની ગણતરીપૂર્વક સાઠ હજાર પુત્રોએ અષ્ટાપદતીર્થનું ગુણગાન કર્યું છે.

### ઢાળ બીજી

**વિશેષ ભાવાર્થ –** આ ઢાળમાં અષ્ટાપદ તીર્થની ખાઈ તીર્થ રક્ષણને માટે સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોએ કરી છે અને ગંગા નદીનું પાણી પણ તેમાં લાવ્યા હતા તે સાઠ હજારનું સામુદાયિક કર્મ હતું. તેમને નાગકુમારે બાળીને ભસ્મ કર્યા. તીર્થ રક્ષણના સુંદર આશયથી પુણ્યાનુબંધી પુણ્યની પ્રકૃતિ ઉત્પન્ન કરીને બારમે દેવલોકે પહોંચ્યા વગેરેનું વર્ણન છે.

### આઠમી નૈવેદ્યપૂજા

**વિશેષ ભાવાર્થ –** આ ઢાળમાં શ્રી અષ્ટાપદ તીર્થ પાંચમાં આરાના અંત સુધી રહેશે એ વાત કહી છે. તેમ જ અષ્ટાપદગિરિ ઉપર ચઢતાં એક બે પાવડિયા ઉપર ચઢેલા તાપસોને અષ્ટાપદગિરિના વંદનથી અને ગૌતમસ્વામીએ કરાવેલાં પારણાંથી ચમત્કાર પામી ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ કેવલજ્ઞાન પામ્યા વગેરેનું વર્ણન છે.

### ઢાળ બીજી

**વિશેષ ભાવાર્થ –** આ ઢાળમાં કવિરત્ન શ્રી દીપવિજયજી મહારાજની ગુરુની પરંપરાનાં પવિત્ર નામો પ્રદર્શિત કરેલાં છે. અને શ્રી દીપવિજયજી મહારાજે વિક્રમ સંવત્ ૧૮૯૨ના ફાગણ માસમાં આ પૂજાની રચના કરી છે તે નોંધ્યું છે. શ્રી દીપવિજયજી મહારાજ એક કવિરત્ન હતા અને આગમનો બોધ સારો હોવાથી શ્રી અષ્ટાપદ તીર્થનું વર્ણન આગમ દ્વારા જાણી અષ્ટપ્રકારી પૂજા રાગરાગિણીપૂર્વક અનેક ઢાળોથી રચી છે.

**ૐ હ્રીઁ શ્રીઁ અષ્ટાપદતીર્થાય નમો નમઃ ॥ ઈતિ મંગલમ્ ॥**

# 2

# ॥ અષ્ટાપદના સ્તવનો ॥

## ૧

(નીંદરણી વેરણ હુઈ રહી -એ દેશી)

શ્રી અષ્ટાપદ ઉપરે, જાણી અવસર હો આવ્યા આદિનાથ કે,
ભાવે ચોસઠ ઈન્દ્ર શું, સમવસરણે હો મલ્યો મોટો સાથ કે. શ્રી. ૧

વિનિતા પુરીથી આવી, બહુ સાથે હો વલી ભરત ભૂપાલ કે,
વાંદી હીયડા હેજશું, તાત મુરતી હો નિકે નયણે નિહાલ કે. શ્રી ૨

લેઈ લાંખીણાં ભામણાં, કહે વયણલાં હો મોરા નયણલાં ધન્ન કે,
વિણ સાંકલ વિણ દોરબાંધી, લીધું હો વહાલા તેં મન્ન કે. શ્રી. ૩

લઘુભાઈએ લાકડા, તે તો તાતજી હો રાખ્યા હૈડા હજુર કે,
દેશના સુણી વાંદી વદે, ધન્ય જીવડા હો જે તર્યા ભવ પૂર કે. શ્રી .૪

પૂછે પ્રેમે પૂરીયો, આ ભરતે હો આગલ જગદીસ કે,
તીર્થંકર કેતા હોશે, ભણે ઋષભજી હો અમ પછી ત્રેવીશ કે. શ્રી. ૫

માઘની સાંમલી તેરશે, પ્રભુ પામ્યા હો પદ પરમાનંદ કે,
સાંભળી ભરતેશ્વર કહે, સસનેહી હો નાભિરાયના નંદ કે. શ્રી. ૬

મનમોહન દિન એટલા, મુજ સાથે હો રૂષણા નવી લીધ કે,
હેજ હૈયાનો પરહરી, આજ ઊંડા હો અબોલડા લીધ કે. શ્રી. ૭

વિણ વાંકે કાંઈ વિસરીયા, તેં તોડયા હો પ્રભુ પ્રેમના ત્રાગ કે,
ઈન્દ્રે ભરતને બુઝવ્યા, દોષ મ દીયો હો એ જિન વીતરાગ કે. શ્રી.૮

શોક મુકી ભરતેસરૂ, વાર્ધિકને હો વલી દીધ આદેશ કે,
થુભ કરો જિણ થાન કે, સંસ્કારો હો તાતજી રીસહેસકે. શ્રી.૯

વલી બંધવ બીજા સાધુની, તિહાં કીધી હો ત્રણ થુભ અનુપકે,
ઊંચો સ્ફટિકનો કુટકો, દેખી ડુંગર હો હરખ્યો ભણે ભૂપ કે. શ્રી. ૧૦

રતન કનક થુભ ઢુંકડી, કર્યો કંચન હો પ્રાસાદ ઉત્તંગ કે,
ચોબારો ચૂંપે કરી, એક જોયણ હો માન મન રંગ કે. શ્રી. ૧૧

સિંહનિષધા નામના, ચોરાસી હો મંડપ પ્રસાદ કે,
ત્રણ કોશ ઉંચો કનકનો, ધ્વજ કલશે હો કરે મેરુ શું વાદ કે. શ્રી. ૧૨

વાન પ્રમાણે લાંછન, જિન સરિખી હો તિહાં પ્રતિમા કીધ કે,
દોય ચાર આઠ દસ ભલી, ઋષભાદિક હો પૂરવે પર સિદ્ધ કે. શ્રી. ૧૩

કંચનમણિ કમલે ઠવી, પ્રતિમાની હો આણી નાશીકા જોડ કે,
દેવ છંદો રંગ મંડપે, નીલાં તોરણ હો કરી કોરણી કોડ કે. શ્રી. ૧૪

બંધવ બેન માત તણી, મોટી મુરતિ હો મણિ રતને ભરાય કે,
મરૂદેવા મયગલ ચઢી, સેવા કરતા હો નિજ મુરતીની પાય કે. શ્રી. ૧૫

પાડિહારજ છત્ર ચામરા, જક્ષાદિક હો કીધા અનિમેષ કે,
ગોમુખ ચતુર ચક્કેસરી, ગઢવાડી હો કુંડ વાવ્ય વિશેષ કે. શ્રી. ૧૬

પ્રતિષ્ઠા પ્રતિમા તણી, કરાવે હો રાજા મુનિવર પાસ કે,
પૂજા સ્નાત્ર પ્રભાવના, સંઘ ભગતી હો ખરચે ઘણી આથ કે. શ્રી. ૧૭

પડતે આરે પાપીયા, મત પાડો હો કોઈ વિરૂઇ વાટ કે,
એક એક જોયણ આંતરે, ઈમ ચિંતવી હો કરે પાવડીયા આઠ કે શ્રી. ૧૮

દેવ પ્રભાવે એ દેહરાં, રહેશે અવિચલ હો છઠ્ઠા આરાની સીમ કે,
વાંદે આપ લબ્ધિ બળે, નર તેણે ભવ હો ભવસાગર ખીમ. શ્રી. ૧૯

કૈલાસ ગિરિના રાજીયા, દીયો દરિશણ હો કાંઈ મ કરો ઢીલ કે,
અરથી હોયે ઉતાવલા, મત રાખો હો અમશું અડખીલ કે. શ્રી. ૨૦

મન માન્યાને મેળવો, આવા સ્થાને હો કોઈ ન મલે મિત્ર કે,
અંતર જામી મિલ્યા પછી, કિમ ચાલે હો રંગ લાગ્યો મજીઠ કે. શ્રી ૨૧

ઋષભજી સિદ્ધિ વધુ વર્યા, ચાંદલીયા હો તે દેઉલ દેખાડ કે,
ભલે ભાવે વાંદી કરી, માગું મુક્તિના હો મુજ બાર ઉઘાડ કે. શ્રી. ૨૨

અષ્ટાપદની જાતરા, ફલ પામે હો ભાવે ભણે ભાસ કે,
શ્રી ભાવવિજય ઉવજઝાયનો, ભાણ ભાખે હો ફલે સઘલી આસ કે. શ્રી.૨૩

## ૨

(ચાર શરણ નિત્ય ધ્યાઈએ, એ દેશી)

અષ્ટાપદ આદિ જિણંદ, દર્શનચિત હુલસાય મેરે લાલ,
અતીશય લબ્ધીકો નહી, દર્શન કેમ કરી થાય મેરે લાલ, અષ્ટાપદ. ૧ એ આંકણી.

પાંખ નથી આવું ઉડી, દેવ તણી નથી સહાય મેરે લાલ,
વિદ્યાધર મલે નહી, મન મારૂં અકુલાય મેરે લાલ. અષ્ટાપદ. ૨

ભરતે ભરાવ્યા બિંબ ત્યાં, ચોવીસ જિન નિજકાય મેરે લાલ,
વર્ણવર્ણ મેં થાપીયા, ચાર આઠ દશ ને દોય મેરે લાલ. અષ્ટાપદ. ૩,

જન્મ સફળ થાય માહરો, જો પુજું પ્રભુના પાય મેરે લાલ,
ગૌતમ અષ્ટાપદ ચડયા, લબ્ધીવંત કહાય મેરે લાલ. અષ્ટાપદ. ૪.

શકતી નથી સેવક તણી, કિમ કરી આવું હું હજુર મેરે લાલ,
વિજય કલ્યાણસૂરી તણો, દુર્લભવિજય ગુણ ગાય મેરે લાલ. અષ્ટાપદ. ૫

## ૩

(ગરબાની દેશી)

અષ્ટાપદ આદિજિણંદજી, દર્શન ચિત્ત હુલસાય સાહેબ સાંભળજો !
અતિશય લબ્ધિ કોઈ નથીજી, દર્શન કિમ કરિ થાય સાહેબ. ॥૧॥

પાંખ નહીં આવું ઉડીજી, સુરની નહીં પણ સહાય સાહેબ. ॥
વિદ્યાધર મલતા નથીજી, મન મારું અકુલાય સાહેબ. ॥૨॥

ગજવર મન રેવા વસેજી, વાછરડા મન માય સાહેબ.
ચાતક ચાહે મેહલોજી, મન મારું જિનરાય સાહેબ. ॥૩॥

ભરત બનાવ્યા રત્નાનાજી, તીર્થંકર સમકાય સાહેબ ॥
નિજ નિજ વર્ણે થાપિયાજી, બિંબ ભલા જિનરાય સાહેબ. ॥૪॥

ચાર આઠ દશ દોય છેજી, વંદન મન લલચાય સાહેબ. ॥
જન્મ સફલ છે તેહનોજી, પૂજે પ્રભુના પાય સાહેબ. ॥૫॥

વીર જિનંદ પ્રભુ એકદાજી, ભાષે પર્ષદામાય સાહેબ. ॥
ભૂચર નિજલબ્ધે કરેજી, યાત્રા ઉપર જાય સાહેબ. ॥૫॥

તિણભવ મુક્તિ તે વરેજી, એમાં શંકા ન કાંય સાહેબ. ॥
સાંભલી ગૌતમ આવીયાજી, વાંદે મન વચકાય સાહેબ ॥૭॥

પંદરસો તાપસ તપેજી, દેખી મન હર્ષાય સાહેબ. ।।
ગૌતમને ગુરુ થાપીએજી, સહુના મનમાં ભાય સાહેબ. ।।૮।।

દીક્ષા લઈ ગુરુ થાપિયાજી, ગૌતમ મહામુનિરાય સાહેબ. ।।
વીરવંદનને આવતાજી, કેવલ જ્ઞાન ઉપાય સાહેબ. ।।૯।।

એમ અનેક સિદ્ધ થયાજી, આઠે કર્મ ખપાય સાહેબ. ।।
સાદિ અનંત પદવી વરીજી, પુનરાગમન મિટાય સાહેબ. ।।૧૦।।

શક્તિ નથી આવવાતણીજી, ભક્તિ વિશે ગુણગાય સાહેબ. ।।
આતમ લક્ષ્મી આપજોજી, વલ્લભ શિવ સુખ થાય સાહેબ. ।।૧૧।।

## ૪

(કુંવર ગભારો નજરે દેખતાંજી -એ દેશી)

ચઉ અઠ દસ દોય વંદીએજી, વર્તમાન જગદીશ રે ।।
અષ્ટાપદગિરિ ઉપરેજી, નમતાં વાધે જગીશ રે ।।
ભરત ભરતપતિ જિનમુખેજી, ઉચ્ચરીયાં વ્રત બાર રે ।।
દર્શનશુદ્ધિને કારણેજી ચોવીશ પ્રભુનો વિહાર રે ।।ચઉ.।।૧।।

ઉંચપણે કોસ તિગ કહ્યુંજી, યોજન એક વિસ્તાર રે ।।
નિજ નિજ માન પ્રમાણ ભરાવીયાંજી, બિંબ સ્વ પર ઉપગાર રે ।।ચઉ.।।૨।।

અજિતાદિક ચઉ દાહિણેજી, પશ્ચિમે પડિમા આઠ રે ।।
અનંત આદે દશ ઉત્તરેજી, પૂરવે રિષભ વીર પાઠ રે ।।ચઉ.।।૩।।

રિષભ અજિત પૂર્વે રહ્યાજી, એ પણ આગમ પાઠ રે ।।
આત્મશકતે કરે જાતરાજી, તે ભવિમુક્તિ વરે હણી આઠ રે ।।ચઉ.।।૪।।

દેખો અચંબો શ્રી સિદ્ધાચળેજી, હુઆ અસંખ્ય ઉદ્ધાર રે ।।
આજ દિને પણ એણે ગિરિજી, ઝગમગ ચૈત્ય ઉદાર રે ।।ચઉ.।।૫।।

રહેશે ઉત્સર્પિણી લગેજી, દેવમહિમા ગુણ દાખ રે ।।
સિંહ નિષદ્યાદિક થિરપણેજી, વસુદેવહિંડીની શાખ રે ।।ચઉ.।।૬।।

કેવળી જિનમુખ મેં સુણ્યુંજી, એણે વિધે પાઠ પઢાય રે ।।
શ્રી શુભવીર વચન રસેજી, ગયા રિખવ શિવ ઠાય રે ।।ચઉ.।।૭।।

## ૫

અષ્ટાપદ ગિરિ યાત્રા કરણહું; રાવણ પ્રતિહરિ આયા;
પુષ્પક નામે વિમાને બેસી, મંદોદરી સુહાયા. ૧

શ્રી જિન પુજી લાલ, સમક્તિ નિર્મલ કીજે,
નયણે નિરખી હો લાલ, નરભવ સફલો કીજે,
હૈયડે હરખી લાલ, સમતા સંગ કરીજે, આંકણી.
ચઉમુખ ચઉગતિ હરણ પ્રાસાદે, ચઉવીસે જિન બેઠા;
ચઉદશિ સિંહાસન સમનાસા, પૂરવ દિસિ દોય જિટ્ઠા. શ્રી. ૨

સંભવ આદે દક્ષિણ ચારે, પશ્ચિમ આઠ સુષાસા;
ધમ; આદિ ઉત્તરદિશિ જાણો, એવંજિન ચઉવીસા. શ્રી. ૩

બેઠા સિંહ તણે આકારે, જિણહર ભરતે કીધાં;
રયણ બિંબ મૂરતિ થાપીને, જગ જશવાદ પ્રસિદ્ધા. શ્રી. ૪

કરે મંદોદરી રાણી નાટક, રાવણ તાંત બજાવે;
માદલ વીણા તાલ તંબુરો, પગરવ ઠમ ઠમકાવે. શ્રી. ૫

ભક્તિ ભાવે એમ નાટક કરતાં, ત્રુટી તંતી વિચાલે;
સાંધી આપ નસા નિજ કરની, લઘુ કલાશુ તતકાલે. શ્રી. ૬

દ્રવ્ય ભાવશું ભક્તિ ન ખંડી, તો અક્ષય પદ સાધ્યું;
સમક્તિ સુરતરૂ ફલ પામીને; તીર્થંકર પદ બાંધ્યું. શ્રી. ૭

એણિપરે ભવિજન જે આગે, બહુ પરે ભાવના ભાવે;
જ્ઞાનવિમલ ગુણ તેહના અહનિશા, સુરનર નાયક ગાવે. શ્રી. ૮

## 3

# ॥ ઋષભની શોભા હું શી કહું ? ॥

### કવિ ધનપાલ દ્વારા પ્રાકૃત ભાષામાં રચિત તથા
### મુનિશ્રી ધુરંધરવિજયજી દ્વારા અનુવાદિત ભાવભીની પ્રથમ તીર્થંકર-સ્તવના

बालत्तणिंमि सामिय, सुमेरूसिहरंमि कणयकलसेहिं ।
तिअसासुरेहिं न्हविओ, ते धन्ना जेहिं दिट्ठोसि ।।१।।

જે જન્મસમયે મેરુગિરિની સ્વર્ણરંગી ટોચ પર, લઇ જઇ તમોને દેવને દાનવગણો ભાવે સભર;
ક્રોડો કનક કળશો વડે કરતા મહા અભિષેકને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧

तिअसिंदकयविवाहो, देवी सुमंगला सुनंदाए ।
नवकंकणो सि सामिअ, ते धन्ना जेहिं दिट्ठोसि ।।२।।

સોહામણી સુમંગલાને વળી સુનંદા સાથમાં, ચતુરાઇથી ચોરી રચી ઇન્દ્રે કરેલ વિવાહમાં;
મીંઢોળબંધા વર બની શોભી રહ્યાતા જે સમે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૨

रायाभिसेयकाले, विणीयनगरीइ तिअसलोगंमि ।
न्हविओ मिहुणनरेहिं, ते धन्ना जेहिं दिट्ठोसि ।।३।।

નગરી વિનીતામાં સુરો રાજ્યભિષેક રુડો કરે, થાપે તમોને સ્વર્ણના સિંહાસને તે અવસરે;
વિનયી યુગલિયા માત્ર અંગૂઠે કરે અભિષેકને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૩

दाणं दाऊण पुणो, रज्जं चइऊण जगगुरू पढमो ।
निक्खमणमहिमकाले, ते धन्ना जेहिं दिट्ठोसि ।।४।।

દઇ દાન સંવત્સર લગી દારિદ્રય જગનું સંહર્યું, ને જગતગુરુ તે વિશ્વનું સામ્રાજ્ય પળમાં પરહર્યું;
સંસારથી નિષ્ક્રમણ કેરો પ્રથમ ભવ્ય પ્રસંગ તે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે. ૪

सिबिअविमाणारूढो, जईआ तं नाह दिक्खसमयंमि ।
पत्तो सिद्धत्थवणं, ते धन्ना जेहिं दिट्ठोसि ।।५।।

રે દેવ-દેવેન્દ્રો નરેન્દ્રોએ વહન જેને કરી, થઇ દિવ્ય શિબિકારુઢ ચાલ્યા સમય સંયમનો કળી;
સિદ્ધાર્થ વનમાં સર્વત્યાગ કરી રહ્યા'તા જે સમે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૫

काउण य चउमुट्ठिं, लोयं भयवं पि सक्कवयणेणं ।
वाससहस्सं विहरइ, ते धन्ना जेहिं दिट्ठोसि ।।६।।

ત્યાં લોચની વેળા વચન જે ઇન્દ્ર દેવે ઉચ્ચર્યા, તેથી કર્યો ચઉમુષ્ટિ લોચ પછી મહાવ્રત આદર્યા;
ને વર્ષે એક સહસ્ર કીધો નિત્ય પાદ વિહારને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૬

रंजंतो वणराई, कंचणवन्नेण नाह देहेण ।
धन्नाई मयकुलाइं, ते धन्ना जेहिं दिट्ठोसि ।।७।।

કાયા તમારી કનકવરણી, તેજપુંજ વિખેરતી, વનરાઇ પૂર્ણ વિહારપથની તેથી રંગાઇ જતી;
તે દશ્યના સાક્ષી મૃગોના વૃંદ પણ અતિ ધન્ય છે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૭

नमिविनमी रायाणो, तह पयपउमंमि नाहमल्लीणा ।
पत्ता वंछियरिद्धिं, ते धन्ना जेहिं दिट्ठोसि ।।८।।

બે ભાઇ નમિ ને વિનમિએ તુજ ચરણરુપી પદ્મમાં, થઇ લીન કીધી સેવના કેવી ગજબ વન ભોમમાં;
કે સર્વ વાંછિત રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થઇતી એમને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૮

गयपुर सेयंसराइणो, पढमदिन्नपारणए ।
इक्खुरसं विहरंतो, ते धन्ना जेहिं दिट्ठोसि ।।९।।

સોહામણું તે હસ્તિનાપુર નગર પહેલા પારણે, જ્યાં આપ જઇ ઊભા હતા, શ્રેયાંસનૃપને બારણે;
વહોર્યો હતો ત્યાં ઇક્ષુરસ કરયુગલ લંબાવી તમે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૯

अध्धतेरसकोडीओ, मुक्का सुरवरेही तुम्हे (ट्ठे) हिं ।
उक्कोसा वसुहारा, ते धन्ना जेहि दिट्ठोसि ।।१०।।

અવસર્પિણીના પ્રથમ એ ભિક્ષાગ્રહણનાં અવસરે, થઇ હરખ ઘેલા દેવગણ ઉત્કૃષ્ટ વસુધારા કરે;
થઇ સાડી બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ આંગણે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૦

छट्ठट्ठ मदसमदुवालसेहिं मासद्धमासखमणेहिं ।
उग्गं तवं तवंतो, ते धन्ना जेहिं दिट्ठोसि ।।११।।

છદ્મસ્થ કાળે છટ્ઠ અટ્ઠમ દશમ દ્વાદશ ભક્તને, પન્નર વળી માસક્ષમણના ઉગ્ર તપ આચારને;
પ્રભુ નિત્ય કરતા'તા ઉમંગે આપ વારંવાર જે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૧

लंबंतबाहुज्जु(जु)यलो, निच्चलकाओ पसन्नचित्तमणो ।
धम्मज्झाणंमि ठिओ, ते धन्ना जेहिं दिट्ठोसि ।।१२।।

એકાંતમાં જ્યારે તમે બે હાથને લાંબા કરી, કાયા કરી થિર ચિત્તને મન સુપ્રસન્નપણે ધરી;
નિષ્કંપ કાયોત્સર્ગમાં ધરતા ધરમના ધ્યાન ને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૨

तह पुरिमतालनयरे, नग्गोहदुमस्स संठिओ हिठ्ठा ।
केवलमहिमा गहिओ, ते धन्ना जेहिं दिट्ठोसि ।।१३।।

રુડી અહો તે પુરિમતાલ પુરી અયોધ્યાનું પરું, રુડો હજારો ડાળથી તે વિસ્તરેલો વટતરુ;
જ્યાં ધ્યાનની ધૂણી ધખાવી વર્યા કેવળજ્ઞાનને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૩

पउमेसु ठविअचलणो, बोहंतो भविअकमलसंडाइ ।
सामिअ तेच्चिअ धन्ना, ते धन्ना जेहिं दिट्ठोसि ।।१४।।

નવ કનક કમળે પાય ઠવતાં વિચરતાં પૃથ્વીતળે, તું ભવ્ય રુપી કમળવનને ખીલવે પ્રવચનબળે;
તુજ દેશનાથી જે થયા પ્રતિબુદ્ધ તે અતિધન્ય છે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૪

तिअसासुरमज्झगओ, कंचणपीढंमि संठिंओ नाह !
धम्मं वागरमाणो, ते धन्ना जेहिं दिट्ठोसि ।।१५।।

હે ત્રણ ભુવનના નાથ બેસી સ્વર્ણના સિંહાસને, સુર અસુર કેરી પર્ષદાથી વીંટળાઇ તે ક્ષણે;
દેતા અપૂરવ ધર્મ કેરી દેશનાને આપ જે; ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૫

ते धन्ना कयपुन्ना, जेहिं जिणो वंदिओ तया काले ।
केवल (ल्ल?) नाणसमये, ते धन्ना जेहि दिट्ठोसि ।।१६।।

જે વંદનીય બન્યા નિરંતર દેવતાના વૃન્દથી, કૈવલ્ય પામ્યા બાદ તેવા નાથને બહુ ભાવથી;
જેણે કર્યા વંદન અહો તે ધન્ય છે કૃત્યપુણ્ય છે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૬

धन्नेहिं तुमं दीससि, नविअ अहन्नेहिं अकय पुन्नेहिं ।
तुह दंसणरहियाणं, निरत्थयं माणुसं जम्म ।।१७।।

જે ધન્ય છે તેને જ તારું દિવ્યદર્શન સાંપડે, રે પુણ્યહીન અભાગિયાની નજરમાં તું ના પડે;
તેનો જનમ નિષ્ફળ ગયો જેણે નિહાળ્યો ના તને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૭

मिच्छत्ततिमिरवामोहिअंमि, जयनाह तिहुअणे सयले ।
उम्मीलीऊण नयणे, ते धन्ना जेहिं दिट्ठोसि ।।१८।।

મિથ્યાત્વ કેરું ઘોર અંધારું છવાયું વિશ્વમાં, વ્યામૂઢ થયું ત્રણ ભુવન પૂરું મોહના અતિજોશમાં;
હે ત્રણ ભુવનના નાથ ખોલી મોહ ઘેલી આંખને, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૮

अट्ठावयंमि सेले, चउदसभत्तेण मुक्खमणुपत्तो ।
दसहि सहस्सेहि समं, ते धन्ना जेहिं दिट्ठोसि ।।१९ ।।

રજતાદ્રિના શિખરે બની આરુઢ પર્યંકાસને, દસ સહસ મુનિવર વૃંદ સાથે તું લહ્યો નિર્વાણને;
પચખાણ ચઉદશ ભક્તનું પચખ્યું હતું સહુએ તમે, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૧૯

इअचवण-जम्म-निक्खमण-नाण-निव्वाणकालसमयंमि।
भतिब्भर निब्भरेहिं, ते धन्ना जेहिं दिट्ठोसि ।।२०।।

તુજ ચ્યવન, જન્મ, વ્રતગ્રહણ કૈવલ્ય મુકિત અવસરે, જે દેવતાઓ પંચ કલ્યાણક તણા ઓચ્છવ કરે;
તેમાં ભળી ઉરના ઉછળતા ભક્તિ ભાવે આર્દ્ર થૈ, ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.૨૦

दढ-मूढ-अयाणेण, भत्तिए संथुओ सया भयवं ।
तं कुणसु नाभिनंदण !, पुणो वि जिणसासणे बोहीं (हिं) ।।२१।।

અતિમૂઢ ને અજ્ઞાનથી પરિપૂર્ણ છું તોયે વિભો ! બહુ ભકિતભાવે આપની સ્તવના કરી છે મેં પ્રભો!;
તો ત્રિજગવંદન નાભિનંદન એટલી કરજો હવે, કરુણા તમારું દિવ્યશાસન પ્રાપ્ત થાય ભવોભવે.૨૧

# 4

# ॥ श्री अष्टापद तीर्थ की आरती ॥

चौबीस जिनेश्वर आरती कीजे
मन वांछित फल शिव सुख लीजे....(1)

चौबीस जिनेश्वर मूरत भराई
भरत महाराजे अष्टापदजी (2)

गुरु गौतम की महिमा न्यारी,
अनन्त लब्धि के गुरु भंडारी (3)

जो जन नित उठ गौतम ध्यावें
रोग शोक नही कभी संतावे (4)

रावण नृप ने भक्ति करके,
गोत्र तीर्थंकर यहाँ बांधा रे (5)

सहज सरल और शुभ भाव सें
भक्ति करे जो मुक्ति पावे. (6)

तीरथ तिरने का स्थल रे, आरती गावें 'मयूर' भाव से

## ।। अष्टापदजी मंगल दीवो ।।

दीवो रे दीवो प्रभु मंगलिक दीवो ।
प्रभु भक्ति मां बहु लावो ।
जो जन भक्ति करे, बहु भावे ।
मुक्ति पूरी नो पंथ वो पावे ।
मंगल चतुर्विध संघ नो थावे ।
ऐवी भावना सहुऐ भावे ।
अष्टापदजी जिन चौबीस आरती उतारे राजा कुमारपाल बिराजे
आरती उतारे राजा भरत महाराजे
हिल मिल सहु प्रभु चरणे आये
कनक संग सहु दीवो गावे.....दीवो रे दीवो प्रभु मंगलिक दीवो ।।

*Chapter 6*

# *Jain Center of America Inc., New York*

## શાંતિ-કુંથુ-અરનાથ જિન વંદના...

सिरिसंतिनाहजिणवर ! अइरादेवीवरंगओ भवसु ।
निववीससेणकुलणह- चंदो ! भवियाण संतिगरो ।।१६।।

વિશ્વસેન રાજાના કુળમાં આભૂષણ રૂપ અને અચિરા દેવીના પુત્ર-હે **શાંતિનાથ ભગવાન્** ! તમે અમારા કર્મની શાંતિને માટે થાઓ. ૧૬

सिरिकुंथुनाह ! भयवं ! सूरनरिंदकुलगयणतिमिरारी !
सिरिजणणी- कुक्खिमणी !, जएसु उम्महियमयणमओ ।।१७।।

શૂર રાજાના વંશરૂપ આકાશમાં સૂર્ય સમાન, શ્રીદેવીના ઉદરથી ઉત્પન્ન થયેલા અને કામદેવનું ઉન્મથન કરનારા-હે જગત્પતિ **કુંથુનાથ** ! તમે જય પામો. ૧૭

देवीमाणसहंसो, सुदंसणनरिंदचित्तघणमोरो ।
तित्थयरो अरणाहो, देउ मम भवुत्तरणवरयं ।।१८।।

સુદર્શન રાજાના પુત્ર અને દેવી માતારૂપ શરદ લક્ષ્મીમાં કુમુદ સમાન એવા હે **અરનાથ** ! તમે મને સંસાર તરવા રૂપ વૈભવને આપો. ૧૮

# JAIN CENTER OF AMERICA INC., NEW YORK



## We Believe in Truth and Non-Violence

## MILESTONES

### Important Dates and Events in JCA History

| | |
|---|---|
| **1981** | 43-11 Ithaca Street, Elmhurst, NY property purchased. |
| **1982** | Shri Mahavir Swami Mulnayak Idol installed in the building. |
| **2000** | Decided to construct a new building. Planning and permission process started. City Permission granted. |
| **2001** | Uthapan Ceremony of Mulnayak Idol, followed by demolition of old temple building. |
| **2002** | Bhoomi Poojan Ceremony followed by Shila Ropan / Shila Sthapana |
| **2004** | Panch Kalyanak (Pran Pratishtha) performed in Agra, India. |
| **2004** | Anjanshalaka (Pran Pratishtha) performed in Surat, India |
| **2004** | Key Handover Ceremony – On behalf of Jain Community of Diamond and Colorstone Industry, keys were handed over to the Chairman, J.C.A. |
| **2005** | Opening Ceremony of 1) Building 2) Upashraya 3) Library 4) Bhojanshala 5) Art Gallery in May, Pratishtha Ceremonies were performed by all traditions in June. |

Making of a Temple Building – A Dream Come True

What Mind can Conceive – Man can Achieve

Collection of Literature – A look in the Past

Research for Lost Tirth – A look in the Future

Ratna Mandir – A New Concept

Making of a Model – A creation

24 Idols – Carved in Gemstones

Asht Pratiharya Design – Carving in Crystal

Shri Ashtapad Maha Tirth – A History Making Event

A Ten Year Story – As told in Gemstones

Pictorial Guide – Living a Jain Way of Life

Dedicated to All – Who follow Principles and Practice Jainism

Jain Center of America Inc. – A Unity in Diversity

**WE BELIEVE IN TRUTH AND NON-VIOLENCE**

## BLESSINGS FROM SHRI MAHAVIR SWAMI



An Enigmatic Figure
View from all angles




Building Model


## TEACHINGS OF MAHAVIRA

- Live and let live. Love all and serve all. Where there is Love there is Life.
- Know thyself, recognize thyself, be immersed in thyself – you will attain Godhood.
- Desire, like the sky, is endless.
- Essential nature of a thing is called Dharma.
- Destroy anger through calmness, overcome ego by modesty, discard deceit by straight forwardness, and defeat greed by contentment.
- "Parasparopagraho Jivanam" – All Souls influence each other. They live interdependently
- "Samyag-darshana-jnana-charitrani Mokshamargah" – Goal of life is liberation.
- The doctrine of multiplicity of viewpoints (Anekanta Vad) means acceptance of all viewpoints.

## ART IN 3-D

## INFORMATION WALL - VARIOUS FLOOR DETAILS




## A UNITY IN DIVERSITY

# JAIN CENTER OF AMERICA INC., NEW YORK

## CENTER FOR RELIGIOUS ACTIVITIES FOR JAINS

The new Jain Center proposal includes a four-story temple building with cellar and parking facility. The blueprint reflects an architectural design addressing the multiple requirements of Jain community. This building closely resembles the true essence of religious temple construction where architecture and religion embrace one another creating a truly sacred space. Within the same walls, places are allotted for religious gatherings, education, dining, residence etc. Along with the spiritual and social aspect, this temple is fully equipped with the latest technology for future generations.

### General:

- Total height of the building with kalash is 66'- 5". Rising from the 3rd floor, the Shikhar is 26'-9" high and Kalash is 2'- 9" high.
- The building has a 3' wide landscaped garden at the front with a small fence for protection. In the rear of the building there is 60' x 75' (4500 sq. ft.) space for parking - 30' x 65' is covered and 30' x 75' is open. There is 8'.8" wide driveway on the right side.
- Building has centralized heating, air-conditioning, communication and security systems.
- Total construction area is 16623-sq. ft. (four stories with a cellar).
- Each floor has 2 sets of stairs and one elevator. Public facilities are provided on 1st & 4th floor.
- Stairs lead into lobbies A & B on either side of the temple and are decorated with various Jain themes - A Pictorial Guide to Jainism.
- A full set of glass windows in the back provides plenty of natural light on upper floors.

### Cellar - Ht. 8'-8"Area 2350 sq.ft.

- A 1000 sq. ft. (40'x25') multipurpose hall (youth center) with a capacity for 65 people.
- Walls enclosing the Hall decorated with artwork, turning it into a mobile art gallery.
- Tables along the wall will serve the purpose of art object display.
- Hall is equipped with audio-visual technology for theatrical requirements.
- Amenities include: Children's room, Computer Area and various utilities.

### First Floor –A (Hall) Ht.8'.2"/9' Area 2350 sq.ft. B (Parking) 8': Area 4000 sq.ft.

- Public entry is from Ithaca Street and another one - the main entry is from the rear through the parking lot.
- Street level parking is in the rear for 11 cars, including handicap parking.
- An 860 (26'x34') sq.ft. Reception area serves as a Welcome Center/ Senior Center with a small office including security, a gift shop and public facilities
- Bhomiyaji idol is located at the back entry vestibule where two elephants and dwarpal, artistically carved on marble panel will welcome all.
- On the walls we have Building information, Shilalekh, Bulletin Boards, Welcome, 3-D image, building model and etc.
- Amenities include: Coat and shoe rooms, rest rooms, T.V. Screen, Public Address System, etc.

### Second Floor – A(Temple) Ht.14'.8" Area 870 sq.ft. B(Upashraya) 12'.10": area 1850 sq.ft.

- Entrance onto the second floor is through two lobbies A & B: 8 x 35 = 280 sq ft, leading into the temple.
- Rang Mandap is 870 sq.feet (25'-8" x 34'-5") inviting devotees into the temple and announcing the Garbha Griha. Marble flooring is provided with radiant heating.
- The main Garbha Griha size is 7'-7"x 10'-7". It has a Samran style Ghummat, Kalash & Dhaja. On Pabasan, there is Shri Mahavir Swamiji's idol as Mulnayak along with two idols by the side which are of Shri Neminathji and Shri Sambhavnathji as per name JCA & place NY City.

- Adjacent small shrines house Shri Parshwanathji in black stone and Shri Shantinathji (Panch Dhatu-Metal), both in sitting posture. Both have open Gabhara and Ghummat with Kalash.
- Behind the main shrine, in the walk around area (Bhamati) is Shri Adinathji Choumukhi.
- Rang Mandap walls are decorated with artistic pilasters. In between these pilasters there are 10 Gokhalas with statues of various Devi-Devtas and various PATS & Paintings for Darshan.
- Adjacent to but separate from the temple Rang mandap, there is another sacred space, Upashraya - Lecture Hall-1850 sq.ft. (28'x65') Ht.12'- 10", with a capacity to hold 250 people. A folding wood and glass partition between the temple and Upashraya allows the spaces to be joined for larger gatherings and still provide full light to temple area. It has wooden flooring.
- Navkar Mantra is depicted in a niche on the east wall carved in crystal with inlay in gemstones.
- Amenities include: Chandan room and separate Shower Rooms for Men & Women.

***Third Floor: A(Temple) Ht. 11'.2" Area 780 sq.ft. B(Shrimadji & Library) 9'.6" Area 930 sq.ft.:***

- Main lobby A leads into the Rang Mandap-680 sq.ft. (25.5'x 26.5') This houses a second sacred space with main Garbha Griha 5'-5"x7'-1"dedicated to Shri Adinathji. Two idols by the side are of Shri Padma Prabhuji and Shri Chandra Prabhuji. Adjacent shrines are dedicated to standing idols of Shri Parshwanathji & Shri Bahubaliji carved in black and pink marble.
- Rang Mandap walls has 5 Gokhalas on side and 4 flat Gokhalas on north wall.
- Adjacent but separated by a Hall Way is the 500-sq. ft. (23.7'x21.3') Meditation Hall, a smaller Dhyan Mandir, dedicated to Shrimad Rajchandra. It has facilities for Samayak, Pratikraman, Swadhyay Sadhana and Bhakti Bhavana. Adjacent to it is a 430-sq. ft. (18'-3"x23'-7") Library (Gyan Mandir), separated by a folding partition. This joint space can be used for education and deliberation purposes; like Shibirs, pathshala, swadhyay and conferences.
- JCA office is located in the apartment. It is fully furnished and equipped with latest technology.
- One residential unit is for caretaker and another one for visiting scholars.
- Hallway and Lobby walls are decorated with artwork (a pictorial guide) depicting Jain Themes.

***Fourth Floor – A - Dadawadi, Ht. 11'.1"Area 375 sq.ft. B - Dining, 9'.5"Area 1200 sq.ft.:***

- 26'-9" high Shikhar with a Kalash 2'-9"on the top is rising from the third floor temple. Its design is based on Jain architecture. Two smaller Shikhar flank on the either side.
- Dadawadi is 375 sq.ft. (15'x25'). It houses Shri Jin Kushal Suri Gurudev idol & charan
- It has a roof garden between Dadawadi & Shikhar.
- Shri Ashthapad Tirth is located on the 4th floor in the Dadawadi area.
- Adjacent but separated by a partition wall is the 1200 sq. ft. (29'x 41') Dining Hall (Bhojan Shala and Ayambil Shala). This accommodates 96 people with table and chair seating.
- Amenities include Kitchen 360sq.ft. (17'x21'), Storage, Drinking water-fountains & Rest rooms


*Theme:*

During the planning of this project, careful attention has been given to facilitate easy access and exit of large groups of people. Particular themes-linked closely to the philosophy of Jainism- are poignantly viewed, through painting, sculpture or narrative remarks, on the empty walls throughout the building (five lobbies and five halls). Since temples/upashraya are meant to stir the inner soul of each devotee, this idea of decorating the walls with Jain themes evokes a greater spirituality, consciousness and awareness for all; this Jain Center aims to absorb the mind, soul and body of every worshipper that comes to its doorstep. We have abided by civic regulations and spiritual guidance in constructing this center for Jains.

**JAI JINENDRA**

# Floor Details

## Cellar




- Height. 8’ - 8”
- Area 2350 sq. ft.
- Elevator
- 2 Set of Stairs
- Various Utilities
- Multipurpose hall
  1000 sq.ft.- 65 people
- Youth Center
- Computer Area
- Art Gallery
- Mini Theatre
- Children’s Room




BHOMIAJI




Live and Let Live
Jain Chinh





## First Floor




- Height. 8' - 2" & 9'
- Area 2350 sq. ft.
- Drive-way to 11 -car Parking lot
- Handicap Parking
- Front & Back entrance
- Coat & Shoe Rooms
- Rest Rooms
- Reception Hall 860 sq.ft
- Welcome Center
- Small office, including
  security and gift shop
- Shri Bhomiaji
- Jain Chinh / 3-D Image
- Senior Citizen Center
- T.V. Screen & Public
  Address System
- Information wall
- Shilalekh
- Bulletin Boards

## Second Floor





### Lecture Hall/ Sthanak

Ht. 12'–10"
Area 1850 sq. ft.
(169 people)
A folding partition
to temple
Wall Niche-Navkar Mantra
Provision for Stage with
audio visual facilities

### Mahavir Swami Temple

Ht. 14'–8" / Area 870 sq. ft. (52 people)
Entrance through two lobbies – 280 sq. ft.
Main Garbhagruha with Ghummat, Kalash & Dhwaja
Mahavir Swami main idol with
Neminath & Sambhavnath on side
A small Chovisi on the wall inside the Gabhara
Parshwanath & Shantinath (Gokhalas on sides)
Bhamati for Parikrama & Adinath Chomukhi
10 Dev Devi Gokhalas, various PATS & Art Work
Chandan Room / Shower Rooms

## Third Floor





**Meditation Hall**
Height. 9' – 6" area 500 sq. ft.
dedicated to Shrimad Rajchandra
Facilities for Samayik, Pratikraman, Bhakti & Sadhana
A folding partition to Library


**Library** 430 sq. ft. (Total area 930 sq.ft)
Lobby & Hallway walls contain artwork
Scholar's Room - for Sadhus, Sadhvis & Scholars.
Residential Unit: for Caretaker
APT - J.C.A. Office

**Adinath Temple**
Height 11'-2" / Area 780 sq. ft. (41 people)
Main Garbhagruha with 3 Shikhars, Kalash & Dhwaja dedicated to Adinath, Padma Prabhu and Chandra Prabhu
Gokhalas have Mahavir Swami & Shantinath Idol, Jin Vani, Panch Meru, Om Rhim
Parshwanath & Bahubali on sides (Standing)
10 Laxana and 12 Bhavna








## Fourth Floor




### Dining Hall

- Height 9 '- 5"
- Area 1200 sq. ft.
- Accommodation
- 100 people
- Bhojan Shala and Ayambil Shala
- Kitchen & Storage
- Drinking Water – Fountains
- Public Facilities
- A folding partition to Dadawadi

### Dadawadi

- Height on sides: 11' - 1"
- Skylight Ht. 15 '– 7"
- W. 6' L. 25'
- Area 375 Sq. Feet
- Shri Guru-Mandir
- Roof Garden & Shikhar

### Ashtapad Tirth

- Ht. – 13.1' W. - 14'.7"
- D. - 5'.1" Area- 105 sq.ft.
- Shri Chovisi
- Glass-Panel wall in front.





Model #3 W 3' X Ht 3'

## A WORD ABOUT ART WORK

- Jainism is a way of life and an art of living.
- Its rich heritage of art work has been an inspiration to us and to all.
- Jain literature is vast and deals with all subjects.
- Jain principles exhibited here are in close adherence with Jain scriptures.
- Jain practices are presented with simple explanations along with pictures.
- Practicing religion with understanding will guide one on the right path to spiritual peace.
- All major traditions are represented here. A unity in diversity.
- We have tried to encompass many aspects of our heritage in a limited space.
- This artwork is for everyone - young and old, Jain and non-Jain, present generation and generations to come.

## ART WORK - GENERAL

- The art work is divided in various categories- see page 32 for Artwork by Code details.
- Detailed charts for exhibits in the temple, halls, lobbies & stairs are given on page 5, 6, & 7.
- Visit all floors of the temple to see original Paintings, Marble Pats, and Silver Panels which were made by many artists and artisans in India.
- Be sure to visit the library on the third floor to learn more about Jainism.
- Pictures have been collected from many different sources but we have not been able to get permission from each and everyone. Nonetheless we want to thank all of them.
- Pictorial Guide (consists of 500+ posters, paintings, PATs & panels) is available on DVD.
- Two DVDs containing 3000+ general pictures collected code-wise for artwork are available.
- If there are any errors, please bring them to our attention. We wish to make due corrections.
- Suggestions are welcome.
- Our sincere thanks to all, who have helped in this project.

## JAI JINENDRA